સૌરાષ્ટ્ર ચિન્તામણિ.

અથવા

સાઠ વર્ષનું કાઠિયાવાડ.

લેખક તથા પ્રકાશક.

શેઠ વલ્લભદાસ પોપટભાઇ, મહુવાકર.

સુબોધ ચિન્તામણિ, દૃષ્ટાન્ત ચિન્તામણિ, મહામારી વર્ણન

માહેશ્વર વિરહ, ઇત્યાદિના કર્ત્તા.

ડેપ્યુટી વહીવટદાર, સંસ્થાન—ભાવનગર.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

સંવત્ ૧૯૭૦. સને ૧૯૧૪.

કીંમત રૂ. ૦-૮-૦

અમદાવાદ.

ટંકશાળમાં ધી—અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની
લીમીટેડમાં મોતીલાલ સાંમળદાસે છાપી.

ભાલુભાઈ કહાનદાસ મણિયાર ભાવનગરવાળા.



જેઓએ લેખક, વક્તા, રિપોર્ટર, એડિટર અને છાપખાનાના માલેક તરીકે મુંબઈમાં જીંદગી ભોગવી ભાવનગર સંસ્થાનમાં પણ સર્વથી પહેલું છાપખાનું ઉઘાડ્યું હતું. ભાવનગરના વેપારી છાપખાના તેમનાજ પુરૂષાર્થને આભારી છે. કોટન પ્રેસના મેનેજર, બેંકના કેશિયર, ડિરેક્ટર, અને મેનેજીંગ એજંટ થવા સાથે તેમને પાલનપુર, જુનાગઢ, લીમડી, વિગેરે અને મેવાડના મહારાણાએ પણ સલામનું માન અને પોશાક આપ્યા હતો. પાલનપુરના નવાબસાહેબે સ્નેહપૂર્વક પોતાના એજંટ નિમ્યા છે.

તેમના પુત્ર માનભાઈ હાલ લંડનમાં અભ્યાસ કરે છે.

અર્પણ પત્રિકા.

રા. રા. બાલુભાઇ કહાનદાસ મણીયાર, ભાવનગરવાળા.

પાલનપુર રાજ્યના મુંબાઈ ખાતેના એજન્ટ તથા બૉમ્બે પ્રૉવીન્શ્યલ બેંક
લીમીટેડના ડાઈરેકટર અને મેનેજીંગ એજન્ટ.— **મુંબાઈ.**

રોળાવૃત્ત

બ્હાદુર બાલૂભાઈ—જતાં મુંબઈમાં જીત્યો,
સદ્‌ગુણ સ્વાશ્રય બળે, સમય સંકટમય વીત્યો;
પાલનપુર એજન્ટ, ડિરેક્ટર બેંકતણો તું.
શિશુવયને સંભારી, અતી આભોજ બન્યો હું. ૧
લીલી સૂકી ઘણી–દશા બદલાતી બહુની,
અદ્‌ભુત તવ દષ્ટાન્ત, નજર ખેંચી તેં સહુની;
સાધારણ અભ્યાસ, છતાં ખંતીલો ભારે,
કર્યાં ભાષણો સરસ, ગુંથ્યા ગરવા ગ્રન્થોને. ૨
મોઢું સખાવતી મંન, પુરો પ્રેમી સાહિત્યે,
ગ્રંથ પ્રસિદ્ધિ કાર્ય, કરાવ્યાં કંઈ કંઈ રીતે;
ભાવનગરમાં ભાવ, વસ્યો મહુવામાં થોડું,
થોડું આજ અમૂલ્ય, કવન આ રસમય જોડયું. ૩
સોરઠી સાહીતણું, નવલ સાહિત્ય થયું જે,
તેનો આ ઇતિહાસ, તને અરપું હું પ્રીતે;
પંડિત પરિષદ્ મળી, રાજકોટે પાંસઠમાં,
ત્યાં વાંચ્યો આ લેખ, કરાવી પાસ ઇજિતમાં. ૪
પટણી દેવ[1] પ્રધાન, હિરો સોરઠનો હાજર,
કૃપાદષ્ટિ જલવડે–ઊગ્યું તરૂ આ અવનીપર;
ભાવસિંહજી ભૂપ, ભાવ રાખે ભીતરથી,
આશ્રય છાયા વિષે–વસું ઉત્તેજન બળથી. ૫

---

૧ ઇંદ્રના પ્રધાન બૃહસ્પતિ જેવા.

અનુક્રમણિકા.

ઉપોદ્ઘાત.

આ નિબંધને ઉપોદ્ઘાત કે પ્રસ્તાવનાની શી જરૂર છે ? રાજકોટમાં સાહિત્ય પરિષદ્ની ત્રીજી બેઠક ઈ. સ. ૧૯૦૯ સંવત્ ૧૯૬૫ આખરે થઈ હતી. તે ઉપર વાંચવાના જે નિબંધો માગ્યા હતા તે તપાસવા ગુજરાત સર્વની સર્વમાન્ય સાક્ષર કમિટિ નીમી હતી. તે સાક્ષરોએ જે નિબંધો પરિષદ્માં વાંચવા પાસ કર્યા તે પૈકીનો આ એક નિબંધ છે. સંખ્યાબંધ વિદ્વાનો, રાજાઓ, અમાત્યો, પ્રેક્ષકો, તમામની સમક્ષ આશરે અર્ધો કલાક પરિષદ્માં આ નિબંધ વાંચવામાં આવ્યો હતો. અને તે ત્રીજી સાહિત્ય પરિષદ્નો રિપોર્ટ છપાયો તેમાં થોડા ભાગે દાખલ કરવામાં આવ્યો છે.

કાદંબરીના ભાષાંતર કર્ત્તાના પુત્ર રા. કાંતિલાલ તથા તેમના સ્નેહી રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયા નામે બે યુવક વિદ્વાનો તે પરિષદ્માં મળેલા, અને તેમણે સમાલોચક નામે મુંબઇના સુપ્રસિદ્ધ ત્રિમાસિકમાં આ લેખ દાખલ કરવા પરવાનગી માગેલી જે આપતાં ઈ. સ. ૧૯૧૦ ના અંક ૧–૨–૩ માં તે માસિકમાં આખો આ નિબંધ છપાઈ ગયો છે. અને વાચક વર્ગમાં તે સારી રીતે પસંદ પડયો એમ જાણવામાં આવ્યું છે. તે પછી એક વર્ષનું સાહિત્ય તથા સાદીનું સાહિત્ય વગેરે આ પ્રકારના સબળ લેખો લખવામાં તથા બીજા વિદ્વાનોથી પ્રાસદ્ધ કરવામાં આવ્યા છે.

આ નિબંધમાં ઐતિહાસિક દૃષ્ટિએ ટુંકામાં પશ્ચાદવલોકન કરેલું છે. ઇતિહાસ ઘણી ઘણી જાતના લખાય છે. રાજ્ય વર્ગના, વેપારના,

વિદ્યાના એમ અનેક પ્રકાર ઇતિહાસના છે. કાઠિયાવાડના પ્રાચીન રાજ્યોનો ઇતિહાસ છપાઇ ગયો છે. આમાં વેપાર કે રાજ્ય કે શૂરવીર પરાક્રમી ક્ષત્રીય વીરોનો ઇતિહાસ નથી. આ સાહિત્યનો એટલે માત્ર વિદ્યા વૃદ્ધિનો ઇતિહાસ છે. પ્રાચીન સાહિત્યનો નહિ પણ અર્વાચીન કાઠિયાવાડી ગદ્ય પદ્યના સાહિત્યનો ઇતિહાસ છે. આ ભારતવર્ષમાં સત્તરમા સૈકાથી પશ્ચિમની પ્રજાઓ આવવા લાગી હતી. તેને પરિણામે નામદાર અંગ્રેજ સરકારનું સામ્રાજ્ય સ્થાપન થયેલું છે. પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગથી જે વિદ્યાકળા, કેળવણી, સુધારો સ્થાપન થયાં તેનાથી ઘણાં ઘણાં પરિવર્તનો થયાં છે.

નામદાર અંગ્રેજ સરકારે આ દેશમાં ઈ. સ. ૧૮૫૦, પછી કાઠિયાવાડી કેળવણી ખાતાની સ્થાપના કરી છે. ત્યારથી નવો યુગ શરૂ થયો છે. તેથી આ ઇતિહાસનું નામ સાઠ વર્ષનું કાઠિયાવાડ રાખવામાં આવ્યું છે. લગભગ સાઠ વર્ષની સમગ્ર હકીકતનો આમાં સંગ્રહ કરેલો છે. નવી કેળવણીથી નવા વિદ્વાનો વધ્યા, તેમણે શી શી વિદ્યા વૃદ્ધિની પ્રવૃત્તિ કરી તેની શોધ ખોળ આમાં ચલાવવામાં આવી છે. એટલે દરજ્જે માત્ર આ ઇતિહાસ છે. પછી એ સાહિત્ય પ્રવૃત્તિ વધી પડતાં તેનાં શાં પરિણામ થયાં તેનો વિચાર કરી લેખ પુરો કરવામાં આવ્યો છે. તેમાં મતમતાંતરનો આભાસ થાય છે. જે જે પ્રવૃત્તિ મનુષ્યોએ કરી તેનાં ફળ શાં થયાં તે દૃષ્ટિ સંકોચથી નહિ જોતાં વિશાળ દૃષ્ટિથી જોઈ પુરાવા સાથે તેનું વિવેચન કરવામાં આવ્યું છે.

" વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ " એ રીતે વાદવિવાદથી સારો નિર્ણય થાય છે. પણ આ નિબંધમાં ઐતિહાસિક દૃષ્ટિ જ રાખવામાં આવી છે. તેમ છતાં સુદર્શનકાર જેવા લેખકને ચિંતા થયેલી, તેનું સમાધાન જ્ઞાનસુધા માસિકમાં રાવબહાદુર રમણભાઈ જેવા સમર્થ સા-

ક્ષરે કરેલું છે. વળી પ્રસિદ્ધ સાક્ષર રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયાએ વસંત માસિકમાં રાજકોટ સાહિત્ય પરિષદ્‌ના રીપોર્ટની પહોંચ લખતાં તેમાં આ નિબંધને વખાણ્યો છે. આ લેખકને ખાનગી પત્રદ્વારાએ પણ રા. નરસિંહરાવ લખે છે કે "એ નિબંધ મને બહુ ગમ્યો છે." જાત મેહેનતના ગ્રંથ કર્ત્તા અને પ્રસિદ્ધ વિદ્વાન કેળવણી ખાતાવાળા રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી એક પત્રમાં આ લેખકને લખે છે કે "સાહિત્ય પરિષદ્‌માં તમારો લેખ તમારે જ મુખેથી મેં બહુ ભાવે કરીને સાંભળ્યો. તેનું વિશેષ કારણ તે અમારો કેળવણી ખાતાનો અને કામનો ઈતિહાસ હતો. સમાલોચકમાં તે મેં ધ્યાન આપીને વાંચ્યો હતો. તેની ઉપયોગિતા અને તેનું મૂલ્ય જેટલું મારા મનમાં છે તેના કરતાં વધારે બીજા કોઈના મનમાં નહિ હોય. તે કાઠિયાવાડની કેળવણી અને જ્ઞાન પ્રસારનો ક્રમવાર ઇતિહાસ હોવાથી એક નોંધ તરીકે સંઘરી રાખવા જેવો છે."

આ બે જુના નવા સમર્થ સાક્ષરોએ આ લેખની ઉપર પ્રમાણે ગણના કરેલી છે તેથી વાચક વર્ગને સંતોષ થશે. આ લેખકે ગ્રંથના નામમાં ચિંતામણિ શબ્દ જોડવાની એક **સીરીઝ** રાખી છે. અગાઉનાં કવિનાનાં પુસ્તકોને પણ એ શબ્દ જોડવામાં આવ્યો છે. સમસ્ત ગુજરાત, સુરત અને મુબાઈ તરફના વિદ્વાનો સરસ્વતી સેવનમાં આગળ પડતા છે. તેને મુકાબલે અમારા કાઠિયાવાડમાં સરસ્વતીની પૂજનમાં કેટલો કાળ કેવી રીતે કોણે કોણે ગાળ્યો છે, અને આ અસાર સંસાર ભૂમિકાને કેટલી સારભૂત કરી છે, તે બતાવવાનો આ નિબંધનો હેતુ છે. આ સૌરાષ્ટ્રની સાહીનો જમાનો ટુંકો છતાં એમાંના ઘણા સરસ્વતીભક્તો અચિન્ત્ય કાળને આધીન થઈ અખૂટ નિદ્રામાં નિદ્રિત થઇ ગયા છે! માત્ર તેમનાં કાર્ય સુગન્ધનો પમરાટ આપણાં મગજને તર

બનાવે છે. એવી અપૂર્વ ખુશબોથી ખુશ થઈ તેમનાં કાર્યોની નોંધ કરવાના આપણે તો માત્ર નિમિત્ત બનીએ છીએ.

દેવી ભારતીની ભક્તિનો કોઈ અપૂર્વ રંગ છે. તે રંગમાં જેમનાં મન રંગાઈ ગયાં છે તેમનો આનંદ ઉદધિ અગાધ છે. આપણે તો માત્ર તે ઉદધિને કાંઠે કાંઠે અલ્પ જળ તરંગો નિહાળતે નિહાળતે તેમાં સ્નાન કરીને પાવન થઈએ તો ઘણું છે. આવી સરસ્વતી ભક્તોની ભક્તમાળ ત્રણ ચાર વર્ષ ઉપર લખેલી, તેમાં સંસ્થાન ભાવનગરના માજી દીવાન સાહેબ ઓનરેબલ પ્રભાશંકર દલપતરામ પટણી સી. આઈ. ઈ. ની કૃપા સહાયનું ઉત્તેજન મળવાથી બીજી આવૃત્તિ તરીકે સુધારો વધારો કરી આ નાનો ગ્રન્થ બહાર પાડવામાં આવ્યો છે. દોષ, પ્રમાદ કે વિસ્મરણ માટે સજ્જનો ક્ષમા કરશે.

મહુવા બંદર–કાઠિયાવાડ.
જન્માષ્ટમી, સંવત્ ૧૯૭૦.

ગ્રંથકર્ત્તા

સૌરાષ્ટ્ર ચિન્તામણિ.

અથવા

સાઠ વર્ષનું કાઠિયાવાડ.

પ્રકરણ ૧ લું—પ્રવેશક.

પ્રાચીન કાળમાં આ સૌરાષ્ટ્ર દેશ ઘણી પ્રસિદ્ધિ પામ્યો હતો. શ્રી મહાભારત, શ્રીમદ્ ભાગવત તથા શ્રીમદ્ ભગવદ્ગીતાના નાયક શ્રીકૃષ્ણ ભગવાને આ સૌરાષ્ટ્ર દેશમાં દ્વારિકાં નગરી વસાવીને ત્યાં યાદવોની રાજ્યગાદી સ્થાપી હતી. પ્રભાસ પાટણની નજીક સમુદ્ર કિનારે યાદવોએ પરસ્પર કૌટુમ્બીક યુદ્ધ કર્યું, જેમાં યાદવવંશનો સમગ્ર નાશ થયો હતો. અનેક ગુજરાતી પ્રાચીન કવિઓએ શ્રીકૃષ્ણ ભગવાન્ તથા ગોકુળની ગોપિકાઓનું ભક્તિ, પ્રેમ અને વિપ્રલંભ શૃંગાર વિષયક ઘણું કાવ્ય સાહિત્ય વિસ્તાર્યું છે. તે ઉપરથી "કન્હૈયા વિણ ગાણું નહિ" એવી કહેવત પ્રચલિત થઈ છે.

સૌરાષ્ટ્રમાંથી યાદવવંશનો નાશ થયા બાદ કેટલેક કાળે શિલાદિત્ય વગેરે ક્ષત્રીય રાજાઓએ વલ્લભીપુરનું મહારાજ્ય સ્થાપ્યું હતું. હાલના વળા ગામની નજીકમાં પ્રાચીન વલ્લભીપુર નગરના ખંડેરો દેખાય

છે એમ કહેવાય છે. ત્યાર પછી ચાવડા વંશના રજપૂત રાજાઓએ પંચાસરમાં રાજગાદી સ્થાપી હતી ત્યાં જયશિખરી ચાવડો છેલ્લો રાજા થયો હતો. તેના સત્પુત્ર પ્રખ્યાત વનરાજ ચાવડાની ગાદી ગુજરાત તરફ પાટણમાં ગઈ હતી. સૌરાષ્ટ્રમાં સોમનાથ મહાદેવની જગોનું મહાત્મ્ય બહુ ગણાતું હતું. તે જગોમાં અઢળક દ્રવ્ય હોઈ તેની પૂજામાં હજારો બ્રાહ્મણો અહોરાત્રિ રોકાઈ રહેતા હતા. અનેક બહાદુર ક્ષત્રીય શૂરવીર યોદ્ધાઓ હથીયારો બીડી તે જગોના પૂજ્યત્વની રક્ષા કરવા ત્યાં હાજરના હાજર રહેતા હતા. તેથી ગીજનીના યવન બાદશાહ મહમૂદ ગીઝનીની સોમનાથ ઉપરની છેલ્લી ચડાઈ ઇતિહાસમાં ઘણી પ્રસિદ્ધ થઈ ગઈ છે.

ગુજરાતના મહારાજા સિદ્ધરાજ જયસિંહની વિષય તૃષ્ણાના ભોગ થઈ પડેલાં જુનાગઢના રાખેંગાર તથા રાણકદેવીના કરુણરસના સોરઠા દુહાથી કોણ અજાણ્યું છે ? કાઠિયાવાડમાં રાણકદેવી વઢવાણ પાસે સતી થઈ હતી. જેમ "સતી સીતાના વીતક" એવી કહેવત છે, તેમ મરણ પછી સ્ત્રીઓ આ તરફ છાજીયાંમાં "રાણકદેવડી રુવે રે વૈરાગમાં" એવું જે ગગન ભેદી રુદન લલકારે છે તેનો દરેક કાઠિયાવાડીને અનુભવ હોવો જોઈએ. રાખેંગાર પ્રમાણે રામંડળીક પણ ભક્ત નાગર કવિ નરસિંહ મેહેતાને લઈને પ્રસિદ્ધ થઈ ગયો છે. મંડળીકને જે અદ્દભૂત પરચા બતાવવામાં આવ્યાનું કહેવાય છે તે કાઠિયાવાડમાં દરેક મનુષ્ય જાણે છે. અને જુના જમાનાના માણસો તે વાત શ્રદ્ધા તથા ગર્વ સાથે કરે છે.

હલામણ જેઠવો તથા સોનરાણી અને મેના દુહા સોરઠા ઓછાં કેળવાયલાં જુનાં માણસો, ભાટ ચારણો, અને ભરવાડો દરેક મેળાવડામાં લલકારે છે. મેળાવડા શિવાય નિર્જન વગડામાં ઢોર ચારતો

ભરવાડનો છોકરો કાનમાં આંગળી નાખી તેવા દુહા સોરઠા પંચમ સ્વરથી ગાતો ગાતો આનંદમસ્ત થઈ જે મઝા ભોગવે છે તેની અપૂર્વતા અનુભવી જ જાણે. કાઠિયાવાડમાં ગિરનાર અને શત્રુંજયના ડુંગરોની પ્રથક્ પ્રથક્ ભવ્યતા જોવા જેવી છે. એકમાં યોગી પુરૂષો અને અઘોરીઓની ગુફાઓની અનેક પ્રાચીન કથાઓ છે તથા વનસ્પતિ વગેરેનું કુદરતી સૌંદર્ય અદ્ભૂત છે, ત્યારે બીજામાં મનુષ્યકૃત ભવ્યતાની સીમા જ નથી. કરોડો રૂપૈયાની દોલત ખરચી આરસની સુવર્ણાદિ વસ્ત્રાભૂષણવાળી લક્ષાવધિ જૈન તીર્થંકરો અને સિદ્ધોની પ્રતિમાઓથી દેરાંઓ ભરી નાખ્યાં છે. શત્રુંજય એવી રીતે જળાં જળાં થઈ રહેલો છે તે દરેક યાત્રાળુ કે મુસાફરો જોઈને મુગ્ધ થઈ જાયછે.

ભરતખંડની પશ્ચિમે દરિયા કિનારાવાળો આખો દ્વીપકલ્પ, જેની ઉત્તર તરફની એક મર્યાદા કચ્છના અખાતથી આરંભી કચ્છનું રણ ઓળંગી ગુજરાતને જઈ મળે છે, ત્યારે બીજી પશ્ચિમ, દક્ષિણ, તથા કંઈક પૂર્વ દિશાની હદો આરબી સમુદ્ર તથા ખંભાતના અખાત સુધી લંબાએલી છે. આ દ્વીપકલ્પનું પ્રાચીન નામ સુરાષ્ટ્ર એટલે સારૂં રાજ્ય કે સારો દેશ, ત્યાર પછી સૌરાષ્ટ્ર અને છેવટ સોરઠ નામ પડયું છે. કાઠિયાવાડમાં અંગ્રેજી હકુમત સ્થપાઈ તે અગાઉ રજપૂતો, મુસલમાન નવાબો અને કાઠી રાજાઓ પોતપોતાનાં સંસ્થાનો સ્થાપવા પ્રથક્ પ્રથક્ વિભાગોમાં યુદ્ધો કરતા હતા. એ યુદ્ધોમાં જેઓ હારીને રાજ્ય ખોઈ બેસતા તેઓ છુપી રીતે લડાઈઓ ચલાવ્યે જતા. તેને "બહારવટું કરવું" કહેતા હતા. આવા બહારવટીઆને બંડખોર કહેતા હતા. મરાઠા લોકો ખંડણીઓ ઉઘરાવવા લશ્કરો મોકલતા હતા ત્યારે પણ કોઈ કોઈ વાર લડાઈઓ થતી હતી.

આખા સૌરાષ્ટ્રમાં કાઠી લોકોની ભારે હાક હતી. તેમણે મધ્ય-

વિભાગમાં રાજ્યો સ્થાપ્યાં હતાં. કાઠી રાજ્યોની પ્રબળતા અને જમાવટ ઉપરથી સૌરાષ્ટ્રનું છેલ્લું નામ કાઠિયાવાડ પડ્યું છે. હાલમાં કાઠિયાવાડ નામ જ પ્રચલીત છે. કાઠી લોકો ગામડાં મારતા, લુટફાટ કરતા અને ધાડાં પાડતા હતા. તેમનાં ઘોડાંઓ રસ્તા અને મુસાફરોની વાટ ઘેરી લેતાં હતાં. તેથી કવીશ્વર દલપતરામે "ધીંગા કાઠી જતના ધાડાં, ઘોડાં ઘેરી ન શકે વાટ" એમ કવિતા લખેલી છે.

કાઠિયાવાડ પહાડી પ્રદેશ હોઈ તેના ગીર પર્વતાદિ સ્થળોમાં યુરોપીયન અમલદારો તથા રાજા મહારાજાઓને શિકાર કરવા માટે જ્યાં વાઘ, વરૂ, સિંહ, ચિત્તા, દીપડા, ભુંડ તથા ન્હાર જેવાં હિંસક પ્રાણીઓ અને હરીણાદિ કોમળ પ્રાણીઓ મળી શકે છે; જ્યાં ભાદર, સુખભાદર, શેત્રુજી, મચ્છુ, આજી, ઘેલો વગેરે નદીઓનાં પાણી ફરી વળે છે; જ્યાં ઉજ્વતગિરિ શિખરો ઉપર જૈનધર્મની મહા યાત્રાનાં અમૂલ્ય દેરાંઓ છે; જ્યાં નાઘેર, ચોરપાડ, મહુવા વગેરે સ્થળે પુષ્કળ ઝાડ પાનની બાગાયત લીલીછમ હરિયાળીના દર્શન કરાવી આંખને ઠંડક આપે છે; જ્યાં સહજાનંદી વૈષ્ણવ સંપ્રદાયનું ગામ ગઢડા તથા મુળી ધ્યાન ખેંચી રહ્યું છે; જ્યાં દ્વારિકાં, પોરબંદર, પ્રભાસપાટણ, ગોપનાથ મહાદેવ વગેરે શૈવ વૈષ્ણવી ધર્મનાં ધામો છે; જ્યાં ગુજરાતી આદિ કવિ નરસિંહમેહેતાનાં પ્રભાતિયાં અને મીરાંબાઈનાં પદો પ્રભાતમાં ગામડામાં લલકારવામાં આવે છે; જ્યાં ભોજા ભક્તના ચાબખા ગવાઈને વૈરાગ્યવૃત્તિનો ઉદ્દ્ભવ થાય છે; જે સૌરાષ્ટ્ર દેશમાં જન્મીને જ્ઞાનવીર પંડીત દયાનંદ સરસ્વતી સ્વામીએ આખા હિંદમાં આર્યસમાજ ધર્મનો ઝુંડો ઉડતો કર્યો છે; જ્યાં બીલખાના આનંદાશ્રમમાં મહાત્મા નથુરામશર્મા શિષ્યમંડળને વધારી વેદાંત ઉપદેશથી ખ્યાતિને પામ્યા છે; પંડીત ગટુલાલજી જેવા અષ્ટાવધાની કવિ અને શુદ્ધાદ્વૈતી વિદ્વાન અંધ છતાં

જ્યાં જન્મીને મોટી ગણનામાં આવ્યા છે, તે દેશ સૌરાષ્ટ્રની મનોહર ભવ્યતા મનુષ્યનાં ભીતરને ભેદીને રંજન કરે તેમાં આશ્ચર્ય નથી.

નામદાર બ્રિટિશ સરકારનું સામ્રાજ્ય ચોતરફ ફેલાઈ ગયા પછી કાઠિયાવાડમાં ૫૦, ૬૦ વર્ષથી સરકારી કેળવણી ખાતાની સ્થાપના થઈ. અંગ્રેજી રાજ્યની હકુમત પેશ્વા સરકાર, ગાયકવાડ અને જુનાગઢના નવાબ ઉપર થવાથી તેમણે નાનાં મોટાં બધાં દેશી રાજ્યોને તાબામાં લઈ દેશને મધ્યસ્થળે રાજકોટમાં એજન્સી સ્થાપી છે. બ્રિટિશ સુબાને પ્રથમ પોલીટીકલ એજન્ટ કહેતા હતા, અને હવે એજન્ટ ટુ ધી ગવર્નર કહે છે. તેમના તાબામાં એજન્સીમાં આસીસ્ટંટો, ડેપ્યુટીઓ, થાણદારો વગેરે અમલદારો છે. અને ન્યાયખાતાની જૂદી કોર્ટ સ્થાપી સારૂં બંધારણ કરેલું છે.

કાઠિયાવાડમાં ભાવનગર, જુનાગઢ, જામનગર, મોરબી, ગોંડળ, વઢવાણ, ધ્રાંગધ્રા, પોરબંદર, જેતપુર તથા પાલીતાણા વગેરે અનેક નાનાં મોટાં દેશી સંસ્થાનો છે. ગાયકવાડ સરકારનાં અમરેલી, દામનગર, કોડીનાર તથા દ્વારિકાં અને બેટને લગતાં સંસ્થાન છે, તેમ ફીરંગીનું દીવબેટ તથા જંજીરાના નવાબનું જાફરાબાદ બંદર કાઠિયાવાડની છેક દક્ષિણે સમુદ્ર કિનારે આવ્યાં છે. કાઠિયાવાડનો આખો પશ્ચિમ, થોડો ઉત્તર અને દક્ષિણ કિનારો ઘણાં બંદરોથી ભરપુર હોવાથી સ્ટીમરો અને વહાણો મારફત દરિયાઈ વેપાર પુષ્કળ ચાલે છે. પ્રાચીન કાળમાં સૌરાષ્ટ્રીઓએ વહાણોથી લાંબી સફરો ખેડીને જાવા વગેરે બેટોમાં પગ પેસારો કરી એવી કહેવત ઉપસ્થિત કરી હતી કે "જે જાય જાવે તે ફરી ન આવે; આવે તો તેનાં છોકરાંનાં છોકરાં ચાવે તેટલું લાવે." આ ઉપરથી અસલના વેપારમાં કેવો સારો રસ કસ અને કમાઈ હતાં તેનો આપણને ખ્યાલ આવી શકે છે.

હાલમાં દીવ, જાફરાબાદ, પોરબંદર, મહુવા વગેરે બંદરોથી આફ્રીકાનાં મોઝાંબીક તથા કેપકાલોની વગેરે તરફ વેપારીઓ જાય છે; ગોંડળ ધોરાજી તરફના મુસલમાન મેમણો વગેરે પરદેશમાં તેમજ મુંબઇમાં જઈ સારો રોજગાર કરી કમાઈ આવે છે. નાગર બ્રાહ્મણ તથા વાણીયા વગેરે મુસદ્દી વર્ગ દેશી રાજ્યોના કારભાર વગેરેથી સ્વદેશમાં ધનાઢ્ય થઈ મુંબઇમાં જઈ બેંકો ઉઘાડી લાખોનો વેપાર કરે છે. હાલાર અને કચ્છ તરફના લુહાણા ભાટીઆ તેમજ બીજા કાઠિયાવાડી કપોળ, ખોજા, મેમણો વેપાર અર્થે મુંબઇમાં જઈ વસ્યા છે; ત્યાં ધંધા રોજગારથી વિજય મેળવી ચીન, જાપાન, આફ્રીકા, ઈંગ્લંડ તથા પારીસ, રંગુન, મોલમીન વગેરે પર મુલકમાં ધંધો ચલાવી સારી રીતે ફાવ્યા છે.

મુંબઇ જોતજોતામાં વસી જઈ આબાદ થઈ ગયું છે. મુંબઇમાં લાખોપતિ કપોળો, ખોજાઓ, મેમણો, લુહાણા, ભાટીયા, નાગરો અને બ્રાહ્મણો જોવામાં આવે છે તેમાંના ઘણાખરા કાઠિયાવાડથી જઈ વસેલા છે. કાઠિયાવાડમાં ઘણી વસ્તી હિંદુ મુસલમાનની છે. પારસી, યહુદી, યુરોપીયનની વસ્તી જુજ છે. જુના ધર્મો જૈન, મુસલમાન; હિંદુમાં શૈવ, વૈષ્ણવ, વેદાંત અને સ્વામીનારાયણના પ્રચલીત છે. નવા ધર્મ વિચારોમાં થીયોસોફી, આર્યસમાજ તથા બ્રહ્મસમાજનો પગ પેસારો નહિ જેવો થયો છે.

ઉપર જણાવ્યું છે તેમ ૫૦, ૬૦ વર્ષથી સરકારી કેળવણી ખાતાની સ્થાપના સાથે જ કાઠિયાવાડનો ચાલતો નવો યુગ શરૂ થાય છે. પ્રાથમિક અને ઉંચી દેશી અંગ્રેજી કેળવણી લેવા નિશાળો, હાઈસ્કુલો તથા કોલેજો નીકળવાથી તેમાં કેળવાઇને બી. એ., એમ. એ., એલ. એલ. બી., એલ એમ એંડ એસ, એલ સી ઈ, વગેરે પદવી ધારણ કરનારા ગ્રેજ્યુએટો વધ્યા છે. રાજકુમાર કોલેજ રાજકોટમાં

ખોલીને નામદાર બ્રિટિશ સરકારે દેશી રાજકુમારોને કેળવણી આપી આપીને ગાદીનશીન કીધા છે, તેમ કન્યાશાળાઓ ખોલી સ્ત્રી કેળવણીનો પણ વધારો કર્યો છે. કેટલાંક દેશી રાજ્યોએ સરકારની પદ્ધતિને અનુસરીને સ્વતંત્ર કેળવણી ખાતાં સ્થાપ્યાં છે. આ રીતે અંગ્રેજી, સંસ્કૃત તથા ગુજરાતી અભ્યાસ વધવાથી વિદ્વાનો તથા લેખકોએ-માસિકપત્રો, દૈનિક સાપ્તાહિકપત્રો, તથા પુસ્તકો પ્રગટ કરીને જે સાહિત્ય ફેલાવ્યું છે, તે કેવું અને કઈ જાતનું હોઈ નવી પ્રજા ઉપર તેની શી શી અસરો થઈ કેવાં પરિણામ આવ્યાં છે, તેનું દિગ્દર્શન સમ્યક્દષ્ટિથી કરી તેનું ઐતિહાસિક વિવેચન ભવિષ્ય કાળની પ્રજા માટે સંગ્રહી રાખવું આવશ્યક લાગે છે.

કાઠિયાવાડમાં ૫૦, ૬૦ વર્ષ અગાઉ જુની પ્રજા હતી. તેની જગોએ નવી કેળવાએલી પ્રજા આવી છે. જે પૂર્વજ વડીલોને જુના વિચારના ગાઢ સંસ્કારો હતા તેની સંતતિમાં પાશ્ચાત્ય કેળવણી, હુન્નર ઉદ્યોગ, તથા રીત રીવાજના નવા સંસ્કારો પેઠા છે. નવી પ્રજાએ નવી વિચાર સામગ્રીથી કંપનીઓ, સભાઓ, કોન્ફરન્સો દેશ દેશમાં, નાતે નાતમાં મેળવીને ઉન્નતિની ચળવળ ચાલુ કરી છે. તેથી ગયા સાઠ વર્ષમાં કાઠિયાવાડમાં કયા કયા સાહિત્ય ઉપાસકોએ સાહિત્યાદિ ઉન્નત કળાઓને ઉંચે સ્થાને લઈ જવા કે ખીલવવા કેવા ક્રમથી કયે સ્થળે કેવા પ્રયત્નો કર્યા, અને એમ કરીને સંસાર, રાજ્ય તથા ધર્મ અને નીતિ આદિ વિષયોની રંગભૂમિ ઉપર કેવાં કર્ત્તવ્યો બજાવ્યાં, તેનું પશ્ચાદવલોકન લોક સંઘની તથા વિદ્વાનોની સમક્ષ મૂકવામાં આવે છે.

પ્રકરણ ૨ જું.

—•✳•—

કેળવણી ખાતું.

કાઠિયાવાડમાં રાજકોટમાં એક ગુજરાતી નિશાળ ઈ. સ. ૧૮૩૭ માં સ્થાપન થઈ હતી. વઢવાણ અને ચુડા દરબાર સાહેબના ટયુટરોએ ઈ. સ. ૧૮૫૦ માં નાગનેશમાં અને ઈ. સ. ૧૮૫૧ માં ચુડામાં નિશાળો ચાલુ કરેલી. શહેર ભાવનગર અને જુનાગઢમાં ઈ. સ. ૧૮૫૨ માં ગુજરાતી નિશાળો ચાલુ થઈ હતી. ઈ. સ. ૧૮૫૭–૫૮ માં ભાવનગરની ગુજરાતી નિશાળમાં ૧૫૦ વિદ્યાર્થિઓ ભણતા હતા એમ જણાય છે. ઈ. સ. ૧૮૬૫ સુધીમાં ભાવનગર તાબાની માત્ર ૯ નિશાળો થઈ હતી, અને તેમાં ભણનારાની સંખ્યા ૭૪૩ ની થઈ હતી. ત્યાંથી ક્રમે ક્રમે વધારો થતાં ઈ. સ. ૧૮૯૧ સુધીમાં શામળદાસ કોલેજ, હાઈસ્કુલ, બીજી અંગ્રેજી નિશાળો, ગુજરાતી છોકરા છોકરી-ઓની નિશાળો અને સરકારી તથા ખાનગી નિશાળો મળી ભાવનગર સ્ટેટમાં ૧૧૫ નિશાળોથી ૧૫૧ થઈ હતી, અને વિદ્યાર્થિઓ ૧૦૮૨૯ થયેલા જણાય છે. તળ ભાવનગરની તાલુકા સ્કુલમાં આશરે નવસો છોકરા તે વખત હોવાથી આખા મુંબઈ ઇલાકામાં એવી મોટી બીજી નિશાળ કોઈ નથી એમ દરશાવવામાં આવ્યું હતું.

ઈ. સ. ૧૮૯૦–૯૧ માં કાઠિયાવાડનાં બીજાં સંસ્થાનોમાં ભાવ-નગરને મુકાબલે ઓછી નિશાળો હતી. જુનાગઢ સ્ટેટમાં નિશાળો ૧૩૮ અને વિદ્યાર્થિ ૭૯૫૩, જામનગરમાં નિશાળો ૧૦૬ વિદ્યાર્થિ ૭૬૮૨, ભાવનગર તાબે નિશાળો ૧૫૫ વિદ્યાર્થિ ૧૧૫૪૧, ધ્રાંગધ્રામાં

નિશાળો ૪૦ વિદ્યાર્થિ ૨૪૫૫, ગોંડળ સ્ટેટમાં નિશાળો ૭૫ વિદ્યાર્થિ ૪૬૭૯, પોરબંદરમાં ૩૦ નિશાળોમાં ૧૮૨૨ વિદ્યાર્થિ, અને મોરબી સ્ટેટમાં ૨૭ નિશાળોમાં ૧૯૦૫ વિદ્યાર્થિઓ અભ્યાસ કરતા હતા. એકંદરે તે વખત આ સાત સંસ્થાનોની નિશાળો ૫૭૧ માં ૩૮૦૩૭ વિદ્યાર્થિઓ અભ્યાસ કરતા હતા.

ભાવનગર સ્ટેટમાં તે વખત સુધીમાં ૧૦ જાહેર લાઈબ્રેરીઓ થઈ હતી, અને અરધા લાખ ઉપરાંતનો વાર્ષિક કેળવણી ખર્ચ કરવા માં આવતો હતો. નિશાળો વગેરેનાં મકાન પાછળ ચાર પાંચ લાખ રૂપૈયા ખર્ચ્યા હતા. અને મુંબઈ પુના તથા તળ ભાવનગરમાં કેટલીક સ્કૉલરશીપો ચાલુ કરી હતી. આ હકીકત તા. ૧૬ મે ઈ. સ. ૧૮૯૧ માં કાઠિયાવાડના આ. એ. ઈ. સાહેબ રાવ બહાદુર ગોપાળજી સુરભાઈ દેશાઈએ રીપોર્ટ કરેલો તે ઉપરથી લીધી છે. તેમાં ભાવનગરના મહારાજાઓ તથા નાગર દીવાનોની ખંત તથા મદદનાં એટલે દરજ્જે વખાણ લખવામાં આવ્યાં છે કે "ભાવનગર સ્ટેટ આખા કાઠિયાવાડમાં કેળવણીની દરેક બાબતમાં આગેવાની ધરાવે છે." ઈ. સ. ૧૮૯૧ પછી બાવીશ વર્ષ વીત્યાં છે તેમાં ઘણો વધારો થયો છે.

ત્યારે ઉપરની હકીકતથી કેળવણી ખાતાની ખરેખરી સ્થાપના કાઠિયાવાડમાં ઈ. સ. ૧૮૫૨, ૫૩ થી થઈ ગણાય. તે વખતની જુની કેળવણીમાં સાધારણ વાંચવું લખવું, થોડા મોઢાના હિસાબ ગણતાં શીખવું, એટલે ભણતર પુરૂં ગણાતું હતું. મુસદ્દી લોકો એટલી કેળવણીથી દરબારી નોકરીમાં જોડાઈ અનુભવથી હુશીયાર થતા હતા. જ્યારે નવી પદ્ધતિની કેળવણીનાં ધોરણ સરકારે દાખલ કર્યાં ત્યારે વાણીયા વગેરે લોકો એમ કહેતા હતા કે અમારે એનું શું કામ છે? એ કાના માત્રા શીખવા જતાં અમે અમારા બોડીયા અક્ષર ઉકેલ-

વાનું ભૂલી જઈશું. જુના અભ્યાસમાં લીપી ધારા, શાળોપયોગી નીતિગ્રંથ, ઈસિપનીતિ, બોધવચન, પંચતંત્ર તથા અંકગણીત વગેરે શીખવવામાં આવતું હતું. કક્કો બારાક્ષરી શીખીને વાંચવા લખવા શીખતા હતા, અને આંક ભણીને દાખલા તથા મોઢાના હિસાબો લેખાં વગેરેથી શીખતા હતા. ધૂળી નિશાળોમાં પાટીયાં ઉપર ધૂળ નાખીને વતરણાથી અક્ષરો લખવા શીખતા, તથા અક્ષરો સુધારવા દોપીસ્તાં ઘુંટવામાં આવતાં હતાં. જુના વાણીયા નામાદારો કાગળોમાં અને હિસાબના ચોપડામાં જોડાક્ષર લખતા નહિ. ભણેલા થોડા, તેથી કાગળો વંચાવવા કે લખાવવા બજારે વેપારીની દુકાને જવું પડતું. અને તાર ટપાલ ખાતાની સગવડ નહોતી ત્યારે જરૂરના વેપારના કે શુભ અશુભ ખબરના કાગળો ખેપીયા મારફત મોકલવામાં આવતા. આજના જેવા સારા ઝીણા કાગળો નહોતા, તેમ છાપખાનાં પણ હતાં નહિ. જાડા ગોદડીઆ અમદાવાદી કાગળો વાપરતા હતા. અને લહીઆઓ સારા નાગરી એટલે બાળબોધ અક્ષરથી તેવા કાગળોમાં ધર્મ વગેરેનાં પુસ્તકો ઉતારતા હતા.

સરકારે નવી હોપસીરીઝ વાંચનમાળા લખવા માટે તથા કેળવણીના પદ્ધતિસર નવાં ધોરણો ઠરાવવા માટે વિદ્વાનોની એક કમિટિ ગુજરાતમાં નીમી હતી. એ નવાં ધોરણોથી સાત ચોપડીઓ, ઊંચું ગણીત, વ્યાકરણ, ઈતિહાસ, ભૂગોળ, ખગોળ, ભુસ્તર વગેરે નવું શિક્ષણ જેમ ગુજરાતમાં તેમ કાઠિયાવાડમાં દાખલ કર્યું. હોપ વાચનમાળા છોકરા પ્રમાણેજ છોકરીઓને શીખવવા માંડી; વિશેષમાં કવીશ્વર દલપતરામની ગરબાવળી તથા શીવણ કામ ભરતકામ દાખલ કર્યાં. કન્યાશાળામાં ભણાવવા સ્ત્રી શિક્ષકો મળતી નહિ, તેથી આરંભમાં પુરૂષ મેહેતાજીઓ ભણાવતા હતા. કાઠિયાવાડમાં પ્રથમ શેહેરોમાં ને

પછી ગામડામાં નિશાળો દાખલ થઈ. કન્યાશાળાઓ તો હજીએ મોટાં મોટાં ગામોમાં જ દાખલ થઈ છે. તેમ નાનાં મોટાં બધાં ગામડાંમાં હજી છોકરાઓની નિશાળ પણ થઈ નથી. નાનાં ગામડાંમાં દશ વીશ છોકરા ખેડૂતોના ભણવાની હોંશ બતાવે તો હજીએ ગામઠી મેહેતાજીઓ ઉભા થઈ જેવું તેવું ભણાવે છે.

કેળવણીના આરંભ કાળમાં કાઠિયાવાડમાં ભાવનગર જીલ્લા વિભાગમાં ગણાતું ત્યારે રાવ સાહેબ મોહનલાલ રણછોડદાસ, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, પ્રાણલાલ મથુરાંદાસ, મયારામ શંભુનાથ, તથા મેહેતાજી દુર્ગારામ મંછારામ વગેરે તે ખાતામાં ઉપરી થયા હતા. કાઠિયાવાડી રાજા રજવાડાઓને સમજાવી નિશાળો વધારવા એ સર્વ વિદ્વાનોએ ઘણો ઘણો પરિશ્રમ ઉઠાવ્યો હતો. પરંતુ કાઠિયાવાડી કેળવણી ખાતાના ખરેખરા ધુરંધર પિતાતો રાવબહાદુર ગોપાળજી સુરભાઈ દેશાઈ ગણાઈ ગયા છે. ત્રીશ વર્ષ ઉપર ભાવનગર દરબારી કેળવણી ખાતાના ઉપરી અધિકારી તરફ ભાવનગર સ્ટેટની અધિક પ્રશંસા સહીત તેમણે રીપોર્ટ કર્યો હતો તેમાંથી થોડી હકીકત આ પ્રકરણ શરૂ કરતાં દોરવી કાઢી છે. રાવ બહાદુર ગોપાળજીભાઈ એક રૂવાબદાર અધિકારી હતા અને ઘણો લાંબો કાળ કાઠિયાવાડ રાજકોટમાં રહ્યા હતા. તેમના શરૂ કાળમાં ગુજરાતી ૫૩ નિશાળો માત્ર હતી તે તેમના છેવટના વખતમાં વધીને ૭૦૦ થી ૮૦૦ સુધી થઇ હતી.

હાલમાં કેટલીક મુદતથી ૧ લા તથા ૨ જા વર્ગનાં દેશી રાજ્યોને સરકારે કેળવણી ખાતાની દેખરેખ સોંપી દીધી છે. પણ તે અગાઉ નામદાર સરકારના ઇન્સ્પેકટરો તથા ડેપ્યુટીઓ હસ્તક તે ખાતું ચાલતું હતું, ત્યારે તેને આવી ઉંચી સ્થિતિએ બધાઓને સમજાવીને લાવનાર એ ગોપાળજી સુરભાઈ જ છે. કેળવણી ખાતાનામાં ગોપાળજી

ભાઈ ઉપરાંત રાવબહાદુર હરગોવિંદ દ્વારકાંદાસ કાંટાવાળા, રાવસાહેબ નવલરામ લક્ષ્મીરામ, વિઠ્ઠલદાસ ધનજીભાઈ પટેલ, ઉત્તમરામ નરભેરામ માસ્તર, મી. જમસેદજી નવરોજજી ઉનવાળા માસ્તર એમ એ, તથા જાત મેહેનત અને મીઠી મીઠી વાતોના ગ્રંથકર્ત્તા ગણપતરામ અનુપરામ ત્રવાડી વગેરે વિદ્વાનોએ એ દિશામાં સારી મેહેનત કરી હતી. કાઠિયાવાડી વિદ્યાર્થિ વર્ગ, જે અત્યારે ઘણી ઉંચી સ્થિતિએ પહોંચ્યો છે, તે પોતાના ઉપર લખ્યા પૂર્વનશીન ગુરૂ વર્ગને ઘણા માનસાથે સંભારેછે.

કેળવણી ખાતાની વૃદ્ધિ અને ઉન્નતિ થતી ગઈ તેમ તેમ રાજકોટ, ભાવનગર, જુનાગઢ, ગોંડળ, જામનગર, વઢવાણ વગેરે અનેક સ્થળે કોલેજો, હાઇસ્કુલો, રાજકુમાર કોલેજ, મેલટ્રેનીંગ કૉલેજ અને ફીમેલ ટ્રેનીંગ કોલેજ ખોલવામાં આવી. બંને ટ્રેનીંગ કોલેજોમાં કેળવણી લઈ ને પુરૂષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકો સારે પગારે ગુજરાતી નિશાળોમાં ગોઠવાતાં ગયાં. રાજકુમારો કીંગ કોલેજના પ્રીન્સીપાલ મેકનાટન સાહેબ જેવા વિદ્વાન અને માયાળુ ગુરૂથી અનેક તાલીમ લઈ પોતપોતાના પૂર્વજોની ગાદી ઉપર બિરાજતા જઈ સુધરેલી રાજ્ય પદ્ધતિ દાખલ કરતા ગયા. અને કોલેજો તથા હાઇસ્કુલોમાં ઉંચી અંગ્રેજી કેળવણી લઈ અનેક જાતિની ડીગ્રીવાળા ગ્રેજ્યુએટ વિદ્વાનો વધતા ગયા છે. આવો ઘણો ખરો શિક્ષિત વર્ગ સુધરેલાં રાજ્યોની નોકરીઓમાં જોડાતો ગયો છે. જુના કારભારીઓ અને જુના રાજ્ય સેવકોની જગાએ આવો ભણેલો વર્ગ દિનપ્રતિદિન ગોઠવાતો ગયો છે. કાઠિયાવાડના નવા સુધરેલા અને ભણેલા દેશી રાજાઓ આ પ્રકારે પોતાની ભણેલી રૈયતને સારી નોકરીમાં ગોઠવી દઈ તેમના હથુ કામકાજ લઈ કેળવણીની કદર કરવા લાગ્યા છે. આરંભમાં ઉંચી જગોએ પરદેશી કારભારીઓ કોઈ કોઈ સ્થળે નીમાતા, પણ તેવો દેશકાળ હવે વહી

ગયો છે. નામદાર ગાયકવાડ સર સયાજીરાવ પોતાની ભણેલી રૈયતને બનતાં સુધી લાભ આપે છે, તેવી રીતે કાઠિયાવાડમાં પણ હવે પોતાની રૈયત તરફ રાજાઓનો ભાવ વધ્યો છે.

ગુજરાતી કે અંગ્રેજી કેળવણી લેનારા નવા વિદ્વાનો તરફથી જે સાહિત્ય ઉત્પન્ન થયું તે પૂર્વે સાહિત્યની શી સ્થિતિ હતી? ગદ્ય સાહિત્ય નહિ જેવું હતું. ગુજરાતી પ્રાચીન કવિતામય સાહિત્ય હતું તે જુની પ્રજામાં વંચાઈ જેવું હતું તેવી ભાવના ઉપજાવતું હતું. કવિતા કૃષ્ણશૃંગારની ઘેરઘેર ગવાતી હતી. વેદાંતની, ભક્તિની, વૈરાગ્યની કવિતાઓ જેમ સાધુઓ ગાતા તેમ ધર્મ મંદીરોમાં પણ ગવાતી હતી. પુરૂષો હુતાશની ઉપર શિહોરના કંસારા વીરચંદ તથા રાઘવજીના પાંડવવાળા વાંચતા હતા, અને સ્ત્રીઓ ચોમાસામાં તેહેવારોમાં રાત્રીએ કવિ ગોભણના ગોપિકા વિયોગના મહીના વગેરે અનેક ધોળ, પદ રાસડા, ગરબાઓ ગાતીહતી. નવરાત્રીમાં પુરૂષો ગરબા ગાતા તેમ હંમેશાં મળસ્કામાં નરસિંહ મેહેતાનાં પ્રભાતિયાં ગાવાનો રીવાજ હતો. સાધુડાંઓ મીરાંબાઈને વારંવાર સંભારણું આપતાં હતાં. પ્રીતમના, ધીરાના, ભોજા ભગતનાં, કાવ્યો ગવાતાં તેમ ચારણી દુહા સોરઠા હલકા વર્ગના ગાયકો ગાતા હતા. રજપૂત ક્ષત્રીઓની કથા વાર્ત્તાઓ એવી ચારણી કાવ્યમાં એક જૂદી જ ઢબથી કહેવામાં આવતી હતી. તેવા ભાટ ચારણો રાજા રજવાડામાં ફર્યા કરતા, અને પ્રસંગોપાત વીરરસની ભારે જમાવટ કરતા હતા. પ્રાચીન ગુજરાતી સાહિત્ય આવી આવી દૃષ્ટિએ આવે આવે સ્થળે જોઈ શકાતું હતું.

નવા અભ્યાસમાં સૌને હોપસીરીઝની વાચનમાળા બહુ પસંદ પડી હતી. ગુજરાતી આરંભની ગદ્યશક્તિ એ વાચનમાળાથી કેળવાઈ હતી. ગદ્યમાં નિબંધો કેમ લખવા એ સાક્ષર નવલરામભાઈની નિબંધ રીતિએ બતાવ્યું હતું. કાઠિયાવાડી કવિ દલપતરામે ગુજરાત

વર્નાક્યુલર સોસાઈટીદ્વારા ઇનામો જાહેર કરાવી એવા નાના નાના નિબંધો લખ્યા હતા. ગુજરાતી ભાષાનું ગદ્ય હાલની સ્થિતિએ પહોંચ્યું છે તે આરંભમાં કેવું હતું તે જાણવું જોઈએ. કવિ દલપતરામ બુદ્ધિપ્રકાશમાં પણ સારૂં સેહેલું ગદ્ય લખતા હતા તે ઘણા લોકો વાંચતા હતા. કરણઘેલાની નવલકથાએ એક નવીન ગદ્ય પ્રકારનું દર્શન કરાવ્યું તે રીતે કવિ નર્મદાશંકરના ફક્કડ નર્મગદ્યે પણ વાચકને સારી રીતે આકર્ષ્યા હતા. તે વખતના ઉંચી પંક્તિના ગદ્યોમાં કવિ દલપતરામ, કવિ નર્મદાશંકર અને માસ્તર નંદશંકર વખણાઈ ગયા છે. દલપતરામ સાદી સરલ ભાષાથી ડાવકી વાર્તાઓ અને સભારંજની કવિતાઓથી ઓનરેબલ કીન્લોક ફૉર્બ્સ સાહેબ તથા અનેક રાજા રજવાડામાં માનીતા થયા છે. ગરબાવળી, ફૉર્બ્સ વિરહ, વિજયક્ષમા, હુન્નરખાનની ચડાઈ તથા કાવ્ય દોહન વગેરેથી વાંચનારના હૃદય દેવતા થયા હતા. હોપ વાંચનમાળામાં કવિ શામળભટ, પ્રેમાનંદ, પ્રીતમદાસ, ધીરોભક્ત, દયારામભાઈ, ભોજોભક્ત, નરસિંહ મેહેતા વગેરે જુના કવિઓની કવિતા લેવામાં આવી હતી, છતાં તેમાં કવિ દલપતરામની કવિતા અગ્રસ્થાને હતી બાલક વિદ્યાર્થિઓ પહેલી ચોપડીથી મા બા ભૂ પા શીખીને બીજી ચોપડીમાં "સારી ચોપડીયો શોભાય" એ કવિતા શીખતા કે ક૦ દ૦ ડા૦ કોણ તે ઓળખવા લાગતા હતા. કવિ નર્મદાશંકરની લાવણીઓ વગેરે કવિતા સુરત તથા મુંબઈ તરફ વધારે ગવાતી પણ સાક્ષર નવલરામભાઇના શબ્દોમાં કાઠિયાવાડની સમયમૂર્ત્તિ દલપતરામ થવાથી તેનો અનુકરણી કવિ વર્ગ ત્યાં વધી પડયો હતો.

રા. નવલરામના વિવેચનના યુગમાં કોઈ કોઈ નર્મદશાળા તથા નવલશાળાના કવિઓ થયા હતા. તે પછીની નવી શૈલીની કવિતા કાવ બાલાશંકર ઉલ્હાસરામ કંથારિયા, મણિલાલ નભુભાઈ, ભીમરાવ તથા નૃસિંહરાવ ભોળાનાથ, સ્નેહ મુદ્રાદ્વારાએ સાક્ષર ગોવર્ધનરામ,

તથા રાવબહાદુર રમણભાઈ વગેરેએ કરી છે તેનું અનુકરણ કાઠિયાવાડમાં મોડું થયું હતું. કાંત તે રા. મણિશંકર રત્નજી ભટ્ટ, લાઠીના ઠાકાર સાહેબ કલાપી તે સુરસિંહજી, મસ્ત કવિ મહુવા વાળા ત્રિભુ વન પ્રેમશંકર, તથા જટિલ તે રા. જીવણરામ લક્ષ્મીરાવ દવે અને લલિત તે રા. જન્મ-શંકર મહાશંકર બુચ વગેરેએ તેવી નવી કવિતામાં સારૂં નામ કાઢ્યું છે.

કવિ દલપતરામની શૈલી, સરલ ગદ્ય અને લોક પ્રિય કવિતા કાઠિયા-વાડમાં એક વખત એટલાં બધાં વખણાઈ ગયાં છે કે આ લેખકે તેમના મરણ વખતે માસિક મજાહ નામે પારસી માસિકમાં લાંબા ૫રજ રાગમાં શોકોદ્ગાર છપાવ્યા હતા, તેમાંથી અત્રે થોડા લખી આ પ્રકરણ સમાપ્ત કરીશું.

સાહિત્યનો બાપ સીધાવ્યોરે? ગુરૂ ગુજરાતે ગુમાવ્યોરે. ટેક.
"મા બા ભુપા" ભણે જઇને નિશાળે, આજનાં બાળ તમામ;
"સારી ચોપડીયો શોભાય" ત્યાંથી, ઓળખે દલપતરામ—સાહિત્ય૦
હિંદુ અમે હાલ લખીએ વદીએ, તારો તેહ પ્રસાદ;
પારસી મુસલમાન વખાણે, એવો તું ઉસ્તાદ—સાહિત્યનો૦
તારા નિબંધો તારી કવિતા, તારૂં બુદ્ધિપ્રકાશ;
શરૂઆતે એજ સામગ્રી સૌને, શિખવાને હતી ખાસ—સાહિત્ય૦
રાજા રજવાડાને રીઝાવ્યા, સરકારમાં સત્કાર;
સી. આઈ. ઈ. નો ખેતાબ આપ્યો, કેવળ કાવ્યાધાર—સાહિત્યનો૦
કેવળ સ્વાશ્રયથી જ વધ્યો તું, બુદ્ધિબળ અદ્દભૂત;
ભોજન સમાન મળ્યો તને ફાર્બસ, મ્હોબતમાં મજબૂત—સાહિત્યનો૦
દીર્ઘકાયને દીર્ઘાયુષ્ય જ, દીર્ઘ મુખાકૃતિ ભાલ;
બેસી ઘડી જો મુલાકાત લીધી, વિસરાય નહિ કોઈ કાળ—સાહિત્યનો૦
આ લોક પરલોક બંને સુધાર્યા, સિદ્ધ મનોરથ કીધ;
વિપ્ર શ્રીમાળી તેં હદવાળી, જન્મ સફળ કરી લીધ—સાહિત્યનો૦

પ્રકરણ ૩ જું.

સ્ત્રી કેળવણી.

કાઈ પણ દેશની ચડતી સ્ત્રી કેળવણી ઉપર જ આધાર રાખે છે, એમ વિશેષે કરી પાશ્ચાત્ય વિદ્વાનો પ્રતિપાદન કરે છે. પુરૂપ પ્રમાણે સ્ત્રી પણ એક મનુષ્ય પ્રાણી છે. સ્ત્રીની બુદ્ધિશક્તિ અમુક સ્વાર્થ દૃષ્ટિથી વિકાસક્રમમાં વધવા નહિ દેવાથી અનેક દેશોને અનવધિ હાનિઓ થઇ છે. પુરૂષ સમુહ સ્ત્રી સમુહ સાથે લાંબા કાળથી જૂદી રીતે જ વર્ત્તે છે એ તમામ દેશોના ભૂતકાળના ઇતિહાસથી માલૂમ પડે છે. જ્ઞાન એ એક શક્તિ અથવા ખરૂં બળ છે એવું લૉર્ડ બેકનનું સૂત્ર મનાવા લાગ્યું તે અગાઉ જગતના ઘણા ભાગમાં બળીયાના બે ભાગ એ ન્યાયે વર્ત્તન થતું હતું. સ્ત્રી નિર્બળ હોવાથી અબળા નામ પાડવામાં આવ્યું છે. તેથી બળીયાના બે ભાગવાળા જગત્માં તેના પ્રત્યે ઘણો અત્યાચાર થયો છે.

જગત્માં ઘણો કાળ શરીરબળ અને શુરવીરતા જ્યારે મુખ્ય વસ્તુ હતી ત્યારે સ્ત્રીઓનાં હરણ થતાં હતાં. જોરજુલમથી મારફાડ કરીને સ્ત્રીઓને ઉપાડી જઇ પરણતા હતા. શુરવીર પુરૂષો કે લડાયક રાજાઓ દુશ્મનોની હજારો સ્ત્રીઓ ઘરમાં રાખતા હતા. તેથી આર્યક્ષત્રીઓ હારવાની અણી ઉપર કેશરીયાં કરતા ત્યારે સ્ત્રીઓને બાળી મૂકતા હતા. હિંદુસ્તાનમાં લૉર્ડ વિલિયમ બેંટીક વાઇસરાય થયો ત્યાં સુધી પુરૂષોની પાછળ સ્ત્રીઓ ઘણીખરી સતી થતી હતી એવો રીવાજ હતો. ઘણી પ્રજાઓમાં સ્ત્રીઓની ગણના ગુલામો

જેવી હતી. આથી પાશ્ચાત્ય પંડિત મીલ કહે છે કે મનુષ્યજાતિએ હાથે કરીને અર્ધ ઉન્નતિ અટકાવી અર્ધોઅર્ધ હાનિ વહોરી લીધી છે. મનુષ્ય મગજનો કુદરતી વિકાસક્રમ વગર હરકતે ચલવા દીધો હોત, સ્ત્રીમતિના વિકાસમાં પુરૂષોએ કાંઇ પણ વિઘ્ન નાંખ્યું ના હોત તો હાલ મનુષ્યો જે શોધખોળ કરી રહ્યા છે તેથી બેવડી શોધખોળ, બેવડી સમૃદ્ધિ મનુષ્યજાતિ મેળવી શકી હોત. સ્ત્રી પુરૂષ બંને એકજ દિશામાં વેગવાન હોત તો આજે કેટલી ઉંચી સ્થિતિ હોત તેની કલ્પના સરખી પણ થઇ શકે તેમ નથી.

આશ્ચર્યકારક વાત એ છે કે જે આર્ય રૂષિ મુનિઓ આ સંસારને ક્ષણિક ગણી વૈરાગ્યવાન્ હતા, જેઓ ઉંચા જ્ઞાનબળથી આત્મવત્સર્વભૂતેષુ માનતા હતા, જેઓ સર્વ ભૂતપ્રાણી પ્રત્યે દયાવૃત્તિ ધરાવતા, તેઓ સ્ત્રીજાતિ પ્રત્યે સમદૃષ્ટિનો ઉપદેશ કરી શક્યા નથી. તેથી લાગે છે કે તે દેશકાળ જ એવો હશે. ગાર્ગી, મૈત્રેયી, મંડનમિશ્રની સ્ત્રી સરસ્વતી, ભાસ્કરાચાર્યની દીકરી લીલાવતી એવાં એવાં સ્ત્રીરત્નોનાં નામ વિદુષી તરીકે આગળ ધરવામાં આવે છે. પણ તે વખતના સ્ત્રી સમુહે કેટલી કેળવણી લીધી હતી, કેટલી પંડિતા નીવડી હતી, કેટલા ગ્રંથો સ્ત્રીઓએ લખ્યા હતા, ભાષામાં ધંધા પરત્વે-પદવી પરત્વે-સ્ત્રી વાચક કેટલા શબ્દો ઘડાયા હતા એ તપાસતાં હાથમાં ઘણું નવનીત આવતું નથી. મનુ જેવા સ્મૃતિકાર ડાહ્યા વિદ્વાને પણ સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી નહિ એમ ચોખ્ખું ફરમાવ્યું છે. સ્ત્રી સન્માનની, સ્ત્રી પદવીની, ગૃહીણીની અનેક ડાહી ડાહી વાતો મનુએ સૂચવી છે. પણ બધાના સારમાં સ્વતંત્રતા સ્ત્રીઓને હોય નહિ એમ ફરમાવી જમાનાને માન આપ્યું છે.

હાલના જમાનામાં મહાત્મા ભક્તકવિ તુલસીદાસ જેવાએ

"ઢોલગમાર શુદ્ર પશુ નારી, એ સબ તાડનકે અધિકારી" એવી ગણના શા માટે કરી હશે તે વિચારવા જેવું નથી? સ્ત્રીઓ માત્ર પુરૂષની ગુલામડી છે, કામાગ્નિ પશુ છે, એની હલકી ગણના કે એવી સ્થિતિ જોયા વગર તાડનને લાયક છે એમ લખે ખરા? આર્ય પૂર્વજો કંઇક માન આપતા, કંઇક વિદ્યાભ્યાસ કરાવતા, ધર્મ કાર્યમાં સહકાર બનાવતા તેટલુંએ પાછળથી હિંદુઓએ બંધ કર્યું હતું. વેપારી વર્ગની સ્ત્રીઓ ભણીગણી ચતુર થતી હોય તો સો વર્ષ અગાઉના ભવાઇસંગ્રહમાં વળવળતી વાણીયણ, ચળવળતી ચાલે, છાણનું પોષકું ખોળામાં ઘાલે! એમ જોડકણું જોડે ખરા? નામદાર અંગ્રેજ સરકારના રાજ્યમાં એ બધા જુના વિચારો બદલાઈ ગયા છે. સ્ત્રીઓનાં માનપાન વધી ભાવ પૂછાવા લાગ્યા છે; અને વિદ્વાનો ચર્ચા કરે છે કે સ્ત્રીમંડળને કેળવણી આપી વિકાસક્રમમાં તેમને વધવા દેવાં. રૂંધી રાખવાં નહિ. દેશકાળના આ અંતિમ સિદ્ધાંતને લઈ દેશમાં ચોગરદમ દીકરીઓને ભણાવવા કન્યાશાળાઓ સરકારે ચાલુ કરી દીધી છે.

"રાજા કાલસ્ય કારણમ્" એ વાક્યનો મહીમા કોણ નથી જાણતું? અંગ્રેજ સરકારે સ્ત્રીજાતિની કદર કરી કે તેમના અભ્યાસ માટે અનેક યોજનાઓ થઈ ગઈ છે. કાઠિયાવાડમાં મોટાં મોટાં ગામમાં સરકારી દરબારી કન્યાશાળાઓ સ્થાપવામાં આવી. જો કે હજી કન્યા કેળવણી જ ચાલુ થઈ છે. સ્ત્રી કેળવણી એટલે સ્ત્રીઓ પરણી કુમારિકા આળશ્યા પછી ભણેગણે એવી નિશાળો કે સંસ્થાઓ ચાલુ થઇ નથી. કન્યા કે કુમારિકાને કોઇ સ્ત્રી કહેતું નથી. તેથી સ્ત્રી કેળવણી નામ ખોટું હોઇ ખરી રીતે કન્યા કેળવણી નામ રાખવું જોઇએ. સ્ત્રીઓ પંડિતા થઈ માસિકપત્રો કે વર્તમાનપત્રો

ચલાવે, અથવા સરા ગ્રંથો લખીને પ્રસિદ્ધ કરે, કે મોટી મોટી ડીગ્રીઓ મેળવે એ આ ગુજરાત કાઠિયાવાડમાં સાધારણ નથી. મદ્રાસ તરફ મિસિસ નાઇડુ, અને પંજાબ તરફ મિસિસ સરલાદેવી ચોધરાણી તથા બંગાળ તરફ ઘણી કેળવાએલી સ્ત્રીઓ જે ખ્યાતિ ધરાવે તેને સામે અંશે પણ આ તરફ સ્ત્રી પાંડિત્ય જોવામાં આવતું નથી. કોંગ્રેસ અને કોન્ફરન્સોમાં તથા સાહિત્ય પરિષદ્‌માં બે પાંચ ગુજરાતી ગ્રેજ્યુએટ સ્ત્રીઓ જાહેરમાં ભાગ લેતી જણાય છે. દેશમાં કોઈ સ્થળે મહીલા પરિષદ્ ભરાય છે તેમાં મુંબઇ અને દક્ષિણ તરફની કેળવાએલી સ્ત્રીઓ વધારે ભાગે હોય છે. પણ ગુજરાતની વસ્તી તથા જાહેરમાં ભાગ લેનાર પુરૂષોની સંખ્યા પાસે મુકાબલામાં બહુ થોડી જ સ્ત્રીઓ એવો ભાગ લે છે. તેમાંએ કોઇ કાઠિયાવાડી સ્ત્રી જણાતી નથી. તેથી રાજકોટની સાહિત્ય પરિષદ્‌માં ગોંડળના રાણી સાહેબ નંદકુંવરબાએ દીકરીઓ સહીત ઓઝલ પડદો તોડી જાહેરમાં દેખાવ આપ્યો હતો ત્યારે ઘણાઓને નવાઇ લાગી હતી.

કાઠિયાવાડમાં કન્યાશાળાઓ થઇ તેમાં દીકરીઓ જવા લાગી ત્યારે જુના લોકો વિરૂદ્ધમાં બડબડવા લાગ્યા હતા; સ્ત્રીઓને ક્યાં કમાવા જવું છે કે હિસાબ કીતાબ વાંચન વગેરે ભણવું જોઇએ? તેમને ક્યાં કારકુન કે વેપારીની નોકરી કરવી છે કે વાંચવા લખવા શીખવું જોઇએ એવો વાંધો ઉઠાવતા હતા. રાજાની રાણીઓને કે અમલદારોની સ્ત્રીઓને ઘર કામ બહુ ન હોય તેથી ભણવું ગણવું તેને પાલવે, પણ સાધારણ ગરીબ માણસોને ઘર કામમાંથી નવરાશ જ મળે નહિ તો ભણ્યુંગણ્યું શા અર્થનું? દીકરીઓ પરણતાં સુધી માબાપને ઘેર રહી કદી નિશાળે જઇ શકે, પણ પરણ્યા પછી મોટી ઉમરે સાસરીયાં નિશાળે જવા દે જ નહિ. તેમાં સાસુ આખો દિવસ

વહુ પાસે ઘરકામ કરાવે ને લખવા વાંચવાનો વખત આપે નહિ ત્યાં ભણેલું ભૂલી જવાનું જ પરિણામ આવે. ભણેલી વહુઓ કાગળ લખતા શીખે તે પીયર બધું લખી મોકલે તેથી સુખદુઃખ હોય તો ફજેતી વહેલી થાય એવી એવી વાતો કરતા હતા.

શિક્ષિત લોકોનો પણ એવો વાંધો હતો અને હજીએ ક્યાંઇ ક્યાંઇ તે વાંધો ચાલુ છે કે કેળવણી તો આપવી પણ બાઈડીઓને ભાઇડા બનાવવાની સરખી કેળવણી શા માટે આપવી? તે સંબંધી કેટલાક લેખકો મહાત્મા ગ્લેડસ્ટનનું વચન ટાંકી બતાવતા હતા. સ્ત્રીઓ માટે ગુજરાતી જૂદી વાંચનમાળા લખવી એવો વાંધો વાજબી લાગવાથી વડોદરા સ્ટેટે વહેલો ફેરફાર કરાવ્યો હતો. સ્ત્રીઓને નીતિની, વિનયની, ધર્મની, આરોગ્યની, સંગીતની એમ માત્ર ઘરકામની કેલવણી આપવી. મા બા ભૂ પા શીખી ભૂગોળ, ઇતિહાસ, ખગોળ, ભુસ્તર, રસાયણ વગેરે ઉદ્યોગ હુન્નરની સંગીન કેળવણીની ના પાડતા હતા. સ્ત્રીઓ સ્ત્રીઓ રહે, પુરૂષ ન થાય એમ કહી ઉંચી અંગ્રેજી વિદ્યા ભણી બી. એ. કે એમ. એ. જેવી ડીગ્રીવાળી સ્ત્રીઓ કાંઈ કામની નથી એમ જણાવતા હતા. સ્ત્રીઓનો હૃદય ભાવ વધારે સરલ ગ્રાહ્ય શક્તિવાળો હોઇ રસિક વિદ્યાઓ ભણવા કહી કઠીન વિષયોથી મગજને નબળું પાડતાં તે બોજામાં કચડાઈ મરી સ્ત્રીઓ આરોગ્ય સૌંદર્ય ગુમાવી નાખી યોગ્ય બલવાન પ્રજા નહિ ઉત્પન્ન કરી શકે એમ કહેતા ને કહે છે.

ભણેલી સ્ત્રીઓ કાગળો લખે, ભણેલી સ્ત્રીઓ બચ્ચાંને ધવડાવે નહિ, ભણેલી સ્ત્રીઓ રાંધવા ચોંધવાનું સારૂં ગૃહકાર્ય બજાવે નહિ, ભણેલી સ્ત્રીઓ બુટ, મોજાં પહેરી વડીલોની સારી માન મર્યાદા જાળવે નહિ, ભણેલી સ્ત્રીઓ ઘર રેઢાં મૂકી ગમે ત્યાં હરે

ફરે, ભણેલી સ્ત્રીઓ ઘરેણાં કરતાં લુગડાં પાછળ બહુ ખર્ચ કરાવે, ચાકર નોકર ગાડીઘોડાની તૃષ્ણા રાખે. ટુંકામાં અંગ્રેજી મડમોની છુટ તથા પારસી લેડીઓની ફેશનેબલ ખરચાળ રૂઢી જોઇ જુના લોકો ડરી મરે છે. ગરીબ હિંદી સંસાર, સાદો હિંદા ઘરવહેવાર, હીંદી ઘરધણીયાણી અને મુસલમાન ઘરરખુ બીબીઓના જુના રીત રીવાજને લઇને સરલ રીતે ચાલ્યો જાય છે તે આવી ઉચ્છૃંખલ કેળવણીથી ભાગી પડશે. પુરૂષવર્ગની સારી સગવડ અને અનેક હાજતો નિર્વિઘ્ને પાર પડે છે તે બધું જોખમમાં આવી પડી સંસાર દુઃખમય થઇ પડશે એમ ઘણાઓ કહે છે, સંસારી બજારૂ કાર્ય પુરૂષોને માથે નાખી હજારો વર્ષથી હિંદી સ્ત્રીઓ અજ્ઞાનને ઇ નિશ્ચિન્ત મને અને નિરાંતે નિદ્રા લે છે. પૈસા કમાવાનું હાડમારી ભર્યું કામ, રાજખટપટનો લોભી મામલો, જડબાં તોડે એવું ભાષાશાસ્ત્ર, મુંઝવી નાખે એવું મગજમારીનું ગણીતવિદ્યા વગેરેનું શિક્ષણ શા માટે તે કોમળાંગીઓને આપી કોમળતા, મધુરતા, સરલતા લૂંટી લેવાં જોઇએ ?

આવો આવો જુનો અસંમતિવાદ ઉઠવા છતાં લોકો તો જમાનાને નમ્યા છે દીકરીઓને, સ્ત્રીઓને ભણાવવા માંડી છે. સરકારી રાજનીતિ એ પક્ષમાં છે. છતાં સ્ત્રીઓને કેવી કેળવણી આપવી એ પ્રશ્ન તો હજી નિરાકરણ થયા વગરનો ચર્ચાયાજ કરે છે. જુના કાળમાં સેંકડે નેવું ટકા પ્રજા અભણ હતી એમ કહેવાય છે. મનુષ્ય વસતીના ૪૫ ટકા વસતી સ્ત્રીઓની ગણીએ તો તે તમામ અશિક્ષિત રહેલી હતી. રાંધી દેવું અને પ્રજોત્પત્તિ કરવી તેથી વિશેષ કામ સ્ત્રીઓનું જણાતું નહિ. આવા અભણ દેશી સ્ત્રી સમુહમાં હાથ જોનારા, જોશી લોકો, ભુવાઓ વગેરે વેહેમોને ફેલાવનારા

ફાવતા હતા. ઉચ્ચ કોમમાં કોઇ નાગર કે બ્રાહ્મણ કે વાણીઆની સ્ત્રીઓ નહિ જેવું વાંચવા લખવા શીખતી તો તે ઘરમાં શ્રીમદ્ભગવદ્ગીતા કે રામરક્ષાના પાઠ માત્ર કરતી હતી. તે કાળનું ભણતર આટલેથી અટકતું હતું.

જ્યાં સ્ત્રીઓ આવી અજ્ઞાન, વેહેમી અને બીનકેળવાએલી રહેતી હોય ત્યાં સંસાર સુખમાં શો સાર હોય? તેથી ગુજરાતી કવિઓ **શામળભટ, દલપતરામ કે નવલરામ** હરકોઇએ એ વિષયમાં કકળાટ લખ્યો છે? વગર જ્ઞાને વગર કેળવણીએ મનુષ્ય વર્ગમાં જે જે પ્રકારના દુર્ગુણ અને દોષ માલૂમ પડે છે તેવા તેવા સ્ત્રીવર્ગમાં વ્યાપી રહ્યા હોય એ દેખીતું છે. બીજી તરફ પાશ્ચાત્ય લેખકો અંગ્રેજી ગ્રંથકારો કે કવિઓ સ્ત્રીસહિત ઘરસુખને સ્વર્ગ જેવું ચિતરે છે. sweet home સ્વીટ હોમ એટલે મીઠું ઘર મીઠું ઘર? એવા ઉદ્ગારો આ દેશના સાહિત્ય કે નવલકથામાંથી મળી શકવા દુર્લભ છે. સંસ્કૃત સાહિત્ય કે સંસ્કૃત કાવ્ય નાટકાદિ ગ્રંથોમાંથી કંઈક સ્ત્રી પ્રશંસા, સ્ત્રી સદ્ગુણ કિંવા સ્ત્રીજાતિની ઉચ્ચતાના આદર્શ મળી શકે. પણ દેશી કે ગુજરાતી સાહિત્યમાંથી તે જેવું જોઇએ તેવું મળી શકે તેમ નથી. કેમકે તે વખતનો અભણ દરીદ્ર વેહેમી સંસાર દેશી કવિઓના અવલોકનમાં હતો. ભણેલી, સુઘડ ચતુર સ્ત્રીઓ જોયા વગર કવિઓ સ્વર્ગના આદર્શ સંસારમાં ક્યાંથી ઉતારી શકે? વિદ્યા કે જ્ઞાન વગર ચાતુર્ય, રસિકતા, સુઘડતા કે સંસાર સુખની ભવ્યતા જોવાઇ શકાતી નથી. અને જોવાયા વગર કાવ્યાદિ સાહિત્યમાં આલેખાતી નથી.

શામળભટનાં કેટલાંક ચિત્રો કે સ્ત્રીપાત્રો તો જુગુપ્સા ઉત્પન્ન

કરે છે. તેના કરતાં શિષ્ટતાનો નિયમ જાળવનાર કવીશ્વર દલપતરામની કવિતામાંથી—

ભાઇઓ જેની ભારજા ભુંડી રે,
તેને પીડા અંતર ઉંડી રે.

આ પરજ રાગમાં જે વર્ણન આપ્યું છે તેનાથી કોણ અજાણ્યું છે? સાક્ષર નવલરામભાઈ બાળલગ્ન બત્રીશી તથા સરકારી બાળ ગરબાવળીમાં હિંદી સ્ત્રીઓનાં જે આધુનિક ચિત્રો રજુ કરે છે તે કેટલાં દુઃખદાયક છે? નવલરામભાઈ દૂધને તથા પાણીને છૂટાં પાડી તેમાંથી દૂધપાન કરાવી શકે એવા હંસવૃત્તિના સાક્ષર વિવેચક હતા. છતાં તેમની દૃષ્ટિમાં વિદ્યા જ્ઞાન અને કેળવણી વગરનો દેશી સંસાર તદ્દન નિર્માલ્ય લાગ્યો છે.

કેવું આ કજોડું તે કહેવાય,
દેશી કહોને તમે કેવું આ કજોડું કહેવાય?
પુરૂષ આ પ્રવીણ પુરો, પુસ્તકો રચે છે:
પેલીથી ન પત્ર એ વંચાય.–દેશી કહોને તમે૦
ભાઇ તો નશીબનો નકાર કરે મૂળથી,
બાઈ તો ગરોડા પુંઠે ધાય–દેશી કહોને તમે૦
ઝાઝું શું કહેવું રે થોડું લખ્યે ઘણું માનજો,
અભણ વહેમી મુરખની એ રાય–દેશી કહોને તમે૦
ગુણનું કજોડું સર્વથી સંસારમાં,
લાજ જેની ના કદી ઓલાય–દેશી કહોને તમે૦
લાજ એ લાગી રહી છે ઠામઠામ નવલરામ,
આંખ જો ઉઘાડો તો દેખાય—
દેશી કહોને તમે કેવું આ કજોડું તે કહેવાય?

રા. નવલરામે કુદરતી સ્ત્રી સ્વરૂપ કેવું હોવું જોઇએ, અને તે આર્યકાળમાં આ દેશમાં કેવું હતું તેની ગરબી ગરબાવળીમાં લખી હાલનું સ્ત્રીસ્વરૂપ કેવું છે તે સંબંધી લખે છે કે.—

ધર્મ કર્મ ન કેળવો, ન આપો કંઈ પણ જ્ઞાન;
રાખો જો હેવાન તો, કયમ હોય ન એ હેવાન ?
સજ્જન સંસારનું નૂર છે નાર.

હા અબળાઓ હાયરે ? હાલ છે જ હેવાન ?
ખાવું પીવું ખેલવું, એ ત્રણનું જ જેને ભાન.—
સજ્જન સંસારનું નૂર છે નાર.

જ્યાં હેવાનજ હારનો, સઘળો સુંદરી સાથ;
ત્યાં જીવ્યાથી તો ભલું—ખરે મરણ નવલનાઓ નાથ—
સજ્જન સંસારનું નૂર છે નાર.

આદિ કવિ નરસિંહ મહેતાથી ગુજરાતી કાવ્ય સાહિત્ય ચાલુ થયું ગણીએ તો આધુનિક કવિ નવલરામ સુધી એ સાહિત્ય લંબાય છે. વચમાં પ્રેમાનંદ કવિની મામેરાની વડસાસુની નાગરી રીતભાત આપણે વાંચીએ છીએ. શામળભટે જે અષ્ટવાડો દરશાવ્યો છે તે પછી ભવાયા લોકોએ જ્ઞાતિવાર સ્ત્રીઓનાં લક્ષણો બાંધ્યાં છે. તથા કૃષ્ણરામના કળીકાળના ગરબામાં પણ સ્ત્રીચિત્ર ખડું કર્યું છે તેનું નિષ્પક્ષપાત અવલોકન કરતાં ખેદ જ ઉત્પન્ન થાય છે.

સ્ત્રીઓની આવી હલકટ અને શોચનીય સ્થિતિ અવિદ્યા તથા અજ્ઞાનથી હોવી જોઇએ. સ્ત્રીઓને કેવી કેળવણી આપવી એ બારીક સવાલ છે. સંગીન વિદ્યાના વિષયો મગજમાં ખીચોખીચ ભરી દેવાથી, ટુંકામાં જ્ઞાનનો અતિ બોજો નાખવાથી સ્ત્રીઓનું સૌંદર્ય,

આરોગ્ય તથા જનનશક્તિમાં શી ખામી આવે છે, એ વૈદ્યવિદ્યાનો સવાલ લાગે છે, અને જમાનો એ બંને સવાલોનો યોગ્ય ફડચો કરશે. તથાપિ વિદ્યા, જ્ઞાન, કે કેળવણી વગર સ્ત્રીઓ તથા હિંદી સંસાર કેટલી અધમ સ્થિતિએ પહોંચી ગયો છે તે ઉપર જણાવેલા કવિઓ તથા તેમની કવિતાથી, કહેવતોથી, બીજાં સાહિત્યથી અને રૂઢીઓથી અરીસા પ્રમાણે દેખાઈ આવે છે. જેનું કારણ અવિદ્યા કે અજ્ઞાન તેનું ઔષધ વિદ્યા અને જ્ઞાન હોઈ શકે છે.

જેમ હાલની પાશ્ચાત્ય યુરોપીયન સ્ત્રીઓ કેળવણી લઇને વિદ્યાકળામાં આગળ વધી છે, તેમ પ્રાચીન ભારતવર્ષની આર્ય સ્ત્રીઓ પણ ભણેલી, વિદુષી અને બહાદુર હતી. તેથી મનુષ્યમાત્ર સ્ત્રી કે પુરૂપ, બાલયુવા કે વૃદ્ધ ગમે તે સ્થિતિમાં ભણેલાં જ જોઇએ. સ્ત્રી કેળવણી વગર સ્ત્રીઓની બુદ્ધિ શક્તિ કે મનોવૃત્તિ વિકાસ પામતી નથી. જગત્‌માં કોઇ પદાર્થ કે પ્રાણી કેળવ્યા વગરનાં કામમાં આવતાં નથી. હાથી, ઘોડા, બળદ અને સિંહ વ્યાઘ્રાદિ હિંસક પ્રાણીયો પણ કેળવ્યાથી કેવાં તાબેદાર અને કામનાં બની જાય છે? કેળવ્યા વગરનો એક કૂતરો પણ ભારે પડે છે. તો કેળવ્યા વગરનાં ઐરાં છોકરાં અવતાર લઈ આ જગત્‌ને કેવળ ભારરૂપ જ થઈ પડે છે. આવી અવદશા આદેશે લાંબો કાળ ભોગવી છે. તેથી ભારતનો સ્ત્રી સમાજ ઘણીજ પડતી સ્થિતિ ભોગવે છે. પશુ પ્રમાણે ખાનપાનાદિ વ્યવહારની જ કંગાળ જીંદગી ગાળે છે. હિંદી સંસારમાં ઘણુંખરાં ઘરકામ પુરૂષની સહાય કે સામેલગીરી વગર થઈ શકતાં નથી. આ અગાધ સંસાર સાગરમાં ખરે વખતે પુરૂષને સ્ત્રીઓની જેવી જોઇએ તેવી સહાયતા મળી શકતી નથી.

જ્યારે હિંદી સ્ત્રીજાતિની આવી કંગાળ દશા થઈ છે ત્યારે તે

પ્રકારના ઘણા રીતરીવાજ દાખલ થયા છે. સ્ત્રીવર્ગનું લાઇબિલ કરનારૂં ઘણું સાહિત્ય હિંદની દરેક દેશી ભાષામાં ઉત્પન્ન થયું છે. આ દેશની સ્ત્રીઓને અશિક્ષિત રાખવાથી તેઓ નિંદાપાત્ર ભારરૂપ થઇ પડી છે. મનુસ્મૃતિમાં કહે છે કે **जामयो यत्र शोचन्ति विनश्यत्याशुतत्कुलम्** એટલે જ્યાં સ્ત્રીઓ દુઃખી થઇને રૂદન કરે ત્યાં તત્કાળ કૂલનો નાશ થાય છે. આ દેશમાં દીકરીઓને પરણાવીને પીયરીયાં સાસરે વળાવે છે ત્યારે તે ધ્રૂશકે ધ્રૂશકે રોતી જાય છે, અને અશ્રુપ્રવાહને ગતિ આપતાં બૈરાંઓ વળાવવાનું કરુણારસિક ગીત ગાય છે. યુરોપીયન કન્યાઓ પરણીને ધણી જોડે પરદેશમાં હનીમુન ભોગવવા જાય છે ત્યારે તે રડે છે એવું કયાંઇ વાંચ્યું છે? સાસરે જતી દીકરીઓ ત્યાં ન રૂવે ને આ દેશમાં રૂવે તેનું કારણ શું? સ્નેહવિયોગનાં દુઃખ બધે સરખાં હોય. મોટી ઉમરની દીકરીઓ તો હવે અહીં પણ પરણે છે. પણ માબાપથી જૂદી પડતી હિંદી દીકરી જેટલી રડે છે તેટલી સુધરેલા દેશની પરણતી દીકરીઓ સાસરે જતાં રડતી નથી એ દેખીતું છે. આથી એમ લાગે છે કે અજાણી બાળાને સાસરાની શૂળીનાં દુઃખો રડાવે છે.

આ નીચે લખેલો ગગનભેદી કરૂણારસિક રાસડો કાઠિયાવાડમાં જાગરણ કરવાની રાત્રીએ જુવાન હલેતી સ્ત્રીઓ ગાય છે.

સાસરીએ સાસૂડી સંતાપશેરે, ઓલ્યો કાહીડો દેશે ગાળ;
માડી નહીં રે જઇએ અમે સાસરે રે?!
સાસરીએ છોરૂડાં સંતાપશે રે, ઓલી નણદી બોલે વાંકાં વેણ;
માડી નહીં રે જઇએ અમે સાસરે રે?!

માત્ર ધર્મ કે કર્તવ્ય બજાવવા જ નહિ, પણ જીવન ગાળવા, સુખી થવા, સંસાર સુખ લેવા સાસરે જવાનું છે. તો જવાની શા માટે આ કવિતામાં ના પાડવામાં આવે છે? આગળ લખેલા પુરૂષ કવિઓ સ્ત્રીઓની અણસમજનો ચિતાર ખડો કરે છે, તેમ સ્ત્રીઓ પણ આવાં કાવ્યોથી રડે છે અને સાસરવાસથી ડરે છે, તેથી એમ લાગે છે કે આવી પરસ્પર રડવા બળવાની લીલા અજ્ઞાનની છે. અહા! લગ્ન સુખ આવાં હોય? પરસ્પર રડવાબળડવા માટે લગ્ન સંસ્થા ઉભી કરવામાં આવી છે?

છોરૂ શા માટે સંતાપે? તેને એકલીને સંભાળવાં પડે તે માટે. નણંદ વાંકાં બોલે કે સાસુ સંતાપે તે ક્યાં છાનું છે? સાસુ વહુની લડાઈ અને લલિતા દુઃખદર્શક નાટક વગેરેથી એવા દુઃખના આદર્શ સૌએ જોયા છે. કાઠીઓ કાઠીયાવાડમાં બહારવટું કરતા તેથી સ્વામીનાથ જે ધણી તેને કાઠીની ઉપમા આપી છે. કાઠી શું કરે? ગાળ આપે. ધણી ગાળો દેવામાં ધણીપણું અજમાવે છે એવો અનુભવ હોવાથી દીકરીઓ રૂવે છે કે ગાળો દેશે. પ્રેમલગ્ન કે સ્વયંવર લગ્ન હવે આ દેશને બંધ બેસતાં થશે કે કેમ તે બાજુએ રાખતાં હજી દીકરીને ગાય જ્યાં દોરે ત્યાં જાય એવો રીવાજ ચાલુ રહ્યો છે. તેથી કન્યાવિક્રય કરનારાં માબાપ ગમે તેવા ઘરડા બુઢ્ઢાને કે શોક્યના સાલ ઉપરજ બીજવરને દીકરીઓ આપે છે. ૭૦ વર્ષના બુબખ હાડપિંજર જોડે કાંકણદોરા બાંધે તોય તે કન્યારૂપી અવાચક યજ્ઞપશુને વાચા ઉઘડતી નથી. ના પાડવાની કોઇને કે તેને સત્તા નથી.

મહુવા નજીક દક્ષિણ કાઠિયાવાડમાં રાજુલા ગામ છે ત્યાં દીકરીઓને દેવાથી વિલાપનો રાસડો જોડાયેલો તે તરફ ગવાય છે. તેમાં "તજ્જે તમે કેફ કરમ કરવું" એ દલપતરામની ગરબીનો રાગ છે.—

માડી મને રાજુલે શીદ દીધી ? અરર મને રાજુલે શીદ દીધી ?
રાજુલાનાં પાણી છે ઉંડાં, તે તો મારે ઝેરતણાં કુંડાં.–માડી૦
રાજુલાની પાણાળી ધરતી, તેતો વાગે છાતીમાં બરછી–માડી
મને રાજુલે શીદ દીધી ? અરર મને રાજુલે શીદ દીધી ?

અર્થાત્ સ્ત્રી દશાની આ લાંબી કર્મકથા અથથી ઇતિ સુધી બોલવાનો આ નિબંધ નથી. ટુંકામાં એટલું જ કે વિદ્યા, જ્ઞાન અને કેળવણી વગર એથી એ વધારે અધમતા આવી શકે. તેથી કેળવણીને ધન્યવાદ આપી આગળ વધતાં સ્ત્રીઓને હવે ન ભણાવવી એવો વહેમ કે વાદવિવાદ બંધ પડયો છે. તેની આવશ્યકતા સૌ સમજ્યા છે તેથી મેળાવડા ભરી ભણતી કન્યાઓને ઇનામો પણ આપે છે. સારૂં પ્રોત્સાહન તથા ઉત્તેજન બંધાઓ આપે છે. તેથી ભવિષ્ય સુધરવાની આશા બંધાય છે.

પ્રકરણ ૪ થું.

ગુજરાતી ભાષાનું ઐક્ય.

કાઠિયાવાડની નિશાળોમાં હોપ સીરીઝની ગુજરાતી વાચનમાળા દાખલ કરી, તેથી અને માસિકો, પુસ્તકો, વર્ત્તમાનપત્રો વગેરેનાં વાંચવાથી મોટામાં મોટો અને ખુલ્લો ફેરફાર ભાષામાં થયો. સુરતથી ઉત્તરે ગુજરાત તથા ધંધુકાથી દ્વારિકા સુધી અને મોરબીથી દક્ષિણે ઠેઠ મહુવા સુધી ઘણું કરીને એક સરખી ભાષા લખાવા બોલાવા લાગી છે. "બાર ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા" એવી કહેવત હવે ખોટી પડતી જાય છે. ઘણું કરીને એમ લખવું હજી સકારણ છે. ઝીણા ઝીણા ભેદ હજી ગયા નથી. લખવા કરતાં બોલવામાં એ સંસ્કાર વધારે રહે છે. અમદાવાદ, ખેડા તરફનાં બાલકો જમી "ખઇ ઉઠયા" એમ બોલે છે. તે ખાઇ ઉઠયા કહેવું જોઇએ તેને બદલે ઉતાવળમાં કાનો ઉડાવી દે છે.

સુરત, અમદાવાદ તથા કાઠિયાવાડ તરફની હજારો નિશાળોમાં એક સરખું વાચન લેખન શીખવવાથી સાઠ વર્ષમાં તેનો આ સારો ફેરફાર થયો છે. કચ્છ, કાઠિયાવાડ અને અમદાવાદ, સુરત, મુંબઈ તરફની ભાષા તો ગુજરાતી જ હતી. પણ તેથી કાંઈ તે એક સરખી બોલાતી નહિ. અમદાવાદ, ખેડા અને ચરોતર, વડોદરા તથા ભરૂચ વિભાગની તેમ જ સુરત, વલસાડ, નવસારી અને દમણ વિભાગની તથા મુંબઈ તરફની ભાષામાં પ્રાંતભેદને લઇ જેવી

જેવી ગ્રામ્યતા હતી તેવી ગ્રામ્યતા કાઠિયાવાડમાં પણ પુષ્કળ હતી. ઝાલાવાડ અને મચ્છુકાંઠો, હાલાર અને ઓખામંડળ, સોરઠ અને મધ્ય કાઠિયાવાડ તથા ભાવનગર, મહુવા અને ઘોઘા તરફ પ્રાંતભેદની ઘણી ઘણી ગ્રામ્યતા, જાડચતા, ભાષામાં દેખાતી. તે સરકારી કેળવણીની એકતાને લઇને ઘસાઇ જવા લાગી છે. એ ગ્રામ્યતા શિષ્ટ લેખકો સમજવા લાગ્યા છે. અને તજવા લાગ્યા છે. જો કે ઓછાવામાં હજીએ રહે છે. વહાણો મારફતે મુંબઇ, કરાંચી, એડન, તથા ચીન, આફ્રીકા જોડે કાઠિયાવાડને જે દરિયાઈ વેપારનો સંબંધ હતો તે હવે સ્ટીમરો માર્ફત વધ્યો છે. અને રેલવે લાઇનો વધી પડવાથી ગુજરાતનો સંબંધ પણ વધારે જોડાઈ ગયો છે.

તેમ છતાં હજી કન્યાઓની લેવડદેવડમાં ગોળ બાંધ્યા છે. એટલે અમુક હદ બાંધી છે. તે હદબહારના દેશમાં કે ભાણે ખપતી પરનાતમાં કન્યાઓ દેવાલેવાથી દંડ કે જાતિ બહિષ્કારની સજા ઠરાવી છે. પોશાકનો ભેદ જાળવી રાખ્યો છે. હાલાર અને ઝાલાવાડ, ઓખામંડળ, મચ્છુકાંઠો અને મધ્ય કાઠિયાવાડમાં માણા જેવી વાંકી કે પાંશરી ફેંટાની પાઘડીઓ માથે મેલે છે. જુનાગઢી નાગરોની પાઘડી જુદી ફેશનની ત્યારે વેરાવળ, પોરબંદર, કોડીનાર, દેલવાડા તરફના છાપરીઆ પાઘડી મૂકે છે. ઘોઘારીઓ છાપરાના ઢાળ જેવી આગળ તોરાવાળી પૈઠની પાઘડીઓ પહેરે છે. કેટલાકો આંટી પાડેલા વળદાર ફેંટા બાંધે છે ત્યારે કેટલાકો સાફા કે ફટકા બાંધે છે. ગીરાસદારો અને રાજકુમારો પંજાબી સાફાઓ કે ફટકાઓ બાંધે છે. તેના અનુકરણમાં એવા ફેંટા ફટકા વધતા જાય છે. વિદ્યાર્થી વર્ગ ફેંટા બાંધતો તે હવે કાળી ટોપીઓ બહુધા પહેરે છે. જૂદા જૂદા રંગબેરંગી ચિત્રવિચિત્ર પોશાકો જોવાની મુંબઈમાં મઝા પડે છે.

અંગ્રેજોના સહવાસથી કોટ, પેંટલૂન, ખમીસ, નેકટાઇ તથા બુટ મોજાં વગેરે ફેશનો વધી પડી છે. પણ તે અગાઉ ઝભા પહેરણ અને કડીયા અંગરખામાં પણ પ્રાંતભેદના તફાવતો હતા. આવા તફાવતો હતા, તે તફાવતો હજી ગયા નથી પણ ભાષા વૈચિત્ર્ય નીકળી જવા લાગ્યું છે. જો કે સાક્ષર નરસિંહરાવ ભોળાનાથ દીવટીઆનો હકાર કાઠિયાવાડી ભાષામાં નહોતો ને નથી. તેથી તે બોલાતો નથી તેમ લખાતો નથી. હાલના કોઈ લેખકોએ હકારવાદનું અનુકરણ કરી હકાર ઉમેરવા માંડયો હોય તે અપવાદ ગણતાં હકારનો ખરેખરો ઉપયોગ થયો નથી. કાઠિયાવાડી શિષ્ટ ઉચ્ચારમાં પણ હકાર જણાતો નથી. કોઇ ચાવી ચાવીને બોલે અને લેંહેકાવીને બોલે ત્યારે હકારનો સેહેજ ઉચ્ચાર થાય છે.

અમારૂં, તમારૂં, તારૂં, મારૂં, જ્યાં, ત્યાં, અમે, તમે, નાનું, મોટું, નાનચંદ, કાનજી. જ્યારે ત્યારે દાડો, દાડીયાં વગેરે અનેક શબ્દોમાં હાલમાં હ ઉમેરવાની ચર્ચા ચાલે છે તેનો શિષ્ટ ઉચ્ચાર હકાર વગરનો જ થાય છે. આમાં જે હકારનો લોપ થાય છે. તે હકારનો લોપ ગ્રામ્યતામાં એટલે સુધી દેખાય છે કે જ્યાં ખાસ હ જોઇએ ત્યાં પણ અભણ લોકો હ વગર બોલે છે. કહેવું, રહેવું, પહેલું, મેહેતાજી વગેરે શબ્દોને ગ્રામ્ય ઉચ્ચારમાં કેવું, રેવું, પેલું, મેતાજી એ રીતે અશુદ્ધ બોલે છે.

આ પ્રકરણમાં આપણે જોડણીનો સવાલ છેડતા નથી. ભાષાશૈલી કેવી રાખવી તે પણ અત્ર પ્રાસંગિક નથી. પ્રથમ ભાષામાં વૈવિધ્ય અને અશુદ્ધિ કે ગ્રામ્યતા હતી તે સ્થળે સમાનતા, શુદ્ધિ, અને નાગરિકતા આવતી જાય છે એ આ પ્રકરણમાં સિદ્ધ કરવાનું

હોવાથી કેવા ગ્રામ્યતા હતી તે દિશારૂપે માત્ર બતાવીશું. રાજકોટ, ધ્રોળ, ગોંડળ વગેરે હાલાર તરફ "વાંકણે બેશ" એમ "ત્યાં બેશ"ને હઉએ બોલે છે. ગોહિલવાડી વાળાક તરફ ત્યાંને ન્યા બોલતા ત્યારે આ રાજકોટીઓ વાં બોલે છે. જામનગર, દ્વારિકા અને હાલાર કચ્છ તરફના લુહાણા ભાટીઆ વગેરે લોકો ળ કારનો રકાર બોલે છે. થાળી, ગોળો, કળશીયો એને થારી, ગોરો, કરશીયો કહે છે. આવી હાલારી ગ્રામ્યતા શિષ્ટ ઉચ્ચારમાંથી ઘટતી જાય છે અને લખવામાં તો લાવતા નથી.

જુનાગઢ અને વેરાવળ પોરબંદર તથા નાઘેર તરફના લોકો ચોપડીને ચોપડી કહે છે. અને તે તરફના નાગર બ્રાહ્મણો તાળુ શ વારંવાર વાપરે છે. સાળાને શાળો કહે છે. ઝાલાવાડી ગ્રામ્યતા તો ઘણી વિચિત્ર સંભળાય છે. તેઓ વારંવાર ચ કાર વાપરે છે. જેમ કાકીને કાચી કહે છે. વળી ખેતરને છેતર તથા ગઇ છું ને જઇ છું બોલે છે. વાળાક તરફના દક્ષિણકાંઠાના ગોહિલવાડીઓ સાકર, સમજણ, સાદ, સાંબેલું ને હાકર, હમજણ, હાદ, હાંબેલું, એવા ઉચ્ચાર કરે છે. એમાં શુદ્ધ હ નો ઉચ્ચાર કરતા નથી પણ કોમળ જૂદી તરેહના હ નો ઉચ્ચાર કરે છે. તેથી લખવામાં તો સ જ લખવો પડે છે. સુરતીઓ તાળુ શ નો હ બોલે છે. જેમ શાકને હાક. ત્યારે ગોહીલવાડીઓ વારંવાર દંતી સ નો હ બોલે છે. ગયો ને ગ્યો ને થયો ને થ્યો બોલે છે. જવું ને થવું ને દરેક રૂપમાં જાવું ને થાવું કહે છે. કરીશું, મરીશું, ભરીશું એને કરશું, મરશું, ભરશું, દઇશું, લઇશું ને દેશું, લેશું કહે છે. જાય છે, કરે છે, આવે છે ત્યાં જાયસે, કરેસે, આવેસે એમ બોલતા હતા.

કાઠિયાવાડના વિભાગવાર એવા ઘણા ગ્રામ્ય અશુદ્ધ ઉચ્ચાર ચાલતા તે હવે શિષ્ટ વર્ગમાંથી તો જતા રહ્યા છે. સામાન્ય પ્રજા જનમાં હજીએ છે. બાલકોને ઘરનો ને બહારનો સંસ્કાર તો આવો ગ્રામ્યતાનોજ થતો પણ નિશાળનો સંસ્કાર શુદ્ધ થવાથી ભાષા સુધરતી જઈ એક થતી જાય છે. નારીજાતિનું બહુ વચન કરવામાં ઉં કેયું ઓને બદલે ઉમેરતા હતા. તેથી મરહુમ રા. સા. મહીપતરામભાઈના વ્યાકરણમાં તે રૂપ મૂક્યું છે. ઘોડી, ખુરશી, બાઇડીનું બહુ વચન ઘોડીઉં, ખુરશીયું, બાઈડીઉં એમ બોલતા હતા. હવે નવા ભણેલાઓ સ્ત્રીજાતિનું બહુ વચન ઓ ઉમેરીનેજ બોલે છે. સોપારી કેવું, તજ અને ચાહા કેવો એમ ગોહીલવાડ તરફ બોલે છે; ત્યારે ઝાલાવાડ, હાલાર વગેરે તરફ સોપારી, તજ અને ચાહા કેવી એમ નારીજાતિમાં બોલે છે એવો ભેદ તો હજીએ છે. કવિ દલપતરામભાઈએ આ લેખકને કહેલું કે રોડી અને વાંકડી એ સોપારીના વિશેષણ નારી જાતિમાં જ્યારે સૌ બોલે છે ત્યારે રોડું અને વાંકડું બોલતા નથી તેથી સોપારીની નારીજાતિજ ખરી હોવી જોઇએ.

જેમ કાઠિયાવાડમાં છે તેમ ગુજરાતમાં, ચરોતરમાં, સુરત તરફ પણ બધી ગ્રામ્યતા હજી ઘસાઇ ગઈ નથી. જુના માણસો જેવાં કે ચરોતર તરફના પેંપળો, લેમડો, હેંડ જેવું બહુ અશુદ્ધ બોલે છે. કાઠિયાવાડમાં હલકી વર્ણમાં એવી ઘણી ગ્રામ્યતા છે. પણ સાક્ષર લેખોમાં ગુજરાતમાં એવા કોઈ કોઈ પ્રયોગ જોવામાં આવે છે. લખવા કરતાં બોલવામાં તો ઘણા આવે છે. જ્ઞાનસુધાના વિદ્વાન તંત્રી રાવ બહાદુર રમણભાઈવાળા તે ચોપાન્યામાં થોડી મુદત ઉપર છેલ્લા પાના ઉપર એક હાસ્યરસિક રૂપક મૂક્યું હતું કે " વંટોળીયાનું :વાવાઝોડાનું એક ભારે તોફાન થયેલું. તેની અસર ભાષા ઉપર એવી થઈ કે કેટલાક

શબ્દોમાંથી કાના માત્રા ઉડી ગયાં ને કેટલાને તે વળગી ગયાં !" એમ કહી એવા શબ્દોની ટીપ આપી હતી. એટલે સાક્ષર ઉચ્ચાર કે લેખમાં એવા પ્રયોગ થાય છે તે તેમના જાણવામાં છે.

પોત પોતાના દેશ પ્રમાણે બોલી જવાય, બોલવામાં સંભાળ પુરે પુરી રહે નહિ. પણ સાક્ષર લેખમાં એ જ્યારે એવી ગેરસંભાળ જોઇએ છીએ ત્યારે પ્રાંત ભેદના બળનો ખ્યાલ થઈ શકે છે. ચતુર સાક્ષર નવલરામભાઈ અન્યની ટીકા લખતા હતા પણ પોતે "એના હરાડે વાંકડાં, કામદારોની કોડે." આમાં હરાડ કે અરાડ ને કાઠિયાવાડમાં અદ્દાર કહે છે. હોળવું, હેલી, કેડ વગેરેને કાઠિયાવાડમાં એલી વધારે લંબાતા વર્ષાદને કહે છે. કેડને કડ (સંસ્કૃત કટિ) કહે છે. ચૂલા નજીકનાને ઑલો કહે છે, તેમ માથું ઓળવું કહે છે. કવિ દલપતરામ જુના બુદ્ધિપ્રકાશમાં આવી ચર્ચા લખતા હતા.

આ લેખકને કવિ દલપતરામે કહેલું કે બીજા પુરૂપ એક વચનમાં ત્રીજા પુરૂપ એક વચન પ્રમાણે તું ખાય છે, તું જાય છે, તું કરે છે એમ કાઠિયાવાડમાં બોલાય છે. કેટલાક તું જાછ, તું કરછ, તું બોલછ એવા ટુંકા પ્રયોગ કરે છે. પણ અમદાવાદ ચરોતર તરફ પહેલો પુરૂપ એક વચન જેવો પ્રયોગ કરે છે. ભેંશનો ધણી ભેંશ ઉપર ગુસ્સો કરી બોલે છે કે "રાંડ ખાણ ખાઉં છું, ખડ ખાઉં છું ને દોતી વખત નાતરે જાઉં છું ?!"

સાક્ષર લેખોમાં નવલરામભાઈ ઉપરાંત મનઃસુખરામ તથા મહીપતરામભાઈ જેવાના લેખોમાં પણ કોઈ કોઈ ગ્રામ્ય પ્રયોગ થઈ ગયા છે. સામાન ને સામન, ચોમાસાને ચામાસું, સોંધું મોંઘુંને સાંધુ માંધું, ભોંયને ભાંય, ભરડાને ભયડો, વગેરે પ્રાંતભેદની અશુદ્ધિ દષ્ટિગોચર થાય છે. આવી ચર્ચાથી પ્રાંતભેદનો ઝગડો ખડો કરી કાઠિ-

ચાવાડનો કક્કો ખરો કરવાનો કોઈ હેતુ છેજ નહિ. પણ ક્રમશઃ એવી ગ્રામ્યતા હવે દૂર જતી જાય છે. ભાષાનું એક શિષ્ટ ચોકસ સ્વરૂપ ઘડાતું જાય છે. લલિત કાઠિયાવાડી કવિ છે. ખબરદાર પારસી કવિ છે. નાનજીઆણી મુસલમાન સાક્ષર છે. રાવબહાદુર કમળાશંકર સુરતી સાક્ષર અને રાવસાહેબ કેશવલાલ ધ્રુવ ઉત્તર ગુજરાતના વિદ્વાન છે. તેમ છતાં એ બધાની ભાષા એક સરખી થતી જાય છે. એટલે ભવિષ્યમાં સાક્ષર લેખોમાં પ્રાંતભેદની ગ્રામ્યતા રહેશેજ નહિ એમ બતાવવાનો હેતુ છે.

વિદ્વાનો હજી જોડણીમાં એક મત થયા નથી સરકારી ભણવાની ચોપડી તથા સરકારી શાળાપત્રની જોડણી અને સાહિત્ય પરિષદે પાંચ વિદ્વાનની કમીટી નીમી હતી તેમની જોડણી એક સરખી નથી. તેમાં મતભેદ ઉભા રહ્યા છે. પણ સંસ્કૃત ભાષામાંથી આવેલા કેટલાક શબ્દોની જોડણી અસલ પ્રમાણે રાખવાનો મત પગભર થતો જાય છે. જેમકે નદી, સતી, સરસ્વતી વગેરેમાં અંત્ય ઈ દીર્ઘ લખવો પણ મણિ, મતિ, બુદ્ધિ, પ્રીતિ, નીતિ વગેરે શબ્દોમાં અસલ પ્રમાણે અંત્ય ઇ હ્રસ્વ લખવો. કેટલાક એમ કહે છે કે ભાવનગર તરફની શિષ્ટવર્ગની ભાષા હોય વાચનમાળાને વધારે મળતી હોઈ વધારે શુદ્ધ છે. ત્યારે કેટલાક કહે છે કે અમદાવાદ તરફના નાગર શિષ્ટ વર્ગની ભાષા વધારે શુદ્ધ છે. કાઠિયાવાડી સાક્ષરો શુદ્ધ ભાષા બોલતા લખતા થયા છે તેથી તેમના અનુકરણી પ્રજા જનો પણ એજ રૂઢી સ્વીકારે છે. અમદાવાદ નડીયાદ અને સુરત જોડે કાઠિયાવાડને નવી કેળવણીથી સાઠ વર્ષમાં ઘણી એકતા થઈ ગઈ છે. તેથી ભાષાની શુદ્ધતા, સરલતા, સુઘડતા, રસિકતા પ્રાપ્ત કરી છે.

પ્રકરણ ૫ મું.

——*—*—*——

ટ્રેઇનીંગ કોલેજ.

અમદાવાદની મેલ ટ્રેનીંગ કોલેજમાં સીન્યર કલાસ હતો તેમ કાઠિયાવાડમાં રાજકોટમાં પુરૂષની ટ્રેનીંગ કોલેજ ઉઘાડી હતી. તેના અધ્યાપક સાક્ષર નવલરામભાઈ ગુજરાત શાળાપત્ર ચોપાન્યું કાઢતા હતા. આ ટ્રેનીંગ કોલેજમાં ભણનારા ટ્રેન થતા હવે સીન્યર પણ થાય છે. આ ટ્રેન અને આ સીન્યર મેહેતાજીઓ નિશાળોમાં પથરાઈ ગયા હતા. શેહેરમાં એ પાંચ ભણેલા, ડાહ્યા કે અનુભવી નીકળે ત્યાં શેહેરનો મેહેતાજી અગ્રેસર તો ન થાય પણ ગામડામાં તેના જેવો ઉજળી કોમનો ભણેલો બહુધા તે એકજ હોય. તેથી તેના ગામે ગામ મેહેતાજીઓ પૂજાવા લાગ્યા હતા. હાઇસ્કુલ કે અંગ્રેજી નિશાળ તો હજીએ મોટાં શેહેરમાંજ હોય છે તેથી ગુજરાતી તાલુકા માસ્તર અને હેડ માસ્તર એવો જોગ બધા ગામમાં ન હોય.

મહેતાજીઓ સારૂં ગુજરાતી શિક્ષણ લઇને ગુજરાતી હોપસીરીઝની સાત ચોપડીઓ, ભૂગોળ, ખગોળ, ઇતિહાસ, ઊંચું ગણીત વગેરે શાળામાં શીખવતા હતા અને વિદ્યાર્થિના માબાપો તેને ડાહ્યો તથા મોટો માણસ માનતા હતા. તે વખત શારીરિક કેળવણી કે કસરત તરફ જાઝું લક્ષ હતું નહિ, તેમ નીતિના શિક્ષણ તરફ ખાસ વલણ દેખાતું નહિ. તેને લઈ પાંચ પચીસ વર્ષે ચરિત્રબળ ઘટ્યું, ધર્મભાવના ઘટી ગઈ અને નવા ભણનારા શરીર બળમાં ઘટ્યા. હુન્નર ઉદ્યોગ માટે પણ બહુ લાગણી નહોતી, અને પશ્ચિમની કારીગરીથી મોહાઈ

પરદેશી માલની આયાત વધી જવાથી તથા તેને બદલે કાચા પદાર્થોની નિકાશ ચાલુ રહેવાથી દિવસે દિવસે દેશ દરીદ્ર થતો ગયો. દેશી હાથના ઉદ્યોગ ઝાંખા પડયા અને સંચાનો માલ ખપવા લાગ્યો.

આવા પરિણામથી લોકોની આંખો ઉઘડી. એકલું ભાષા જ્ઞાન કે પાંડિત્યથી લોકો કારકુની વગેરે નોકરીઓજ માગવા લાગ્યા છે. બાપદાદાના ચાલુ ધંધા ખીલવવા વધારવાને બદલે તે તજતા જાય છે. અને માસ્તરની, વકીલની કે ડાકટરની નોકરી લેવા લાગ્યા છે. આરોગ્ય અને આયુષ્ય ઘટાડી નાની ઉંમરથી આંખે ચસ્માઓ મેલી રાજા રજવાડામાં નોકરીઓ શોધનારા એટલા બધા વધી પડયા છે કે તેમને ઠેકાણે પાડવાનું કામ દુર્ઘટ થઈ પડયું છે. ઉંચી કોમવાળા વાણીયા, બ્રાહ્મણ, નાગર, લુહાણા, ભાટીયા, ખોજા, વોહોરા ભણવા લાગ્યા તે બધા નોકરીમાં દાખલ થવા લાગ્યા છે. બ્રાહ્મણો તો ઘણું કરી ભિક્ષાવૃત્તિ કરતા, અને ગોર પદવી ભોગવતા હતા. કથાઓ વાંચતા કે વૈદું કરતા, કે માથામાં ટીપણું ઘાલી જોશીનો ધંધો કરતા હતા. આવી સાત્વિકી વૃતિવાળી જાતિ ભણીને મેહેતાજીની નોકરી કરવા લાગી તે તો ઠીકજ થયું છે. અસલ ધંધો ગુરૂ પદનો હતો તે મેહેતાજી કે માસ્તર થઈ નવી રીતે મેળવી લીધો તેમાં ખોટું થયું નથી. ઘણાખરા મેહેતાજી કે માસ્તરો બ્રાહ્મણ કોમના જ જોવામાં આવે છે. નાગરો બાદશાહી વારાથી રાજ્યકીય કામમાં જોડાએલા હતા તેથી તેમને નોકરી કરવામાં હાનિ હતી નહિ. પણ વેપારી સાહસીક લોકો વાણીયા, લુહાણા, ભાટીયા તથા મેમણ ખોજા વોહોરા જેમના વડવાઓ દેશ પરદેશ વેઠી લાખોનો વેપાર ખેડી ધનાઢ્યો થઈ હજારો વાણોતરો કે કારકૂનોને નીભાવતા તેઓ નોકરીઓ લેવા લાગ્યા છે અને ધંધાઓ ખોતા જાય છે તેથી દેશને આર્થિક હાનિ થઈ છે.

જુના જમાનામાં વૈદ્યનો કે કજીયા દલાલનો ધંધો બહુ ચીકતો હતો નહિ. ઇન્જિનેરો કે માસ્તરો મોટા પગારદાર હોયજ શાના ? દેશી વૈદ્યો પડીકાં દેતા, જુલાબ કે ભસ્માદિ દવાઓ દેતા, ઘેર ઘેર જોવા જતા પણ ડાકટર સાહેબના જેવો આબરૂદાર ધંધો તે ગણાતો નહિ. તેમ કમાઈ પણ બહુ નહોતી. કેટલાક ગૃહસ્થ વૈદ્યો ઉપકારને ખાતર મફત દવાઓ પણ દેતા. છેલ્લા વખતમાં કાઠિયાવાડમાં પ્રશ્નોરા બ્રાહ્મણો એ ધંધો કરતા તે રોજ દ્રવ્ય લેતા નહિ. ગામ ખાતે પારાયણો વંચાવતા અને તેમાં દાન દક્ષિણા તરીકે બદલો વાળતા હતા. વકીલની સંસ્થા તો જણાતી નહિ. વેપારીનો દીકરો સાધારણ ભણી બાપની દુકાન સંભાળી લઈ વૃદ્ધ બાપને પડખે લાકડી રૂપ, ટેકા રૂપ થતો અને માતા પિતાને માથેથી ગૃહભાર ઉતરતો. વહુઓ સાસુ પાસેથી ઘર કામ સંભાળી લેતી. આવી નિવૃત્તિમાં માબાપ માત્ર દેખરેખ રાખી વાનપ્રસ્થાશ્રમ જેવો કારભાર કરતા. અને વખતો વખત જાત્રાઓ કરી જંજાળમાંથી વિરક્ત થતાં હતાં. જે ખોજા, વોરા, મેમણ, ભાટીયા, લુહાણા મુંબઈ વગેરે પરદેશમાં વેપાર ખેડી ધનવાન થઈ દેશમાં આવતા તેઓ માબાપને વડીલોને પગે પડતા, વિનય દાખવતા, કામ ઉપાડી લેતા. કોઈ રીતે શિષ્ટાચારકે ચારિત્ર બળમાં ઘટાડો દેખાડતા નહિ.

વેપાર અને વેપારીનો હવે આ જમાનો રહ્યો છે ? છોકરાઓ ઉંચી કેળવણી લેવા પરદેશમાં જઈ રહે છે. સગાંઓને નડે છે કે બોરડીંગ ગૃહો ગોતે છે. સારા વિદ્યાર્થિને સ્કૉલરશિપો મળે છે તોય પરદેશમાં પુરૂં થતું નથી. સાધારણ સ્થિતિના માબાપો પુરૂં કરી શકતાં નથી. કેટલેક સ્થળે તે માટે ખર્ચના કલેશો થાય છે. આવા ભણનાર છોકરાઓ માબાપ જોડે કે સગાં જોડે કે જુના ધંધા કામકાજમાં બહુ ભળેલા નહિ, તેથી અતડા રહે છે. પાસ થાય છે કે પરદેશમાં

નોકરીમાં જોડાઈ જાય છે. એમ વહુઓ પણ વૃદ્ધ સાસુઓથી દૂર સ્વતંત્ર રહીને કામમાં આવતી નથી. વહુ દીકરાઓ ભણવાના, પરણવાના એમ ખર્ચો લઈ લઈ છેવટે માબાપની સેવા કરવામાં કે ઘર ધંધો કરવામાં કામ લાગતાં નથી. બહુ ગરીબ જુના જમાનાનાં માબાપ હોય તેઓ દીકરો સારી નોકરીમાં જોડાતાં તેના જોડે રહેવા જાય છે. ત્યાં સારી ચાકરી તો પામતાં નથી. પણ માબાપ તરીકે ઓળખાવતાં પણ કેટલેક ઠેકાણે ભણેલા દીકરા શરમાય છે એવી વાતો ચાલે છે ! જુના જમાનામાં વેપારીનો દીકરો ડાકટર થઈ મડદાં ચુંથવામાં માન ન સમજે, અને કજીયા દલાલ થઇ ખૂનીનો બચાવ કરવામાં આબરૂ ન માને એ દેખીતું છે. એ બંને ધંધામાં દેશનું દ્રવ્ય વધતું નથી. ખેતી, કારીગરી, વેપારથી દેશનું દ્રવ્ય વધે છે. તેમ છતાં આજ તો મોટા શેઠના દીકરા પણ ડાક્ટર સાહેબ, બારીસ્ટર સાહેબ કે માસ્તર સાહેબ થવામાં માન સમજે છે. જુના કાળમાં એવા ધંધામાં મોટું માન કે મોટી કમાઇ હતાંજ નહિ. બાપદાદાના ઉત્પાદક ધંધાઓ ચલાવ્યે જતા હતા.

ઉંચી જાતિને છોડી દઈ હલકી જાતિના વિચાર કરીએ તો દરજી, ધોબી, મોચી, કુંભાર, ખવાસ, ગોલા, ભાટ ચારણ વગેરે અનેક ધંધાદારીઓ બાપદાદાનો ધંધો તજી માસ્તર કે ડાક્ટર બનવા ખુશી છે. ખેડુનો કે હજામનો છોકરો પોતાનો ધંધો ન ખીલવતાં બ્રાહ્મણ વાણીઆનો માસ્તર બની નિશાળ ભણાવે છે ! દરજી કે મોચી મહીને ત્રીશ રૂપૈયા પેદા કરતો હોય તેનો દીકરો ઉજળાં લુગડાં પહેરી દશ રૂપૈયાનો મેહેતાજી થાય છે ! જુનાં વૃદ્ધ માબાપ કે વડીલોની સારી સેવા ચાકરી કરતો નથી. ઘણા સુધરેલા રાજાઓ પણ આવી હલકી કોમને માસ્તર કે ડાક્ટર બનાવે છે. કણબીના દીકરાને ઇજનેર કે મીસ્ત્રી

બનાવે છે. આવી હલકી કોમ તરફ ઉંચ કોમવાળા ઈર્ષા રાખે છે એ જૂદી વાત છે. તેઓ પણ કારભાર કે મુસદ્દીપણું ન કરે એવું કાંઈ નથી. જુના જમાનાવાળાને ખવાસો, ચારણો કે ઢેઢ ભંગીને એમ અમલ કરતા જોઈ પગરખું માથે પહેર્યું ને પાઘડી પગમાં ઘાલી એમ લાગે છે ખરૂં. પણ એવી જાતિ ભેદ ભાવની દૃષ્ટિ બાજુએ રાખતાં પણ ધંધા કારીગરીની ઉન્નતિ કે અવનતિ થઈ છે તે આપણે વિચારવાનું છે. મનુસ્મૃતિમાં પિતાથી ઉંચો કોઈ નથી અને માતા પરમ ગુરૂ છે. એવાં માતા પિતા કે વડીલો કે સગાંઓને ચહાવાનું છોડી દેવાય અને વૃદ્ધ અવસ્થાએ પણ વહીવટું છૂટે નહિ એ વિચારણીય છે.

જુના કાળનાં મનુષ્યો બોલે છે તે જરા સાંભળીએ. તેઓ કહે છે કે આજના જેવાં રાચ રચીલાં કે ફરનીચર કે વાડી બંગલા તે કાળે ઓછાં હતાં. આજના જેવાં કપડાં પણ બહુ નહોતાં. આજ પ્રમાણે દશ દશ રૂપૈયાના બુટો અને તે વળી વધારે જોડ રાખવામાં આવતાં નહિ. પણ તે કાળનાં શરીર વધારે મજબુત નિરોગી હોઈ મંદવાડ થોડા આવતા, અને આવરદા લાંબી ભોગવતા હતા. હાલના જેવી હાયવોય કે દોડધામ કે પ્રવૃત્તિની પરાકાષ્ટા હતી નહિ. પણ નિરાંતે ધંધો ચલાવતા છતાં સારી કમાઈ કરતા હતા. અનાજ દશ પંદરનું કળશી તો ઘી આઠ દશથી મણ તો ગોળ સાકર બે ત્રણ રૂપૈયે મળતાં. ઘી દૂધ, ગોળ સાકર સારી રીતે ખાઈ શકાતાં હતાં, દરેકને ત્યાં ઘણાં ઢોર પાળવામાં આવતાં. દીકરો જુવાન થતાંજ બાપની નજર આગળ ધંધો ઉપાડી લેતો અને વહુઓ સાસુને ઘર કામથી મુક્ત કરતી હતી. આજ દીકરો પારીસ, બાપ પેકીનમાં, ભાઈ જાવામાં અને બેન આફ્રીકામાં એવો મામલો હતો નહિ. સાજે માંદે ભેળાં થઈ જતાં વાર લાગતી નહિ.

હવે હાલ જે ફેરફાર થઈ ગયો છે તેમાં અવનતિ થઈ કે ઉન્નતિ થઈ તે વિચારવાનું છે. કેટલાંક માબાપો અયોગ્ય કે જુલમી થતાં વાંધા પડે ત્યાં સેવાદર્શન ઝાંખું થઈ જાય તેવો બધો વિવેક ધ્યાનમાં લેતા છતાં એ ધર્મશિક્ષણની તથા ધંધા શિક્ષણની હવે બહુ જરૂર કહેવાય છે. ઉત્પાદક ધંધાનો વધારો કરવા ઉપદેશ થાય છે. પંડિતાઈની કેળવણીએ શરીર બગાડયાં, નોકરીઓની ભાવના પ્રબળ કરી અને આ લોક પરલોકના ધર્મો કે કર્તવ્યોમાં નવી પ્રજાને શિથિલ કરી એવા આરોપો ખાસ કરીને મૂકવામાં આવે છે.

કાઠિયાવાડમાં તાલુકા સ્કુલના કેટલાક મેહેતાજીઓ સારા વખણાઈ ગયા છે. શાળાપત્રનો દોહરો. " મહેતાજી બહુ મોટું તું જ, નામ તેમ છે કામ; કર ખંતે મન ક્ષેત્રની—ખરી ખેતી ધરી હામ. " આવી ભાવના મહેતાજીઓના મનમાં કેળવાતી હતી. જેમ નામ મોટું તેમ તેમનું કામ પણ બહુ મોટું છે. મન રૂપી ખેતરની ખેતી તેમને કરવાની છે. શિષ્યોનાં મન ખેડવામાં સારી પ્રતિભા વાળા મહેતાજીઓ ઘણું ફાવ્યા છે. રાજકુમારોને બાળ વયથી તેમની સોબત રહેતી તેથી ગાદીએ આવી એવા ઘણા માસ્તરોને રાજની ઉંચી નોકરીઓ દેઈ કદર બુઝવામાં આવી છે. જુના માસ્તરોમાં ઉત્તમરામ નરભેરામ, જમસેદજી ઉનવાળા, મહેતાજીઓમાં જાદવજી માવજી ગાંધી તથા સુંદરજી મૂળજી શેઠ વગેરે પંકાઈ ગયા છે. સુંદરજીએ ગુજરાતી પહેલી ચોપડી ઠીક લખી હતી. મહેતાજીઓનાં કોન્ફરન્સો મળ્યાં હતાં અને ઠીક ચર્ચાઓ થતી હતી.

સ્ત્રી શિક્ષકોને કેળવવા રાજકોટમાં ફીમેલ ટ્રેનીંગ કોલેજ ખોલવામાં આવી છે ને તે ઠીક ચાલે છે. કન્યાશાળાઓ તો ઘણી વહેલી સ્થાપવામાં આવી છે તેથી તેમાં પ્રથમ પુરૂષ મેહેતાજીઓ ભણાવતા

હતા. આસીસ્ટંટો પુરૂષો હતા હજીએ છે. તે વૃદ્ધ તથા સારા શોધવા તરફ વલણ હતું. તેમ છતાં દીકરીઓ મોટી થાય કે નિશાળેથી ઉઠી જતી હતી. સરકારને તથા વિદ્વાનોને એમ લાગ્યું કે સ્ત્રીશિક્ષક હોય તો મોટી ઉંમરની કન્યાને વાંધો ગણાય નહિ. સ્ત્રી શિક્ષક ક્યાંથી લાવવી? સારા ધનવાન કે ખાનદાન ઘરની દીકરીઓ પરણીને સાસરે જાય. તે નિશાળમાં નોકરીમાં ક્યાંથી રહી શકે? ત્યારે વિધવાઓ કે ગરીબ ઘરની ભણેલી સ્ત્રીઓ આ નોકરી લઈ શકે એમ માની ટ્રેનીંગ કોલેજમાં તેમને કેળવી નોકરીઓ દીધી.

ઘર છોડીને ગરીબ સધવાઓ નોકરી કરે ત્યાં તેના ધણીનું શું થાય? જો તે ભણેલો હોઈ શિક્ષકનો ધંધો કરે તો તે બંનેને એક જ ગામમાં નોકરી દઈ સરકાર તેવી સગવડ કરે છે. પણ અભણ ધણી હોય તો ઘર જાળવે કે પટાવાળાની નોકરી કરે છે. સ્ત્રી મેહેતીજી હોય ને તેનો ધણી પટાવાળો હોય એ હિંદુસંસારમાં હાસ્યજનક ગણાય છે. દર વરસ ટ્રેનીંગ કોલેજ થોડી થોડી સ્ત્રી શિક્ષક પુરી પાડે છે તોય બધી કન્યાશાળાને પહોંચી વળે એટલી સંખ્યા નીકળતી નથી. તેથી હજીએ સ્ત્રી શિક્ષકના હાથ તળે આસીસ્ટંટો પુરૂષો હોય છે. આખી કન્યાશાળા તમામ સ્ત્રી શિક્ષકોથીજ ચાલે એવી એક પણ કન્યાશાળા કોઇકજ ઠેકાણે હશે.

હેડમીસ્ટ્રેસને કોઈ કોઈ મેહેતીજી કહે છે. પણ સ્ત્રી શિક્ષક માટે એ શબ્દ બહુ શિષ્ટ લાગતો નથી. વળી દફ્તર વગેરે અનેક કામો સ્ત્રીઓને પુરૂષોની મદદ વગર આવડતાં નથી. રસોઈ હોય, છોકરાં હોય, જણવાનું હોય એમ સ્ત્રીઓને વધારે હરકત નડે છે. પરીક્ષક પુરૂષો હોય, વિઝિટ લેનારા અધિકારીઓ, ગૃહસ્થો પુરૂષો હોય; પુરૂષોના અનેક મેળાવડા થાય તેમાં હાજર રહેતાં મનને સંકોચ લાગતો.

એમ સ્ત્રી શિક્ષકોને આ દેશમાં હજી બરાબર ફાવતું નથી. તેમ તેમની સંખ્યા બહુ થોડી છે. મેહેતાજીઓએ નવી પ્રજા ઉપર ઘણી અસર કરી છે પણ સ્ત્રી શિક્ષકોએ સ્ત્રી સમાજ ઉપર કાંઈ કર્યું નથી. તેમની શિષ્યાઓ ગણી ગાંઠી હોય છે ને પરણીને સાસરે જઈ ભણતર ગુમાવી દઈ ઘરધંધામાં જોડાઈ જાય છે. સ્ત્રી શિક્ષકો નિશાળ ભણાવતી થઈ તોય મોટી પરણેલી સ્ત્રીઓ ભણવા જતી નથી. તેમ છતાં સરકાર દરબાર અને વિદ્વાનો એ દિશામાં બનતું કરે છે. આ દેશની સ્ત્રીઓ ઘરકામમાં એવી ટેવાઈ ગઈ છે કે સાધારણ સ્થિતિવાળાંથી વિદ્યાકળાનાં કામ થઈ શકતાં નથી. ઉંચ વર્ણમાંથી કેટલીક ધનવાન કેળવાએલી સ્ત્રીઓ સેવાસદન વગેરે સંસ્થાઓ સુરત મુંબઈ તરફ સ્થાપી કંઈક દેશસેવા બજાવે છે. પણ કાઠિયાવાડમાં સ્ત્રીઓ તેવી જાહેર હીલચાલ અને વિદ્વાન પંક્તિમાં આવી સારૂં સાહિત્ય ઉત્પન્ન કરી શકે એમ કળાતું નથી.

પ્રકરણ ૬ ઠું.

રાજકુમાર કોલેજ ઈ. સ. ૧૮૭૦.

કાઠિયાવાડમાં બ્રિટિશ ખાલસા મુલક ઘણો નથી. ગાયકવાડનો કે ફીરંગીનો તથા જંજીરાના નવાબનો બાદ કરતાં બાકી ઘણો ખરો મુલક દેશી રાજાઓનો છે. તેમના ઉપર પેશ્વા તથા ગાયકવાડની સત્તા હતી. કેટલાક ઉપર નવાબી સત્તા હતી તે બધી નામદાર અંગ્રેજ

સરકાર હસ્તક થઈ જવાથી બ્રિટિશ રાજ્ય સર્વોપરી છે. આપણે કેળવણીનો નવો યુગ ૫૦, ૬૦ વરસથી ઠરાવ્યો છે તે અગાઉ પ્રજાને જાહેર કેળવણી લેવાનાં સાધન પુરતાં હતાં નહિ તેજ રીતે રાજાઓને માટે પણ કોઈ જાહેર કેળવણી ખાતું હતું નહિ. સૌ પોતપોતાને ત્યાં ખાનગી શિક્ષાગુરૂઓ, પંડ્યાઓ કે મેહેતાજીઓ રાખીને ભણતા હોય તોય તે જુજ હોવું જોઇએ. કેમકે જુના કાળમાં કકા બારાક્ષરીથી લેખન વાંચન ભણાતું અને આંકથી હિસાબ શીખવાતા હતા.

કવિતા કે ભગવદ્ગીતા અને ભાગવતાદિ પુરાણો, શાસ્ત્રીઓ કે સન્યાસીઓ શીખવતા હોય તો પણ કોઈ શોખવાળા રાજા જ તે શીખતા હશે. ભાટ ચારણો ચારણી કવિતા, પૃથીરાજ રાસો વગેરે શૌર્ય ભરેલી કવિતાઓ બોલતા, જોડતા અને રાજાઓના દાયરા મેલાવડામાં રાજાઓનાજ દુહા સોરઠા જોડતા હતા. તેમનું બોલવું બહુ જોશ ઉત્પન્ન કરે એવું હતું. લગ્નાદિ પ્રસંગ હોય કે ઉત્તર કારજના પ્રસંગ હોય ત્યારે ચારણ ભાટ માગણીએ જાય અને જુની કવિતાઓ લલકારે એવો રીવાજ હતો. કેટલાક રાજાઓ કાવા કુસુંબા કાઢતા, અફીણ લેતા અને ગરાશીઆઓ રજપૂતો પણ હુક્કા ગગડાવતા હતા. નાના ગામડામાં આવી વાતો કરી કાળક્ષેપ કરવા ચોરા ચણવામાં આવતા હતા. ત્યાં આવા ઠાકોરો ભેળા થતા અને ગામ ગપાટા હાંકયા કરતા હતા. અફીણાદિ વ્યસનમાં ચકચૂર થઈ દાયરામાં ઝોકાં લેતા અને દેખાવ એવો આળસુ થઈ જતો કે જનસમાજે “ ટેંટાં ” નામ પાડયું હતું તેને સાર્થક કરતા હતા.

હિંદના એવા વિભાગ પ્રમાણે કાઠિયાવાડમાં દેશી ઠાકરડાઓની આ સ્થિતિ હતી. તેમના વડવાઓ શૂરવીર થયેલા, અને લડાઈ કરી બહારવટાં ખેડી સંસ્થાનો સ્થાપ્યાં હતાં. પણ નામદાર અંગ્રેજ સર-

કારની હકુમતમાં આવ્યા પછી લડવાનું રહ્યું નહિ તેથી રહેતે રહેતે આ સ્થિતિમાં આવી ગયા હતા. કામદારો ઉંધું ચત્તુ સમજાવી મારી ખાતા હતા. બ્રિટિશ સરકારે આ જુદી સ્થિતિ પલટી નાખવા કુંવરોને ભણાવવાનું ઠરાવ્યું. શરૂઆતમાં રાજકુમારો સહેલાઇથી પરદેશ જઈ ભણે એવું લાગ્યું નહિ, ત્યારે સખ્તાઈ કરવી પડી. રાજકોટમાં કીંગ કોલેજ એટલે રાજકુમાર કોલેજ સ્થાપી. અને નાના મોટા તમામ રાજકુમારો તેમાં ભણવા જાય એમ ઠરાવ્યું. પોતપોતાનાં માણસોને તેમજ ખાનગી શિક્ષકો સાથે રાખીને રાજકુમારો રાજકોટ ગયા. કીંગ કોલેજમાં જોડાયા. અને ભણવા લાગ્યા. અભ્યાસ પુરો થયા બાદ પણ ટયુટરો રાખીને કેળવણી લેવાની પદ્ધતિ દાખલ કરી.

આપણે સરખામણી કરવા જોવા તપાસવાનું છે તે બહુ પ્રાચીનકાળ માટે નથી. પણ અર્વાચીનકાળમાં રાજા રજવાડામાં સાહિત્યની શી સ્થિતિ કાઠિયાવાડમાં હતી તે જોવાનું છે. આ નવી કેળવણીના યુગની અગાઉ મોટે મોટે ઠેકાણે વિદ્યા કોઈ પણ રૂપમાં તો હતી. ચારણી કાવ્ય જોડે હિંદી કાવ્યનો પ્રચાર સારો હતો. હિંદી તુલસીકૃત રામાયણ બધે વાંચવા ભણવામાં આવતું હતું. તેવી રીતે હિંદી પ્રવીણસાગર રાજા રજવાડામાં સારી રીતે વાંચવામાં આવતો હતો. પ્રવીણસાગરની કૃતિ રાજકોટના મરહુમ ઠાકોર મેરામણસિંહજીની કહેવાય છે. તેમાં બીજા હાથોની મદદ ગણાય છે. પણ મુખ્ય કવિ એક ઠાકોર ગણાય છે. પ્રવીણસાગરમાં રસ અલંકાર અને કાવ્ય ચાતુર્ય વાપર્યું છે તે ઘણું વખણાય છે. જે જમાનામાં મારફાડ કરી સંસ્થાનો વસાવવાં કે જાળવી રાખવાનુંજ કામ મોટે ભાગે ચાલતું હતું તે જમાનામાં એવી શાંતિ કે નિવૃત્તિ રાજાઓને હતી નહિ જેમાં તેઓ કાવ્યાદિનો સતત અભ્યાસ રાખી શકે. તેમ છતાં કવિ રાજા મેરા-

મણુસિંહજીનો આ અદ્દ્ભુત શોખ ગણાય છે. ભાટ ચારણ, બ્રાહ્મણ કે ગોરજી વગેરે તે કાવ્યકળા ગુંથવામાં સામેલ કહેવાય છે, પણ ખરી રીતે પ્રસિદ્ધ લેખક કવિ રાજકોટના તે મરહુમ ઠાકોર સાહેબ ગણાય છે.

ભાવનગર, ગોંડળ, મોરબી, લીમડી વગેરે સંસ્થાનોના રાજ્યકર્ત્તાઓ રાજકારોબારમાં વખણાઈ ગયા છે ને ઘણું ખરૂં કીંગ કોલેજની નવી કેળવણીને આભારી છે. રાજાઓ સાહિત્યના પોશીંદા થાય એ બહુ જરૂરનું છે તેની સાથે રાજકાજમાંથી અવકાશ લઈ જાતે કવિ કે ગ્રંથકર્ત્તા થાય તે પણ વખાણવા લાયક છે. સાહિત્યની વૃદ્ધિ અને દેશની ઉન્નતિ કે ચડતી એ બેનો બહુ નિકટ સંબંધ હોય તો રાજાઓ સાહિત્યને પોષે કે જાતે તે કળા ખેડે એ આવકારદાયક છે. લાઠીના ઠાકોર સુરસિંહજીને કાવ્યનો અનહદ શોખ લાગ્યો હતો. ગુજરાત અને કાઠિયાવાડમાં તેઓ પ્રસિદ્ધ કવિ કલાપીને નામે પંકાઇ ગયા છે. કલાપીનો કેકારવ નામે ગ્રંથ તો મોડો બહાર પડ્યો પણ તે અગાઉ તેઓ માસિકોમાં કાવ્યો આપતા હતા અને કલાપી કોણ તે સૌ કોઈ જાણતું હતું. તેઓ નાની વયમાં અકાળે ગુજરી ગયા છે. કદાપિ વધારે જીવી વૃદ્ધ થવા પામ્યા હોત તો ગુજરાતી ભાષાને તેઓ ઘણું અદ્દ્ભુત કાવ્ય સાહિત્ય દેતા ગયા હોત. તેમનો ગ્રંથ અને છુટાં કાવ્ય કે લેખો બહુ વધારે નથી પણ રસિકજનોમાં તેઓ ઘણા પંકાઈ ગયા છે.

ભાવનગરના નામદાર મહારાજા સાહેબ સર ભાવસિંહજી કે. સી. એસ આઈ સંગીત વિદ્યામાં અને કાવ્યકળામાં નિપુણ ગણાઈ ગયા છે. તેમણે જાતે સંગીતાદિ પુસ્તકો લખ્યાં છપાવ્યાં અને નાટકાદિ બનાવ્યાં છે. આવા જાતિ શોખને લઈ તેમની સહાયતા ગ્રંથકારોને જેવી તેવી નથી. શ્રીયુત નારાયણ હેમચંદ્ર જેવા પ્રસિદ્ધ નિઃસ્વાર્થી સાધુ લેખકના

ગ્રંથો છપાવી દીધા છે, અને દરવરસ પુષ્કળ પુસ્તકો મદદ દાખલ ખરીદવામાં આવે છે. તેવા જાહેર લાઇબ્રેરીઓ તથા નિશાળોમાં ભેટ દેવામાં આવે છે.

કેળવણીના નવા યુગમાં પ્રીન્સ હરભમજી જેવાએ ગરાશીયા સમાજ સ્થાપ્યો છે. અને ગરાશીયાની કોમમાં બનતા સુધારા દાખલ કરાવે છે. કાઠી લોકોએ પોતાની જ્ઞાતિની ઉન્નતિ કરવા મધ્ય કાઠિ-યાવાડમાં કોન્ફરન્સ ભર્યું હતું. જે રજપુત ગરાશીયા માત્ર લડાઈ કે ઘોડા ખેલવવા શિવાય બીજી વાત જાણતા નહિ તેઓ મુસદ્દીની નોકરી ઉપર ચડ્યા છે. કેટલાક રજપુત ગરાશીયા ધ્રાંગધ્રા જેવા દેશી રાજ્યોમાં દીવાન થયા છે. અને બીજી ઘણી નોકરીઓ કરે છે. ભાવનગરના પ્રીન્સ જોરાવરસિંહજી હિંદના નામદાર વાઇસરાયની કેડીટ કોરમાં કેળ-વાઇને સરકારી માનપાન સાલ્યાણું પામ્યા છે એ બધો પ્રતાપ કેળ-વણીનો છે. નવા કેળવાએલા રાજાઓ પોતાના નાતીલાની ઉન્નતિને ચહાય છે તેથી તેમને કેળવીને સારા સારા હુદ્દા આપે છે. જો કે હજી તેમાંથી કેટલાક અસલ્યાતને તજી શકતા નહિ હોઈ મુસદ્દી લાઇનમાં વખણાતા નથી અને દીપતા નથી. તેથી કારભાર તો નાગરો, બ્રાહ્મણો કે વાણીયાનો વખણાય છે. તો પણ આવી લડાયક કોમ મુસદ્દીપણું શીખતી જાય એ જમાનાનો ચમત્કાર છે. અને કીંગ કોલેજની સંસ્થાને લઇ એ બધું બનવા લાગ્યું છે.

કાઠિયાવાડી રાજાઓ અને ઠાકોરો ભણ્યા ગણ્યા તેથી ઘણા ફેરફારો થયા છે. ઓઝલ પડદા તૂટી ગયા છે. નામદાર ગોંડળના મહારાણી નંદકુંવરબા વગેરેએ ગ્રંથો લખી તથા જાહેર સભાઓ અને સમાજોમાં ખુલ્લી રીતે સામેલ રહીને ખરૂં સ્ત્રીત્વ બતાવી આપ્યું છે. ઘણા ખરા રાજાઓ પોતે અથવા સ્ત્રી પુત્રાદિ સહિત વિલાયતને લાંબે

પ્રવાસે જઈ આવી બ્રિટિશ રાજ્યના અને પાશ્ચાત્ય યુદ્ધ સામર્થ્યના અનુભવી થયા છે. જુના જમાનામાં કૂવાના દેડકા જેટલું જ્ઞાન થતું તેને બદલે હજારો માઇલ જઈ આવી નવા નવા દેશો જોઈ આવી વિશાળ જ્ઞાનના અધિકારી થયા છે. નવી જાતની યુદ્ધ સામગ્રી અદ્ભુત હુન્નરકળા વગેરે જોઈ સૌ સમજ્યા છે કે હવે જુનાં બખ્તરો કે તરવાર ભાલાં કે બંદૂકો તોપો કેટલાં ઉપયોગી છે? એકલું શારીરબળ કે ઘોડા વગેરેનાં વાહન બળો કેટલા સાધક છે? વ્યસનો, પશુઓ અને નાયકાઓ ઉન્નતિમાં કેટલાં બાધક છે? હવે કાવા કસુંબા કે ચોરાના દાયરા કે ગણિકાઓના નાચો કે ભાટ ચારણની હાનિકારક ખુશામદો કેટલી થોડી જોવામાં આવે છે?

વિદ્યા વૃદ્ધિ જોડે તમામ જાતના સુધારાને કેટલો બધો સંબંધ છે તે આથી સિદ્ધ થાય છે. પેઢી દર પેઢી કારભાર ઉતરતો હતો તેને બદલે હવે ભણેલા ગણેલા તથા પદ્વીધારી વિદ્વાનો કેટલા બધા ફાવે છે? રાજકુમાર કોલેજમાંથી જે શિક્ષા ગુરૂઓ કે મેહેતાજીઓ સંબંધમાં આવે છે તેમને પણ નોકરીઓ ઘણા રાજ્યોમા મળે છે. કચ્છરાજ્યમાં દીવાન બહાદુર મણીભાઈ જશભાઈ જેવાને લઇ ઘણા વિદ્વાનો ત્યાં રાજકાજમાં દાખલ થયા હતા. પોતાની પ્રજા ભણેલી હોય તો તેમાંથી લાયક વિદ્વાનોને બધા રાજાઓ નોકરીઓ આપે છે. તે એટલે સુધી કે પુંછડાવાળા ગ્રાજ્યુએટ વિદ્વાનો રાજ્યસેવામાં જેટલા ફાવે છે તેટલા બીજા ફાવતા નથી. આ પ્રતાપ ભણેલા રાજાનો છે.

પુરી એક અંધેરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં.

કવિ દલપતરામની આ કવિતા અને આ રૂપકનો હવે ઓછો અનુભવ થાય છે. વિદ્વાન કાંટાવાળાએ અંધેરી નગરીના ગર્ધવસેનની વાર્તા સંગ્રહી છપાવી છે તે વાંચવા માત્ર રહી છે. જુના જમાનાના

ઠાકરડાઓ અને રાજાઓ કેવા હતા તેનો ચિતાર માત્ર એવી કથાઓથી આવે છે. પણ આ કેળવણીના જમાનામાં એવો ચિતાર ઝાંખો થઈ ગયો છે. ખરી વાત છે કે અંધેર એ વ્યાપક શબ્દ છે. અને ગમે તે જમાનામાં અમુક રૂપમાં અંધેર પેસી જાય છે. સુધારામાં સુધરેલું અંધેર અને ભણેલામાં ભણેલું અંધેર પણ હોય છે. અને તેથી મુંબઇના વર્ણનમાં કવિ દલપતરામે " હોય મોટાતણું સર્વ મોટું " એમ ઝુલણા છંદ લખ્યો છે, તેનો અનુભવ તદ્દન ભુંસાઈ જાય એવો માનવસૃષ્ટિમાં સંભવ નથી. ભણેલું કે સુધરેલું અંધેર કેવું હોય એ પ્રશ્ન અસ્થાને છે. તો પણ કેળવણીની બલિહારી છે. કાઠિયાવાડમાં રાજકોટ કોલેજથી ઘણા ખરા રાજાઓ કેળવાએલા થયા છે. લાંબી મુદત સુધી તેમના શિક્ષાગુરૂ મી. મેકનાટન જેવા પ્રસિદ્ધ સાક્ષરના હાથ તળે તેઓ કેળવાઇને પંકાઈ ગયા છે. તેથી હવે કાઠિયાવાડમાં રાજકાજમાં વિદ્યાનો દોર ચાલે છે.

પ્રકરણ ૭ મું.

માસિકો અને વર્ત્તમાનપત્રો.

કાઠિયાવાડના નવા યુગના સુધારા વધારામાં આરંભથી તે મધ્યકાળ સુધી માસિક પત્રોએ ઘણો અગત્યનો ભાગ લીધો છે. હિંદુ કે અંગ્રેજી દર મહીને ત્રણ ચાર છ ફૉર્મ્સનાં ચોપાનીયાં છપાઇને પ્રસિદ્ધ થાય છે તેને માસિક પત્ર કહે છે. કાઠિયાવાડમાં એવાં ઘણાં ચોપાનીયાં ઉત્પન્ન થયાં, ચાલુ રહ્યાં અને નાશ પામ્યાં છે. તે બધાં

ખોળ ખાતામાં જીવનપર્યન્ત સરકારી નોકરી સારી રીતે કરી છે. તેમના ચીરંજીવી હજી એજ ખાતામાં એમ એ. ગ્રેજ્યુએટ થઇને નોકરી બજાવે છે. જુનાગઢ કેળવણી ખાતાના એક વખતના ઉપરી રૂદ્રજી સુંદરજી રાણા સૌરાષ્ટ્ર દર્પણમાં સંસાર સુધારા ઉપર સારા લેખો લખતા હતા.

અમદાવાદમાંથી ગુજરાત વર્નાકયુલર સોસાઇટીવાળું બુદ્ધિપ્રકાશ કાઠિયાવાડી કવીશ્વર દલપતરામ હસ્તક નીકળતું હતું. તેમાં ગદ્ય સાથે થોડી થોડી કવિતાઓ આવતી હતી. તે પ્રમાણે વિજ્ઞાન વિલાસ, સૌરાષ્ટ્ર દર્પણ અને શાળાપત્રમાં કાઠિયાવાડી ઉછરતા કવિઓની કવિતા આવતી હતી, તે ઘણીખરી દલપત શૈલીની હતી. હવે આવી છૂટક કવિતાઓ વખણાતી નથી. પણ તેથી તે કાળમાં તે ઓછી અગત્યની નહોતી. એવા ગદ્યપદ્યમય લેખોથી તો નવી પ્રજાની ભાવના બંધાતી હતી. અવતારચરિત્ર, ભક્તમાળ, શ્રવણાખ્યાન, પ્રવીણસાગરાદિ હિંદી ભાષાનાં સારાં કાવ્યોનો અભ્યાસ કરવામાં આવતો હતો. તેથી ચિત્રકાવ્યો, પાદપૂર્તિઓ, પ્રશ્નોત્તરરૂપની કવિતાઓ તેમજ માસ તિથિ નિમિત્તની કવિતાઓ રચાતી હતી.

તે સમયનાં ઘણાંખરાં માસિકોનાં મુખ પૃષ્ટ ઉપર કવિતાની એચાર લીટીઓ લખવાનો રવૈયો હતો. વિજ્ઞાન વિલાસ, શાળાપત્ર બુદ્ધિપ્રકાશ તેમજ મુંબઇના પારસી માસિક સ્ત્રીબોધ ઉપર પુંઠે એકેકો દોહરો મૂકતા હતા. જેમ કે:—

ગઢ ગઢ કીર્તિ ગજાવશે, ખટપટ કરી ખલાસ;
ઘટઘટ જ્ઞાન વધારશે, આ વિજ્ઞાન વિલાસ.
મેહેતાજી બહુ મોટું તુંજ–નામ તેમ છે કામ;
કર ખંતે મનક્ષેત્રની–ખરી ખેતી ધરી હામ.

ગણાવી જવા કરતાં મુખ્ય મુખ્યની કર્ત્તવ્યતા બતાવી જઇશું એટલે હેતુ પાર પડશે.

દીર્ઘજીવી માસિકમાં રાજકોટમાંથી વિજ્ઞાન વિલાસ તથા ગુજરાત શાળાપત્ર અને જુનાગઢમાંથી સૌરાષ્ટ્રદર્પણ નીકળતાં હતાં તેને ગણાવી શકાય. આશરે વીશ પચીસ વરસ સુધી તો એ ચોપાનીયાં કાઠિયાવાડમાં પ્રસિદ્ધ થતાં રહીને ઘણાં પ્રખ્યાત થયાં હતાં. શાળાપત્ર અને વિજ્ઞાનવિલાસના અધિપતિઓ કાઠિયાવાડી નહોતા પણ સુરત અને નડીયાદ તરફના હોઇ કાઠિયાવાડમાં સરકારી કેળવણી ખાતામાં નોકરો હતા. જો કે વિજ્ઞાનવિલાસના આરંભમાં કાઠિયાવાડી વિદ્વાન લેખકો મણિશંકર જટાશંકર કીકાણી અને ભાણશંકર માસ્તર તંત્રી જેવા હતા ખરા. તથાપિ રાજકોટની વિદ્યાગુણ પ્રકાશક સભા ઝવેરી સાદીરામ શંકરદાસની મદદથી તે ચોપાનીયું છપાવી બહાર પાડતી હતી, ત્યારે રાઠોડ દુર્ગાદાસ તથા મેવાડની જાહોજલાલી વગેરે ગ્રંથોના લેખક વિઠ્ઠલદાસ ધનજીભાઈ પટેલ લાંબો કાળ સુધી તેના તંત્રી રહ્યા હતા

શાળાપત્ર અને વિજ્ઞાન વિલાસના અધિપતિઓ એ રીતે સુરત અને નડિયાદ તરફના છતાં કાઠિયાવાડના ઘણા લેખકો તેમાં લેખો મોકલતા હતા. એ બંને માસિકો કાઠિયાવાડની તથા ગુજરાતની ઘણી નિશાળોમાં સરકાર તરફથી આપવામાં આવતાં હતાં તેથી ઘણા મેહેતાજીઓ તેમાં માથું મારતા હતા. ગામડામાં ભણેલો કે ડાહ્યો માણસ મેહેતાજી ગણાતો હતો. તેથી તેવા માસિકોના લેખો વાંચવાથી તેમને થયેલી અસર નવી પ્રજામાં પ્રસાર પામતી હતી. સૌરાષ્ટ્ર દર્પણ જુનાગઢમાં નીકળતું તેના સારા લેખક આચાર્ય વલ્લભજી હરિદત્ત હતા. જેમણે વયોવૃદ્ધ થતાં સુધી ભાષાની તથા સાહિત્યની સારી સેવા બજાવી છે. અને રાજકોટ મ્યુઝિયમના શોધ

આવા દોહરા દર વરસે કોઇ નવા નવા મૂકતા અને કોઇ કાયમ તેનો તે મૂકયા કરતા હતા. વિજ્ઞાન વિલાસમાં વેદાન્તના શાસ્ત્રીય વિષયો તેમજ ભાષા ચર્ચા અને ઇતિહાસ વગેરે સબળ લેખો મરહુમ વિદ્વાન મી. કીકાણી લખતા હતા. અને કવિતાઓ ઉછરતા કવિઓ આપતા હતા એમ આપણે ઉપર જણાવ્યું છે. તે કવિતાઓ જુના કવિઓના અનુકરણ જેવી હતી. હાલમાં તે દિશા બદલાઈ ગઈ છે. ગ્રેજ્યુએટ કવિઓની નવી શૈલીની કવિતાઓ જો કે હજીએ સમસ્ત સામાન્ય જનસમુહમાં બોલવા ગાવામાં આવતી નથી. અર્થાત્ લોકપ્રિય થઇ નથી તો પણ તે કાળે તેવી કવિતાઓ નહોતી. જનસમાજની રસજ્ઞતા જ્યાં સુધી ઉંચા દૃષ્ટિબિંદુ ઉપર ગઈ નથી ત્યાં સુધી ગ્રેજ્યુએટ કવિઓની ગણના પંડિત વર્ગમાં થાય, અને પ્રાચીન અર્વાચીન કવિઓ દયારામ, પ્રીતમ, શામળ, પ્રેમાનંદ, અખો, ધીરો, દલપતરામ અને નર્મદાશંકર જનસમુહમાંથી વિસરાય નહિ એ દેખીતું છે.

તેમ છતાં નિશાળોમાં પીંગળનો સામાન્ય અભ્યાસ ચાલતો તથા કવિ દલપતરામની સરલતાને લઈ વગર અંતઃક્ષોભે કેટલાક મેહેતાજીઓ અને વિદ્યાર્થિઓ જોડકણાં જોડવા મંડી પડયા હતા, તે નવલરામભાઇના સખ્ત ટીકા પ્રહારો પડવા છતાં એ બંધ પડયા નહોતા. નમાલાં પુસ્તકો વધવા માંડયાં ત્યારે શાળાપત્રમાં તેવાં કામને ઓથારીયો (ઓથર એટલે ગ્રંથકાર તે ઉપરથી) હડકવા નામ આપ્યું હતું. શાળાપત્રના ગ્રંથ વિવેચનમાં ક્ષુદ્ર પ્રવૃત્તિને ઉડાવીજ દેતા. અને સારા સારા વિદ્વાન લેખકોને પણ દોષ તથા પ્રમાદ માટે ચીમકીઓ લગાવી અંકૂશમાં રાખતા હતા તોય એ હલકાં ગદ્યપદ્યનો પ્રવાહ સતત વહ્યાંજ કરતો હતો. ગામેગામ કવિઓ વધી પડયા. સાધારણ વાતચીતનો વિવાદ કોઇ કવિતામાં કરતા તેમ કાગળો પણ કોઇ કોઇ કવિતામાં લખતા હતા. સભામાં શીઘ્ર કવિતાઓ માગ-

વામાં આવતી તેવી કવિઓ જોડી આપતા હતા એક અભ્યાસીએ વકીલોની પરીક્ષામાં કાયદાના સવાલોના જવાબો કવિતામાં લખ્યા હતા. ભૂગોળ, ઇતિહાસ અને વૈદ્યકના ગ્રંથો કવિતામાં થયા હતા.

ગ્રેજ્યુએટ કવિઓના હાલના બદલાએલા વલણથી આવો પ્રવાહ હવે અટકી પડ્યો છે. ચિત્ર કાવ્યો, કે માસ તિથિ ઉપરની કવિતાઓ તથા પાદપૂર્તિઓ જેવી પ્રશ્નોત્તરરૂપની કવિતાઓ હવે બહુ થતી નથી. કેમકે એ બધી માગેલી કવિતાઓ છે. માગેલી કવિતા રચતાં કવિને શ્રમ કરવો પડે છે. શ્રમથી કાવ્યમાં રસભંગ થઇ તે બરાબર જામતો નથી. જો કે સંસ્કૃત અને હિંદી કાવ્યોમાં પણ ભૂગોળ, ખગોળ અને વૈદક ગણિત જેવા ભણવા ગણવાના વિષયો પણ શ્લોકબદ્ધ લખાએલા છે. ચિત્રકાવ્ય, પાદપૂર્તિઓ વગેરે શ્રમજન્ય કાવ્યો કાંઇ ગુજરાતી ભાષામાંજ નવીન નહોતાં. એ પણ જુનાં હિંદી સંસ્કૃત કાવ્યોનાં અનુકરણોજ હતાં. તેમ છતાં એવો નકામો સમય ગાળવાનો પવન બંધ પડી જઈ એવાં નમાલાં જોડકણાં તથા એવા કવીશ્વરો (કપીશ્વરો) ઘટી ગયા છે તે ઠીકજ થયું છે. હવે તો દાખલા તરીકે શકુન્તલા નાટક ઉત્તમ, વળી તેમાં પણ એક અંક અને છેવટ ચાર શ્લોકજ ઉત્તમ છે એવી સમજણ નવા પંડિત વર્ગે ફેલાવવાથી રસ ભર્યાં જુજ કાવ્યો લખાય છે. અને પારસી કવિ ખબરદાર જેવા કોઇકજ પંકાઇ જાય છે.

જ્યારે રાજકોટમાં વિજ્ઞાનવિલાસ, શાળાપત્ર, નીકળતાં ત્યારે ભાવનગરમાં ત્રણ ભાષામાં થોડી મુદત મનોરંજકરત્ન નામે સારૂં માસિક નીકળ્યું હતું. તેમાં મુરાદઅલી બેગ માઉન્ટન્સ ટૉપ ઉપર લખતા હતા. મનોરંજક રત્ન ભાવનગરમાંજ છપાતું હતું. પેસ્તનજી દારાજી મીરજાંના છાપખાનામાં; જે છાપખાનાને પાછળથી ભાવ-

નગર દરબારે ખરીદી લીધું હતું. અને પછી પરવાનગી વિના કાઢ-વાની મનાઇ હતી. સંવત ૧૯૫૭ માં પહેલી રજા બાલુભાઈ કહાનદાસ મણિયારને આપી હતી. મુરાદઅલી બેગ યુરોપીયન મટી મુસલમાન થયો હતો. લૉર્ડ હરિસિંહજી રૂપસિંહજીનો ઇષ્ટમિત્ર હોઈ ભાવનગર રાજ્યના સેનાધિપતિનો હોદ્દો ભોગવતો હતો. છેવટે વઢવાણનરેશ દાજીરાજજીની પાછળ ચિત્તભ્રમ રોગગ્રસ્ત થઇ મરણ પામ્યો હતો એમ કહેવાય છે.

ભાવનગરમાં આત્મારામ નારણજી દ્વિવેદીનું સુબોધ પ્રકાશ માસિક નીકળતું હતું. અને ધર્મદર્પણ તથા જૈનધર્મ પ્રકાશ નામે માસિકો પણ ઠીક ફેલાએલાં હતાં. કાઠિયાવાડી લેખકને હાથે મુંબઇમાં હૃદયચક્ષુ માસિક નીકળતું હતું. જે પાછળથી આર્યધર્મપ્રકાશ નામે ચાલુ રહ્યું છે. મુંબઇના સ્વદેશવત્સળ માસિકનું તંત્રીત્વ એક ગુજ-રાતી વિદ્વાનને હાથ હતું પણ તેમાં જામનગર તરફના શાસ્ત્રીઓ લખતા હતા. તેમાં અમદાવાદના કવિ મરહુમ ભીમરાવ ભોળાનાથ દીવેટીયાના મેઘદૂત ભાષાંતરની ચર્ચા ઉઠાવનારા શાસ્ત્રી કાળીદાસ ગોવિંદજી જામનગરના કાઠિયાવાડી હતા. તેને લઈ બુદ્ધિપ્રકાશના તે ચર્ચાના સમર્થ લેખની સામે સ્વદેશ વત્સળે બાથ ભીડી હતી. વા-લ્મિકી રામાયણ, ભારતાર્થપ્રકાશથી આદરીને અનેક પુરાણોનાં ભા-ષાંતરો માસિક ચોપાનીયા રૂપે મુંબઈમાં બહાર પડયાં હતાં તે કાઠિયાવાડી શાસ્ત્રીઓ પોરબંદરવાળા ભગવાનજી વગેરેની મદદથી બહાર પડયાં હતાં.

ભારત માર્તંડ શીઘ્રકવિ પંડિત ગટ્ટુલાલજી કાઠિયાવાડી હતા. તેમણે મુંબઇમાં રહી આર્ય સમુદય નામે માસિક કાઢવા માંડયું હતું. કુંડલાના મરહુમ લેખક વનમાળીદાસ લાધાભાઇ મોદીએ વિવેચક

નામે ચોપાન્યું થોડી મુદત પ્રગટ કર્યું હતું તથા હિંદુસ્તાન નામે અંગ્રેજી ગુજરાતી વર્તમાનપત્ર લાંબી મુદત ચલાવ્યું હતું. અનેતેમના ભાઈ પરભુદાસ લાધાભાઇ હાલમાં કપોળમિત્ર માસિક લાંબી મુદતથી મુંબઇમાં પ્રગટ કરે છે. જૈન, નાગર, શ્રીમાળી, અવદીચ વગેરે કેટલીક જ્ઞાતિઓનાં માસિકો તો દિવસે દિવસે વધતાં જ ગયાં છે. માસિક સાર સંગ્રહ અને ત્રિમાસિક ટિકાકાર લીમડીમાંથી નીકળતાં હતાં તેમ જામનગરમાંથી માનવધર્મ ચોપાન્યું નીકળ્યા બાદ વૈદ્યકના માસિકોનો તો ત્યાંથી વર્ષાદજ થવા લાગ્યો હતો. રસેશ ધર્માચાર્ય મણિશંકર વિઠ્ઠલજી વગેરેએ તેવો પ્રયત્ન આદર્યો હતો. એક રસવૈદ્ય વિજ્ઞાન માસિક નીકળતું અને પછી અમદાવાદમાં રહીને કાઠિયાવાડી વૈદ્ય જટાશંકર લીલાધર ત્રિવેદી વૈદ્યકલ્પતરૂ નામે માસિક અઢાર વરસથી બહાર પાડે છે. ખેતીવાડીના વિજ્ઞાનને લગતું એક સારૂં માસિક રા. રા. દુર્લભરામ રામજી જાની ખેડૂત એ નામે પ્રગટ કરતા હતા. ત્યારે સાંપ્રદાયિક માસિકો સત્સંગ પ્રકાશ તથા પુષ્ટીમાર્ગ પ્રકાશ કોઇ બોટાદકર અને શાસ્ત્રી છગનલાલ અમરજી વગેરેથી પ્રગટ થયાં હતાં.

પારસી અને હિંદુ માસિકો વચ્ચે એક મોટો મતભેદ જોવામાં આવે છે. ભાષા શુદ્ધિ પારસી માસિક કરતાં હિંદુ માસિકોમાં વધારે જળવાય છે. તેમ છતાં રસ વિભાગ અને નવીનતા પાશ્ચાત્ય સાહિત્યમાંથી પારસી લેખકો વધારે લાવી શકે છે અને વાચકવર્ગને આકર્ષણ લગાડે છે. પશ્ચિમની નાની મોટી નવલકથાઓ દરેક પારસી માસિકમાં હોય છે. મુંબઇના પારસી માસિક સ્ત્રીબોધ, નૂરેએલમ, ગુલઅફ્શાન, ફુરસદ, નવરાશ, ગ્રાફીક વગેરેમાં જોશો તો તેવી નવલકથાઓ હોઈ વાંચનારને દોરી જાય છે. ત્યારે હિંદુ માસિકમાં

છુખા નિબંધો, ભાષાની ચર્ચાઓ અને છુટક કવિતાઓ હોય છે. હિંદુ તંત્રીઓ પાશ્ચાત્ય સાહિત્યના નવલકથા વગેરે અનેક રસમય અંશો જો ઉમેરશે તો પોતાની ગ્રાહકી વધારી શકશે એમ ઘણાઓ કહે છે. હિંદુ માસિકો પંડિતોના વાદવિવાદમાં કે ચર્ચા આલાપમાં જ વખત ગાળે તો સામાન્ય વાંચકોને આકર્ષી શકે નહિ એ દેખીતું છે.

મરહુમ વિદ્વાન હરિલાલ હર્ષદરાય ધ્રુવે સુરતમાંથી ચંદ્ર માસિક કાઢવા માંડયું હતું, તે છેવટે આ લેખકના ગામવાળા જટિલ નામક જીવણરામ દવેના તંત્રીપણામાં આવ્યું હતું. તેમાં સારાં વિવેચનો લખાઇ વિદ્વાનવર્ગમાં જટિલ પ્રખ્યાત થયા હતા. જટિલ લાઠીમાં ઠાકોર સુરસિંહજી તે કલાપીના સહવાસમાં રહ્યા હતા. જટીલના મરણ પછી ચંદ્ર કંઇક ચાલી બંધ પડયું હતું. આર્યધર્મ પ્રકાશ, સ્વદેશવત્સળ, બુદ્ધિપ્રકાશ, વિજ્ઞાનવિલાસ, શાળાપત્ર વગેરે અનેક માસિકોમાં કાઠિયાવાડીઓ ગદ્ય લેખ લખતા હતા તેમ કવિતા પણ લખતા હતા. આ લેખકે તે બધા માસિકોમાં તેમાં વિશેષે વિજ્ઞાનવિલાસમાં જેમ ગદ્ય લખ્યું હતું તેમ ઘણાં વરસ સુધી કવિતાઓ પણ આપી હતી. અને પાદપૂર્તિઓ પુરી કરી હતી. સ્વદેશાભિમાનના લલિત છંદો—

ભરતભૂમિ આ શું તને થયુ ? ?

તેમજ વાઇસરૌય લોર્ડ રિપનને માટે લાંબા ઝુલણા છંદો આ આ લેખકે તેમાં આપ્યા હતા. પારસી કવિ મી. દાદાભાઇ એદલજી તારાપુરવાળા માસિક મઝાહ ચોપાન્યું કાઢતા હતા ત્યારે શામળભટ્ટ પ્રમાણે કવિતામાં દોહરાથી તેઓ પ્રશ્નો કવિઓને પૂછતા હતા. કવીશ્વર દલપતરામ, ગણપતરામ, ભવાનીશંકર વગેરેએ તેના જવાબો જેમ કવિતામાં આપ્યા હતા તેમ આ લેખકે દોહરા ઉપરાંત છપ્પયમાં પણ જવાબો લખ્યા હતા.

વાંકાનેર તરફના કવિ હીરાચંદ કાનજી તે અગાઉના વખતથી કવિ તરીકે પંકાઇ ગયા હતા. તેમણે હિંદી ભાષામાં ને ગુજરાતી ભાષામાં ઘણી કવિતાઓ રચી છે. તે જાતે દશાશ્રીમાળી વાણીઆ હતા. ઝાલાવાડ હાલાર તરફના કવિ ભવાનીશંકર નરસિંહરામ તથા પ્રતાપરાય શિવલાલ માંકડ (જેઓ આંખે અંધ હતા) અને મહુવાના કવિ લલ્લુભાઇ કાળીદાસ ઓઝાવગેરે ઘણા લેખકોએ વિજ્ઞાન વિલાસ વગેરે માસિકોમાં સમયાનુસાર કવિતાઓ આપી હતી. ભાવનગર તરફના મરહુમ આત્મારામ નારણજી તથા ઘોઘા નિવાસી ભવાનીશંકર નરોત્તમ પણ સારા પદ્યકાર હતા. તેઓ પણ માસિકોને કવિતાઓ આપતા હતા.

બધાં માસિકોમાં શાળાપત્ર અગ્રપદ ભોગવતું હતું. તે સરકારી માસિક હોઇ તમામ ગુજરાતી નિશાળોમાં અપાય છે. અને તંત્રી નવલરામભાઈ સુરતી છતાં રાજકોટમાં પ્રકટ કરતા, તેથી કાઠિયાવાડ જોડે તે માસિકને ઘણો સંબંધ હતો. પુસ્તકો, લેખો, ચોપાનીયાં તથા કવિતા ઉપર વિવેચનો લખી ભાષાને યથાર્થ સ્વરૂપમાં રાખવા એ માસિકનો ભારે આગ્રહ હતો. તેના વિદ્વાન તંત્રી શી ટીકા કરે છે તે ઉપર ગુજરાતના આ છેડાથી પેલા છેડા સુધી ધ્યાન અપાતું હતું એવો વખત હતો. કવીશ્વર દલપતરામે બુદ્ધિપ્રકાશમાં જન અને અવરમળી જનાવર શબ્દ થયેલ છે, અને તે સંસ્કૃત છે એમ લખતાં જ શાળાપત્રે ભારે ધોંધાટ મચાવ્યો હતો. તેવો બીજો પ્રસંગ હમણાં જ મી. કરીમમહમદ એમ એ તરફથી ચર્ચામાં ઉભો થયો હતો કે જનાવર શબ્દ ઉપર પ્રમાણે સંસ્કૃત સામાસિક શબ્દ છે. જાનવર એટલે જીવવાળું તે શબ્દ ફારસી હોવાનું નવલરામભાઇએ સિદ્ધ કર્યું છે.

હરિલાલ હર્ષદરાય ધ્રુવે કાવ્યની ભાષા અતિ સંસ્કૃતમય તથા

ક્લિષ્ટ લખેલી, તેમજ લીટીએ લીટીએ આશ્ચર્ય ચિન્હો વાપરેલાં તેની ખાસ ટીકા શાળાપત્રમાં આવી હતી. હાલ ભાષા શાસ્ત્રના સૂક્ષ્મ વિવાદોમાં દરેક ઠેકાણે સાક્ષર નરસિંહરાવ દૃષ્ટિગોચર થાય છે તેમ તે કાળે પંડિત નવલરામ તે કાર્ય બજાવતા હતા. સાક્ષર મણિલાલ નભુભાઇના કાન્તા નાટક ઉપર અને મી. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળાના અંધેરીનગરીના ગર્ધવસેન ઉપર શાળાપત્રે મોટાં વિવેચનો લખ્યાં હતાં. તેમાં ગ્રામ્યતા માટે સખ્ત ઝાટકણી કાઢી હતી. આ લેખકના સુબોધ ચિન્તામણિ નામે કવિતા ગ્રંથને એજ નવલરામભાઇએ શાળાપત્રમાં ઇ. સ. ૧૮૮૨ ના અરસામાં ત્રણ ભાગે લાંબું વિવેચન લખીને ગ્રામ્યતા તથા ઉચ્છેદક શૈલીને વખોડી કાઢી લેખકને જાહેર રીતે કવિપદ અર્પી ગુજરાતમાં સારી પ્રસિદ્ધિ આપી હતી.

રા. નવલરામ ગુજરી ગયા પછી વીશ વર્ષ જમાનો આગળ વધ્યો છે. પણ શાળાપત્રના ગ્રંથ વિવેચનો એવાં પ્રાસાદિક તથા અપૂર્વ શક્તિનો નમૂનો હતાં કે હજી એવાં રસિક વિવેચનો લખાતા નથી એમ કહેવાય છે. પંડિત ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ નવલરામનું જીવન ચરિત્ર લખ્યું છે. તે કરતાં એ સાક્ષર નરસિંહ-રાવે વસંત માસિકમાં નવલરામની જીવનકથા વધારે પ્રેમભાવથી લખીને આ હકીકત સ્વીકારી છે. કાઠિયાવાડના મધ્ય પ્રદેશ રાજકો-ટમાં ટ્રેનીંગ કોલેજના પ્રિન્સિપાલ તરીકે રહીને રા. નવલરામ વિ-દ્વાનોના પૂજ્યગુરૂ જેવા હતા. ગુજરાતી ભાષાનું શુદ્ધ, શિષ્ટ, સુંદર અને મધ્ય સ્વરૂપ ઘડતા હતા. અતિ સંસ્કૃતમય લેખોને જેમ નિંદતા હતા તેમ ગ્રામ્યતાને તો દેશવટોજ આપતા હતા. અને નાગરિકતાને વખાણતા હતા. મરહુમ મણિલાલ, ગોવર્ધનરામ, ને મનઃસુખરામ

તથા જીવતા કેશવલાલ, રમણભાઇ અને નરસિંહરાવ તથા મહાકાળ સુદર્શન, વસંતના લેખકો વધારે અઘરી ભાષા લખે છે એમ કહેવાય છે. હિંદુ ગ્રેજ્યુએટોની ભાષા મુંબઇના પારસી મુસલમાન વાંચકોને તથા લેખકોને કઠિન લાગે છે

એક પારસી માસિકની તંત્રિણિ વિદુષીને સરસ્વતીચંદ્ર માટે પૂછી જોતાં " સમજવું ભારી પડે છે " એવો જવાબ આ લેખકને મળ્યો હતો. સાક્ષર કમળાશંકરનું ભાષા શુદ્ધિનું ભાપણ અઘરૂં છે એમ પારસી વર્ત્તમાનપત્ર રાસ્તગોફ્તારે લખ્યું હતું. કવિ દલપતરામ, રાવસાહેબ મહીપતરામ, રાવબહાદુર કાંટાવાળા વગેરે લેખકો સેહેલી ભાષા લખતા હતા. માસ્તર નંદશંકર કરણઘેલામાં સરલ પણ શુદ્ધ ભાષા લખતા હતા. તેનાથી કવિ નર્મદે ફાંટા ભરેલી પણ વધારે પ્રૌઢ, શુદ્ધ ગંભીર ભાષા લખી છે. મુંબઇનું વર્ત્તમાનપત્ર ઘી ગુજરાતી સારી શુદ્ધ ભાષા લખે છે. તથાપિ નવલરામભાઇની ખુબી ઓરજ હતી. તેમની ભાષા વધારે યથાર્થ અને સૌને અનુકરણીય હતી. તેથી વધારે સેહેલી ઘરગથુ કે બજારૂ લખવા જતાં ગ્રામ્યતા આવી જઇ શિષ્ટ વાંચકોને આનંદ આપશે નહિ. તેમ તેથી વધારે કઠિન ભાષા લખતાં પારસી, મુસલમાન કે સામાન્ય વાચકવર્ગને કે સ્ત્રીવર્ગને માટે નકામીજ નીવડશે.

માસિકોને લઇ ભાષાશુદ્ધિના આ વિષયમાં મરહુમ નવલરામ માટે આ લેખકે બુદ્ધિ પ્રકાશની એક કવિતામાં જે શોકોદ્ગાર કાઢયા છે તે અહીં ઉતારી લેવા અસ્થાને નહિ ગણાય.

રોળાવૃત્ત.

નવલ વિવેચક વિના–શૂન્ય સાક્ષરતા ભાસે !
ભાષાની માધ્યસ્થિ–કસીને કોણ તપાસે ?

ટિકાકારની ગાદી–પડી ખાલી ગુજરાતે,
કોણ હિરા પારખે, ઝવેરી જાતાં આજે ?

માસિકો પ્રમાણે વર્ત્તમાનપત્રનું સાહિત્ય કાઠિયાવાડે ઘણું બહાર પાડયું નથી. કેમકે એમાં લેખકને પ્રથમ તો ગામમાં છાપખાનાંની સગવડ જોઇએ. કાઠિવાડી દેશી રાજ્યોમાં રાજ્ય તરફનાં છાપખાનાં શિવાય પુરાં પાધરાં છાપખાનાં જ નથી. દેશી રાજ્યો કે દેશી કારભારીઓ બ્રિટિશ રાજ્યના જેવી વર્ત્તમાનપત્રો કાઢવાની છૂટ કે સંમતિ આપે કે કેમ એ વિચારણીય છે. ઘણાંખરાં રાજ્યો હવે વરસો વરસ રંગીન વાર્ષિક રીપોર્ટો છપાવી અંગ્રેજી દેશી વર્ત્તમાનપત્રોને પણ મોકલે છે. તથાપિ તેવા રીપોર્ટ ઉપર હજી સારાં વિવેચનો પણ લખાતાં નથી. બ્રિટિશ હકુમતનાં વર્ત્તમાનપત્રો દેશી રાજ્ય કે દેશી પ્રજા માટે સાધારણ તપાસ રાખે છે. ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસ દર વરસે મળે છે પણ દેશી પ્રજાને દેશી રાજાઓ કેવા હક આપે છે, અથવા તેનું રાજદ્વારી જીવન કેવું વીતે છે તેની કોઇને પરવા દેખાતી નથી. તેથી વિદ્યાવૃદ્ધિ થયા છતાં એ વિષયમાં હજુ કાઠિયાવાડ પછાત છે. રાજદ્વારી પ્રજા અવાજ જેવું તેમાં કશું નથી તો પછી વર્ત્તમાનપત્રનું સાહિત્ય નહિ ખીલે એ સ્વાભાવિક છે

કાઠિયાવાડી ઉત્તમ કપોળ કરશનદાસ મૂળજીએ ઘણા વર્ષ ઉપર મુંબઇમાંથી સત્ય પ્રકાશ પત્ર કાઢવા માંડયું હતું. તેમાં વૈષ્ણવી પુષ્ટીમાર્ગ ઉપર પુષ્કળ હુમલા થતા તેથી મુંબઇમાં લાઇબલ કેશને ઝઘડો ઉઠયો હતો. સત્યપ્રકાશમાં ધર્મ સુધારા અને સંસાર સુધારાના ઘણા લેખો છપાયા છે. તે પત્ર પાછળથી રાસ્તગોફતારમાં જોડાઇ ગયું અને બીજું હિંદુ પત્ર ધી ગુજરાતી મુંબઇમાંથી નીકળવા માંડયું છે. ગુજરાતી ઉચ્છેદક વાદને વિસરતે વિસરતે સંરક્ષકવાદના ધોરણ ઉપર

લખવામાં આવે છે. તેથી પુરાણાદિ ભાષાંતરોના રક્ષક સાહિત્યના પુષ્કળ ગ્રન્થો તેણે ઉમેર્યા છે. આવાં અનેક કારણોથી ધી ગુજરાતીની કાઠિયાવાડમાં બહોળી ઘરાકી છે. તેના રક્ષકવાદની અને રાજકીય સુધારાની જનસમુહને અસર થાય છે.

હિંદુસ્તાન અને રાજભક્ત જેવાં વર્ત્તમાનપત્રો બહાર પડીને બંધ પડયાં છે ત્યારે રાજકોટમાંથી કાઠિયાવાડ ટાઇમ્સ લાંબી મુદતથી બહાર પડે છે. કાઠિયાવાડ ન્યુસ અને કાઠિયાવાડ સમાચાર પણ નીકળે છે. અંગ્રેજીમાં તથા ગુજરાતી ભાષામાં છપાય છે. આખા કાઠિયાવાડની વીશ લાખ ઉપરાંત વસ્તી છતાં આવાં બે પાંચ સામાન્ય વર્ત્તમાનપત્ર નીકળે છે. તેમાં અમ્રતબજારપત્રીકા જેવું ગુજરાતી જેવું કે રાસ્તગોફ્તાર જેવું એક પણ નીકળતું નથી. કેમકે એ કામ સાક્ષર વર્ગે ઉપાડી લીધું નથી. જ્યારે સ્વતંત્ર વર્ત્તમાનપત્રો ઝાઝાં નથી ત્યારે ઘણા કાઠિયાવાડી લેખકો મુંબઇ ગુજરાતના અઠવાડીકોમાં છુટાં લખાણો કરે છે.

તેવા લખાણોમાં લીમડીવાળા શુક્લ અંબાશંકર કેશવજી, જેઓ અમદાવાદના પ્રજાબંધુના તંત્રી હતા, જેના મરણ વખતે તે પત્રે ઘણી સરસ નોંધ લીધી છે તેણે કાઠિયાવાડી હોઇ ઠીક નામ કાઢયું છે. તેના હાલના તંત્રી મી. શાહ પણ વઢવાણના હોઇ કાઠિયાવાડી છે. લીમડીવાળા કવિ ભવાનીશંકર હજી પણ રાસ્તગોફ્તારમાં વારંવાર લખે છે. અને આ લેખકે પ્રજાબંધુમાં લેખો લખ્યા છે. તથા પ્રથમ કાઠિયાવાડીની અને હાલ સૌરાષ્ટ્રીની સંજ્ઞાથી રાસ્તગોફ્તારમાં આવશ્યક લેખો તથા ખબરપત્રો લખ્યા છે. રાહાવાટના બીલની વખતે ધી ગુજરાતીમાં રક્ષક લેખો લખાતા હતા તેના ઉત્તરમાં મુંબઇ સમાચાર, રાસ્તગોફ્તાર વગેરેમાં અનેક લખાણો કર્યાં છે. ગુજરાતના

માસિક, દૈનિક કે અઠવાડીક સાહિત્યમાં જ્યારે જ્યારે સુધારાની ભાવના વિરૂદ્ધ આક્ષેપો થયા છે ત્યારે ત્યારે આ લેખકે પોતાની કલમ પકડીને તે દિવ્ય ભાવનાના લાભમાં સાહિત્યની સેવા બજાવી છે.

આ રીતે વર્તમાનપત્રના સાહિત્યની કાઠિયાવાડમાં ક્ષતિ છે. તે બધાનો ખંગવાળી નાખે એવું સાહસ કાઠિયાવાડી મી. મોહનલાલ કરમચંદ ગાંધી બેરીસ્ટર ઍટલો, જેઓ પોરબંદર વેરાવળ તરફથી આફ્રીકામાં જઇ વસ્યા છે તેણે ત્યાંથી એશિયાટીક કે હિંદી ભાઇઓની વહારે ચડી ઉઠાવ્યું છે. તેઓ આફ્રીકામાંથી અંગ્રેજી ગુજરાતી ભાષા વાળું બહાદુરી ભરેલું એક ઉત્તમ વર્તમાનપત્ર નેટીવ ઓપીનીયન પ્રગટ કરે છે.

પ્રકરણ ૮ મું.

ગ્રન્થ સાહિત્ય.

જે દેશમાં પચાસ સાઠ વર્ષ ઉપર લોકો શુદ્ધ ભાષા બોલી લખી જાણતા નહોતા, જ્યાં છાપખાનાં નહોતાં, ત્યાં માસિક દૈનિક અઠવાડીક પત્રો કે પુસ્તકો ક્યાંથી હોય ? જ્યારે દેશની આ દશા હતી ત્યારે વસ્તીના ૯૦ ટકા અભણ લોકો હતા. ૧૦ ટકા ભણેલા તે નાગરો, બ્રાહ્મણો, વાણીયા, વેદીયા, જોશી પુરાણીઓ જેવા "કહેતા હવા" એવા પ્રયોગ કરનારા હતા. સ્ત્રીઓ ઘણે ભાગે અભણ હતી. તેથી ગીત ધોળ ગરબા રાસડા ગાતી. અને

રાજવળાની વડારણો રાજીયા લલકારતી હતી. તેમાં અને નવરાત્રીમાં પુરૂષો ગરબીમાં ફરતાં કૂદતાં રાસડા ગાતા તેમાં ભાષા શુદ્ધિની તો કચુંબરજ થતી. સ, ષનું ભાનજ હતું નહિ.

આવી સ્થિતિ બદલાઇને એકદમ લોકો શુદ્ધ વાંચતા લખતા થયા છે. સાઠ વરસની કેળવણીને પ્રતાપે તેમાંથી પંડિતો અને કવિઓ બન્યા છે. જો કે આ મુદતમાં કાઠિયાવાડીઓએ ગદ્યપદ્યનું જે સાહિત્ય વિસ્તાર્યું છે તેમાં નૈસર્ગિક શક્તિના લેખો બહુ થોડા છે. બંગાળા, મદ્રાસ અને મુંબઈ ગુજરાતમાં આ કાળે વિદ્વાનોએ જે સાહિત્ય લખ્યું તેમાં ૯૦ ટકા સુધારાની ભાવનાવાળું સાહિત્ય હતુ. કેમકે પૂર્વની અને પશ્ચિમની પ્રજાઓનાં સાહિત્યો મળ્યાં ને એકીકરણ પામ્યાં. તેને પ્રતાપે સંસાર, રાજ્ય, ધર્મ તમામમાં સુધારો ઝળક્યો હતો. ગુજરાત તથા મુંબઇના લેખોમાંથી સુધારાની આ પ્રાથમિક ભાવના કાઠિયાવાડમાં અવતરણ પામી હતી. જુના ધર્મ સંપ્રદાયો, જુની રૂઢીઓ વેહેમો અને વ્યભિચાર સામે સુધારાએ તિરસ્કારવૃત્તિ કરાવી હતી.

તેથી આરંભમાં કાઠિયાવાડી સાહિત્યમાં એજ ભાવના પોષાતી હતી. જ્ઞાન વૈરાગ્યના પ્રાચીન ઉપદેશની જગોએ કવિતામાં સુધારાનો ઉપદેશ કરવામાં આવતો હતો. પણ સાક્ષર મનઃસુખરામ, કવિ નર્મદાશંકર, મરહુમ મણિલાલ નભુભાઇ અને ધી ગુજરાતી વાળાએ એ ભાવના સામે રક્ષક લેખો લખવા માંડયા ત્યારે કાઠિયાવાડમાં તેનું પણ અનુકરણ થયું. તેમ છતાં છેવટે સુધારાની મૂળ ભાવના નાશ પામી નથી, પણ પાશ્ચાત્ય કેળવણીને લઈ જીવતી જાગતી જ્વલંત રહી છે. હાલમાં ભારતવર્ષમાં ચોતરફ રાજકીય સુધારાનો તીવ્ર વેગ પેદા થયો છે. તેથી સંસાર તથા ધર્મના સુધારા મંદવેગમાં દેખાય છે.

તો પણ એકંદર વિદ્યાવૃદ્ધિ જોડે સુધારાની ભાવના દૃઢ થતી જાય છે.

કાઠિયાવાડે ગદ્યપદ્યનાં, વૈદક ખેતી કે હુન્નરકળાનાં ઘણાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. તેમાં હિંદુ વીર લેખક કરશનદાસ મૂળજી પહેલું ધ્યાન ખેંચે છે. તેની કેળવણી અને ઉન્નતિ, સુધારાના પ્રયત્ન, વિલાયતનો પ્રવાસ, તથા દેશી રાજ્યનો કારભાર એ બધાની ખીલવણી જો કે મુંબઇમાંથી થઇ હતી. પરંતુ તેઓ કાઠિયાવાડી હતા. મુંબઇના વસવાટને લઈ તેમની ભાષા પારસીશાઇ હતી. પણ જન્મસ્થાન મહુવા નજીકના વડાળ ગામમાં હતું તેથી તેમની ભાષામાં કાઠિયાવાડી માતૃભાષાના સંસ્કાર અને પ્રયોગ થયા છે. આ હડહડતો સુધારાવાળો, વૈષ્ણવ મહારાજોને ધ્રુજાવનારો, મહારાજ લાઇબલ કેશથી પ્રસિદ્ધ થનારો ઉત્તમ કપોળ પદને પામ્યો છે. મરહુમ રાવસાહેબ મહીપતરામે તથા સાક્ષર મનઃસુખરામે તેનાં જીવનચરિત્રો લખ્યાં છે. આજે મુંબઈ વગેરે સ્થળે દેવ પ્રમાણે તેની મરણતિથિની જયંતિ ઉજવવામાં આવે છે. ઇંગ્લાંડના પ્રવાસનો મોટો ગ્રંથ, તેમાંનાં ચિત્રો અને તાદૃષવર્ણનોએ વાંચનારને મુગ્ધ કર્યા હતા. કુટુંબમિત્ર, સંસાર સુખ, નીતિવચન વગેરે ઘણા ગ્રંથો તેણે છપાવ્યા છે. મુંબઇના સ્ત્રીબોધ માસિકમાં તથા અઠવાડીક રાસ્તગોફતારમાં તેણે ઘણો કાળ ઘણું લખ્યું છે. સત્યપ્રકાશ નામે નવું વર્તમાનપત્ર ચલાવી સુધારાની ભાવનાને નવી પ્રજાના હૃદયમાં સચોટ સ્થાપી હતી.

મોરબીના શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર જેમને બ્રિટિસ સરકારે મહામહોપાધ્યાય પદવી હમણાં આપી છે તે સારા લેખક હોઇ અવધાન ચમત્કાર કરી બતાવે છે. તેઓ વયોવૃદ્ધ થયા છે પણ નવા યુગના આરંભથી તેમણે સાહિત્યની સારી સેવા બજાવી છે. અનસુયા અભ્યુદય, ગોપાળ ચિન્તામણિ, ચંદ્રપ્રભા નાટક તથા સાવિત્રી

ચરિત્રાદિ અનેક ગ્રંથો તેમણે છપાવ્યા છે. પ્રશ્નોરા કવિ કેશવલાલ હરિરામ તેમના અનુયાયી હતા. કેશવલાલે મુંબઈમાં વ્યાસ જયકૃષ્ણ જીવણરામના આશ્રયમાં રહી આર્યધર્મ પ્રકાશ ચોપાનીયું જીવતાં સુધી લાંબો કાળ ચલાવ્યું છે. તેમની “અમે તો દો દિનકા મેહેમાન” વગેરે નીતિ વૈરાગ્યની કવિતા ઘણી લોકપ્રિય નીવડવાથી તેમના મરણ પછી કેશવકૃતિ નામે પુસ્તક ભાવનગરના પ્રખ્યાત માજી દીવાન ઓનરેબલ પ્રભાશંકર દલપતરામ પટણી સી. આઈ. ઈ. એ છપાવીને પ્રસિદ્ધ કર્યું છે. જુનાગઢવાળા શાસ્ત્રી વલ્લભજી હરિદત્ત વિષે આગલા પ્રકરણમાં સૌરાષ્ટ્ર દર્પણ ચોપાનીયા સંબંધે લખાઇ ગયું છે. અપભ્રષ્ટ શબ્દો તથા પ્રબોધ ચંદ્રોદય નાટકાદિ ગ્રંથો પણ વલ્લભજીએ બહાર પાડ્યા છે. ગુજરાત તરફ જેવા શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ ભાષાશાસ્ત્રની નિપુણતામાં વખણાઇ ગયા છે તેવા શાસ્ત્રી વલ્લભજી કાઠિયાવાડમાં જુના શોધખાતામાં ઉપયોગી નીવડ્યા હતા.

આ દેશમાં પ્રથમ સામાન્ય કથાઓ કે વાર્તાઓ લખવામાં આવતી હતી. તેમાં પશ્ચિમની નોવેલોનું અનુકરણ કરીને નવલકથા નામ પાડવામાં આવ્યું છે. તેવી વાર્તાનો સુપ્રસિદ્ધ નૈસર્ગિક શક્તિની પ્રતિભા પાડનારો આખા ગુજરાતી ભાષામાં એક જ ગ્રંથ નામે સરસ્વતીચંદ્ર છે. પરંતુ આરંભકાળમાં રાવબહાદુર નંદશંકરવાળા કરણઘેલાની વાર્તાએ ઘણી ખ્યાતિ મેળવી છે. વનરાજ ચાવડો અને સિદ્ધરાજ જયસિંહવાળા તેવા ગ્રંથો તે પછી લખાયા હતા. તેના અનુકરણ જેવી નવલકથાઓ કાઠિયાવાડમાંથી રાણકદેવી અને ભભકપુરની પ્રસિદ્ધ થઇ હતી. માંગરોળવાસી અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવની રાણકદેવી તથા માસ્તર ભાણશંકરની ભભકપુરની વાર્તા માટે શાળાપત્રે ઠીક વિવેચન લખ્યું હતું.

કવિ ભવાનીશંકર નરસિંહરામ પ્રથમથીજ સુધારક વિચારના જુના કવિ છે. તેમના ગ્રંથો સુદામા ચરિત્ર, સોરઠી સોમનાથ, કમળા કુમારી, કુંવારી કન્યા, મીઠા જળની માછલી, સરદારગઢનો સરદાર વગેરે પ્રસિદ્ધ થયા છે. તેમાં ઘણીખરી નવલકથાઓ છે. ભવાનીકાવ્ય સુધા નામે પુસ્તક બહાર પાડેલ છે. આજ સુધીનું તેમનું આખું જીવન સાહિત્યની સેવા પૂજામાંજ વ્યતીત થયું છે.

પોરબંદરવાળા વૈદ્યરાજ ગોપટભાઈએ જયાકુંવરનું બનેલું વૃત્તાંત છપાવ્યું છે, અને મુંબઈમાં રહી વેદધર્મ સભાને અંગે અનેક પુસ્તકો પ્રગટ કરાવવામાં તથા આર્યધર્મ પ્રકાશ માસિક ચલાવવામાં સહાયતા કરે છે. જુનાગઢ તરફના ભગવાનલાલ સંપતિરામ ઝાલાએ સૌરાષ્ટ્રનો ઇતિહાસ છપાવ્યો હતો; અને કાઠિયાવાડી સંજ્ઞાવાળા પ્રોફેસર નરભેશંકરે એમરસનના નિબંધ, ચંદ્રા, સુંદર અને વિદ્યાનંદ તથા શાંકરાદ્વૈત અને શેક્ષપીયર ઉપર લેખો લખીને સારી સાહિત્ય પ્રવૃત્તિ કરી છે. ઉના તરફના કાઠિયાવાડી ગોપાળજી કલ્યાણજી દેલવાડાકરને કોણ ઓળખતું નથી? તેમણે કેળવણીની નવી પદ્ધતિ ઉપર કીન્ડરગાર્ટનના ગ્રંથો લખ્યા છે. ઉપરાંત નવલગંગા, બહાદુર કલો, રમણસુંદરી, સરોજની, બારીસ્ટરની બૈરી તથા નીલમ અને માણેક વગેરે ઘણા કથાગ્રંથો લખ્યા છે. મુંબઈમાં તેમનાં પુસ્તકોનો બહોળો પ્રસાર થયો છે. જુનાગઢ તાબે ચોરવાડના નિવાસી રા. અમૃતલાલ સુંદરજી પઢીયારે સંસારમાં સ્વર્ગ, સ્વર્ગની કુંચી, સ્વર્ગનું વિમાન, સ્વર્ગની સુંદરીઓ વગેરે સ્વર્ગ સિરિઝના પુષ્કળ ગ્રંથો છપાવ્યા છે. જેની સુંદર પુંઠાં સરસ કાગળો વગેરે સફાઈ જોતાંજ બહોળો ઉઠાવ થયાનું જણાય છે. ધ્રોળ તરફના લેખક ત્રિવેદી કેશવજી વિશ્વનાથે સતીમંડળ, ચરિત્રચંદ્રિકા વગેરે પુસ્તકો બહાર પાડયાં છે; રાજકોટ તરફના રા. હરજીવન

ભગવાનજી શુકલે પ્રોફેસર મેક્સમ્યુલરના વેદાંત ઉપરનાં ભાષણો વગેરે છપાવેલ છે.

સાધુશ્રી નારાયણ હેમચંદ્ર, જેઓ દીવના બ્રહ્મક્ષત્રી હોઇ કાઠિયાવાડી હતા, અને જેનું જીવન વૃત્તાંત "હું પોતે" નામક ગ્રંથમાં પ્રસિદ્ધ થયું છે, તેમણે ગુજરાતી સાહિત્ય પ્રવૃત્તિમાં આખું જીવન ગાળી પુસ્તકોનો વરસાદજ વરસાવ્યો છે. તેઓ બંગાળા, દક્ષિણ, મુંબઇ, ગુજરાત તરફ બહુ ફર્યા હતા. યુરોપને પ્રવાસે જઈ આવ્યા હતા. પણ જન્મસ્થાનને લઇ તેમના લેખમાં કાઠિયાવાડી માતૃભાષાના સંસ્કારો હતા. રાજા રજવાડા અને ઉદાર ધનવાન ગૃહસ્થોની મદદ લઇ બંગાળી જેવી પ્રૌઢ ભાષામાંથી અનેક લેખો અને નવલકથાઓનાં ભાષાંતરો ઉતારી સસ્તી કિંમતનાં નાનાં મોટાં અસંખ્ય પુસ્તકો તેમણે છપાવ્યાં છે.

કાઠિયાવાડ ખાતે રાજકાજ અને વેદાંત વિદ્યામાં નાગરજ્ઞાતિ આગળ પડતી છે. તે પ્રમાણે પ્રશ્નોરા નાગરજ્ઞાતિ પણ સાહિત્ય શોખમાં, વૈદકમાં, સંસ્કૃત જ્ઞાનમાં પ્રખ્યાત થયેલી છે. તેમાં જામનગર તરફ વૈદ્યવિદ્યા અને સંગીતવિદ્યાના સારા વિદ્વાનો થઇ ગયા છે. પ્રસિદ્ધ ગવૈયા આદિતરામભાઈ પ્રશ્નોરા હતા. તેમણે સંગીતાદિત્ય પુસ્તક લખેલું પ્રસિદ્ધ થયું છે. રાજકોટ કિંગકોલેજ અને ટ્રેનીંગ કોલેજના શાસ્ત્રી જીવણરામ મહીધરે ભર્તૃહરિના ત્રણે શતકના ભાષાંતર વગેરે છપાવેલ છે. શાસ્ત્રી કાળીદાસ ગોવિંદજી, શાસ્ત્રી મુરારજી, શાસ્ત્રી હાથીભાઇ હરિશંકર વગેરેએ અનેક લેખો લખ્યા છે. હાલના બોટાદ વહીવટદાર શાસ્ત્રી પ્રાણશંકર પ્રેમશંકર સારી કવિતા કરે છે. તેમણે આપણો ઉદય કેમ થાય? તથા ઝંડુ ચરિત્રાદિ ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે.

પોરબંદર તરફથી મુંબઇમાં જઈ રહેલા પંડિત ગટુલાલજીના

ગ્રંથોને કોણ નથી જાણતું ? અદ્વૈત માર્ગના આચાર્ય જયકૃષ્ણ વ્યાસ જેમ ઉત્તમ કથાકાર હતા તેમ પંચીકરણાદિ ગ્રંથો તેમણે છપાવ્યા છે. રાણાવાવના મેહેતાજી રા. જગજીવન કાળીદાસે હીરાદેવી નાટક, ઔરંગજેબ અને સંન્યાસી તથા ભર્તૃહરિના ચોથા શતકનું સમશ્લોકી ગુજરાતી ભાષાંતર બહાર પાડેલ છે. જુનાગઢમાં પ્રખ્યાત ભગવાનલાલ ઇંદ્રજીના ભાઈ કતોભટ જે સારા વૈદ્ય હતા તેમણે વનસ્પતિનો ઉત્તમ કોષ બનાવ્યો છે. ત્યાંના માસ્તર સુંદરજી મૂળજી શેઠે નવી સચિત્ર પહેલી ચોપડીની હોપ સીરીઝ કરતાંએ એવી સરસ યોજના કરી હતી કે દેશી મેહેતાજીઓમાં તે વખણાઈ ગઈ છે.

કાઠિયાવાડના કારભારી કે દીવાન જેવા મોટા અમલદારોએ સાહિત્ય પ્રીતિમાં કેટલો ભાગ લીધો છે એ પ્રશ્ન કરીએ તો ભાવનગર સંસ્થાને સૌથી વધારે ભાગ લીધાનું સાબેત થશે. નાગર દીવાનોમાં મરહુમ ગવરીશંકર તથા શામળદાસભાઈ અને જુનાગઢના દીવાન ગોકુળજીભાઈ તેમજ નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ વગેરે મોટા માણસો વેદાંત વિદ્યામાં ઘણા જ વખણાઈ ગયા છે. ગોકુળજી ઝાલા અને વેદાંતવાળો રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીવાળો ગ્રંથ જેમણે વાંચ્યો હશે, તેમને આ વાતની ખાત્રી થશે. વેદાંતના જ્ઞાતા મોટા મોટા સન્યાશીઓના સમાગમથી અને અભ્યાસથી આ નાગર દીવાનો એ વિદ્યામાં નિષ્ણાત થયા હતા. રા. રા. ગૌરીશંકર ઉદેશંકર ઓઝાએ તો સ્વરૂપાનુસંધાન વગેરે કેટલાક ગ્રંથો પણ છપાવ્યા છે. અંગ્રેજીમાં તથા ગુજરાતીમાં તેમનાં મોટાં જીવનચરિત્રો લખાયાં છે. ગગાભાઈના સત્પુત્ર રા. વિજયશંકર ઓઝા પણ સાહિત્યના શોખીન અને પોશીંદા છે. ઘોઘા અને લીમડીવાળા કવિઓ બંને ભવાનીશંકરને તેમનો ઘણો આશ્રય મળ્યો છે. મરહુમ દીવાન શામળદાસભાઈની

પાસે મરહુમ સાક્ષરવર્ય ગોવર્ધનરામ માધવરામ કેટલોક કાળ નોકરીમાં રહ્યા હતા. તે પછી પ્રખ્યાત નવલકથા સરસ્વતીચંદ્રના ભાગો બહાર પાડવામાં આવ્યા છે.

રા. રતિલાલ છોટાલાલ દેશાઇ તથા રા. ગણપતરામ વેણીલાલ સાહિત્ય પ્રેમી હતા. સોક્રેટિસ જન્મચરિત્ર, ચંડીના ગરબા વેરાના શેહેરના એ ગૃહસ્થ એ પુસ્તકો ભાવનગરમાં પ્રગટ થયાં હતાં. મદ-ડાકર નાગરની સહીથી તે બાજુના એક મેહેતાજી સાહિત્યની ભક્તિમાં જોડાયા છે. તેઓ ગુજરાતી વગેરેમાં ગદ્યપદ્ય લખે છે, સાહિત્ય પરિ-ષદ્‌માં નિબંધો મોકલે છે. અને તેમણે શિકાર કાવ્ય, કર્મવિપાક તથા યમુનાગુણાદર્શ વગેરે પુસ્તકો બહાર પાડયાં છે. થિયોસોફીને લગતા લેખો પુસ્તકોથી અને ચોપાનીયાદ્વારા રા. દુલેરાય મહીપતરાય ઓઝા તથા રા. માનશંકર પિતાંબરદાસ લખે છે. કે સુદર્શન માસિકમાં લખે છે તેમ જિજ્ઞાસુ નામે નવું માસિક પ્રગટ કરી તે દ્વારા તેવા લેખો ફેલાવે છે. રા. શવાઇલાલ છોટાલાલ વોહોરા તરફથી મુદ્રારાક્ષસ નાટક વગેરે ગ્રંથો બહાર પડયા છે. પરંતુ મોટો સંસ્કૃત શબ્દદર્શક કોષ તેમણે છપાવીને સાહિત્યપ્રેમી વિદ્વાનોમાં પોતાના સારા સંસ્કૃત અભ્યા-સની છાપ બેસાડી છે.

મેહેતાજી ગ્રંથકારોમાં પોરબંદર તરફ રા. આણંદજી વાહાલજી પ્રથમ લખતા હતા. અને સુંદરજી મૂળજી ઉપરાંત મહુવાવાળા જાદ-વજી માવજી શિક્ષણકળામાં સારા વખણાઈ ગયા છે. શિક્ષકનો ભોમીયો, દેશીનામાનો ભોમિયો, વ્યાકરણનો વધારો, સાતમીની નોટ વગેરે વિદ્યાર્થિ વર્ગને ઉપયોગી થાય એવાં નાનાં પુસ્તકો છપાવ્યાં છે. ભા-વનગરના તાલુકા માસ્તર દેવશંકર વૈકુંઠજી ભટે રાજકોટ અને વડો-દરાની સાહિત્ય પરિષદોમાં નિબંધો વાંચ્યા હતા. તેમજ ભાવનગરનો

વાર્તારૂપે ઇતિહાસ, ભાગ્ય મહોદય જેવાં પુસ્તકો પણ છપાવ્યાં છે.

પંડિત ગટુલાલજીના પ્રિય શિષ્ય શાસ્ત્રી મૂળશંકર રામજી શિહોરવાળાએ પ્રબોધ ચંદ્રોદય નાટકનું ગુજરાતી સુંદર ભાષાંતર કરેલું છે. તેમનાં લેખોમાં શ્લેષાલંકારની સારી ચમત્કૃતિ છે. હરખજી મહેતાનાં પદ એ નામનું પુસ્તક શિહોરવાળા હરખજી મહેતાએ રચેલ છે. ભાવનગરના પ્રખ્યાત ગવૈયા શિવા સૂરજરામ સારા કવિ હોઇ શિવરામ કાવ્ય બે ભાગે પ્રસિદ્ધ કરેલ છે. ભાવનગરના વકીલ મૂળજી વનમાળીદાસે બાળવયમાં સ્વયંવર વિષે નિબંધ લખીને પ્રસિદ્ધ કર્યો હતો. હાલ પોરબંદર તરફ રહેનારા રા. વિશ્વનાથ સદારામ પાઠકે પંચદશી જેવા વેદાંતના સારા ગ્રંથોના ગુજરાતી ભાષાંતર કરેલ છે. આ ગ્રંથનું સમર્પણ સ્વીકારનાર રા. બાલુભાઈ કહાનદાસ મણીયારે આર્યવર્તની અવદશા, બાળલગ્નની કાહાણી, હમીરરાજ ચોહાણ તથા તપ્તેશ તવારીખનાં પુસ્તકો છપાવ્યાં છે. મહુવા નિવાસી મરહુમ પારેખ ભગવાનદાસે છુટક કાવ્યો સુદર્શન, ચંદ્ર અને કવિતા વિલાસમાં લખેલાં હતાં, તેમજ શ્રંગાર નામનું પુસ્તક છપાવ્યું હતું. તથા વિરહજવાળા નામનું પણ કાવ્ય પુસ્તક છપાવ્યું છે.

ભાવનગરના નામદાર મહારાજા સાહેબ ભાવસિંહજીને સાહિત્યનો એટલો બધો શોખ છે કે એક સારૂં નાટક રચી આપેલું મુંબઇમાં નાટક મંડળીમાં ભજવાય છે. સંગીતમાળાનો મહાન શાસ્ત્રીય ગ્રંથ રચી આપ્યો છે. કાવ્ય નાટકાદિ ઉપરાંત વૈદકનું ઉત્તમ જ્ઞાન ધરાવે છે. અનેક ગ્રંથકારોને મદદ કરે છે અને રાજકવિ પિંગળશી ગઢવીને પાસે રાખી ગ્રંથો રચાવે છે. કવિ નથુરામ સુંદરજીએ તેમના આશ્રયમાં ગ્રંથો રચીને છપાવ્યા છે. તથા મહુવાના મસ્ત કવિ ત્રિભુવનદાસને વર્ષાશન આપે છે.

તેમના માજી દિવાન ઓનરેબલ પ્રભાશંકર દલપતરામ પટણી સી. આઈ. ઈ. હાલ મોટી સરકારી જગો પામ્યા છે. તેઓ બાળવયથી કાવ્યના તથા સાહિત્યના પ્રેમી છે. સારી કવિતા કરે છે તથા સુપ્રસિદ્ધ વક્તા છે. કાંત સંજ્ઞાધારી રા. મણિશંકર રત્નજી ભટ્ટ અને તેમના ભત્રીજ રા. હરીલાલ માધવજી ભટ્ટ એમ. એ. ની સાક્ષરતા આખા કાઠિયાવાડમાં વખણાય છે. રાજકોટની સાહિત્ય પરિષદ્‌માં રા. હરિલાલે વાચનમાળા સંબંધે સારી ચર્ચાવાળો નિબંધ વાંચ્યો હતો. સાક્ષર મણિશંકર કાઠિયાવાડ ખાતે એક રત્ન અને અદ્વિતીય છે. કલાપીનો કેકારવ તેમણે પ્રસિદ્ધ કરેલ છે. સ્વીડન બોર્ગ, લગ્નસ્નેહ તથા કેળવણી અને ઐતિહાસિક પુસ્તકો છપાવ્યાં છે. તેમનાં છૂટાં કાવ્યો ઉપર મકરંદે (રાવબહાદુર રમણભાઈ) બુદ્ધિપ્રકાશ, જ્ઞાનસુધા વગેરેમાં ઉત્તમ વિવેચનો લખ્યાં છે. ૨૦ વરસ ઉપર જ્ઞાનસુધા માસિકમાં સિદ્ધાંતસારનું અવલોકન એ વિષય એવો સરસ ચર્ચ્યો હતો કે તેમની ભાષા અને તેમનું બહોળું વાચન ચોતરફ વિદ્વાનોમાં વખણાઈ ગયું છે. કાંત અને કાંતાના તે કાગળો રસિક વિદ્વત્તાનો નમૂનો છે.

કવિ તરીકે સાહિત્ય સેવા કરનારા કાઠિયાવાડના સુધારામાં પ્રથમજ બહાર આવ્યા છે. કવિ ભવાનીશંકર નરસિંહરામ, ભવાનીશંકર નરોત્તમ, આત્મારામ નારણજી, કવિ કેશવલાલ હરિરામ, નથુરામ સુંદરજી, પ્રતાપરાય શિવલાલ માંકડ, લલ્લુ કાળીદાસ, હીરાચંદ કાનજી, જટિલ ઉર્ફે જીવણરામ લક્ષ્મીરામ દવે, મસ્ત કવિ ત્રિભુવનદાસ પ્રેમશંકર તથા તેમના ભાઈ હરગોવિંદદાસ પ્રેમશંકર (ઔરંગજેબને જેબુન્નિસા રચનાર) ઇસ્લામી વરતેજી, શિહોરના કવિ ગોવિંદ ગીલા, ભાવનગરના રાજકવિ ગઢવી પાતાભાઈ તથા પિંગળશી પાતાભાઈ,

તેમજ આ લેખકે માહેશ્વર વિરહ, સુબોધચિન્તામણિ, દૃષ્ટાંત ચિંતામણિ, મહામારી વર્ણન છપાવીને તથા માસિકોમાં છૂટક કવિતાઓ પ્રગટ કરીને સાહિત્યની રંગભૂમિ ઉપર યથાશક્તિ કર્તવ્યો બજાવ્યાં છે. કવીશ્વર દલપતરામ, અને તેમના પુત્ર કવિ નાનાલાલ પ્રકારાંતરે કાઠિયાવાડી કવિજ ગણાય છે. નવી ગ્રેજ્યુએટ શૈલીની કવિતામાં લાઠીના ઠાકોર સાહેબ સુરસિંહજી, તથા રા. મણિશંકર રત્નજી ભટ્ટ, બંનેની સંજ્ઞા અનુક્રમે કલાપી તથા કાંત તરીકે લખાય છે તેમણે ઘણી ખ્યાતિ મેળવી છે.

કવિ હીરાચંદ કાનજી વહેલા ગુજરી ગયા છે. તેમના ગ્રંથો પિંગળાદર્શ, શબ્દઅનેકાર્થ કોષ વગેરે છપાયા હતા. કવિ ગોવિંદ ગીલાભાઈ ઘણી મુદતથી હિંદી કવિતા કરે છે અને કાશી તરફ રહીને તે બાજુના માસિકોમાં તેમની સારી ખ્યાતિ આવે છે. કવિ પાતાભાઇના ગંગાલહરી વગેરે કાવ્યો અને કવિ પિંગળશીના ભાવપ્રકાશ તખ્તવિનોદ વગેરે કાવ્યો વખણાયાં છે. કવિ ભવાનીશંકર નરોત્તમ તથા આત્મારામ નારણજી નાની ઉમરમાં ગુજરી ગયા છે. કવિ ત્રિભુવન પ્રેમશંકરે મિત્રનો વિરહી, સ્વરૂપ પુષ્પાંજલી, કલાપિનો વિરહ છપાવ્યાં છે. તેમના વિભાવરી સ્વપ્ન ઉપર રાવબહાદુર રમણભાઇએ જ્ઞાનસુધા માસિકમાં સારૂં લાંબું વિવેચન લખ્યું હતું. ઝાલાવાડી કવિ નથુરામ સુંદરજી તરફથી ઋતુવર્ણન અને તખ્તયશ ત્રિવેણિકા વગેરે ગ્રંથો છપાયેલા છે. સાક્ષર કવિ જટિલે જટિલ પ્રાણપદબંધ, સુદામા ચરિત્રાદિ પુસ્તકો બહાર પાડ્યાં છે. પારેખ ભગવાનદાસ દુલભદાસે મહુવામાં રહી શૃંગાર, વિરહજ્વાળા તથા સુદર્શન ચંદ્ર દ્વારા સ્ફુટક કવિતાઓ બહાર પાડી હતી.

રા. કાન ચકુ ગાંધી તરફથી દશમસ્કંધ, અને જીવાભાઈ અમીચંદ

તરફથી કાવ્યમંજરી બહાર પાડયાં હતાં. ભાવનગરમાં સ્વામી ચિદ્ઘનાનંદજીએ આત્મપુરાણુ, ન્યાયપ્રકાશ, ગૂઢાર્થદીપિકા નામે ગીતાની ટીકા વગેરે હિંદીમાં લખ્યાં છે. કાયદાશાસ્ત્રીઓ કાઠિયાવાડી દુર્લભજી ધર્મશી વેદની ઇક્વિટિને વખાણે છે. લિમડીના જૈન લેખક રા. પુરૂષોત્તમ કાનજી ગાંધીએ એક વખત સારો દેખાવ કર્યો હતો. હાલ ઉત્તરાવસ્થામાં જુનાગઢ સ્ટેટમાં સારી નોકરીમાં છે. તેમણે એક ચોપાનીયું ઠીક ચલાવ્યું હતું. અને મિત્રતા વિષે નિબંધ, સ્વદેશાભિમાન વગેરે નાનાં નાનાં પુસ્તકો બહાર પાડી સાહિત્યના મેદાનમાં સારી પ્રવૃત્તિ કરી હતી. સોરઠ ચલાળા તરફના રા. રા. કૃપાશંકર ઝીણાભાઈ લાંબી મુદતથી કન્યાવિક્રય વિરૂદ્ધ મુંબઈ વગેરે સ્થળે ભાષણો આપે છે તેમ તે જાતના લેખો પણ લખે છે.

આ નવા યુગની કેળવણીના જમાના અગાઉ રાજકર્ત્તા કવિ મેરામણસિંહજી વાળો પ્રવીણસાગરનો ભાષાગ્રંથ અભ્યાસી કવિઓને મદદકર્ત્તા થઈ પડયો હતો. ભાષા એટલે આ સ્થળે વ્રજભાષા સમજવી. પ્રવીણસાગર એ વિપ્રલંભ શૃંગારની એક લાંબી લાંબી નવલકથાજ છે. પરંતુ આગલા જમાનામાં ભાટ ચારણો વગેરે ગાયકો રાજસભામાં અને ચોરા દાયરામાં તેનાં કવિતોઃ—

પ્રેમબાન દે ગયો ન જાનહુ કિતે ગયો—
સુપંથી પ્રાન લે ગયો ઝરોખે દ્રગ લાઈ કે.

વગેરે લલકાર્યા કરતા હતા. હવે સંસ્કૃત અને અંગ્રેજી કાવ્યોનાં અનુકરણોએ હાલમાં તેની જગો લીધી છે. જો કે એની રચનામાં કાઠિયાવાડના સામટા હાથની મદદ કહેવાય છે. તો પણ મુખ્ય હાથ રાજકર્ત્તાનોજ હતો. નવા યુગમાં રાજકર્ત્તા કવિ કલાપીએ એ વારસો ઉઠાવી લઈ કાવ્યરસમાં રસિકજનોને મુગ્ધ કર્યા હતા.

ગ્રંથકર્ત્રી સ્ત્રીઓ કે કવિ તરીકે માન પામેલી સ્ત્રીઓ કાઠિયાવાડના આ નવા યુગે હજી વધારે પેદા કરી હોય એમ લાગતું નથી. ઘણી ખરી પુરૂષ વર્ગેજ ઉપર લખેલી સાહિત્ય સેવા ઉઠાવેલી છે. વ્યાખ્યાન કરનાર તરીકે જામનગર તરફનાં પંડિતા જમનાબાઇનું નામ અગાઉ સંભળાતું હતું. શ્રીમાન્નથુરામ શર્માની શિષ્યા કસ્તુરબાઇએ ધર્મ ઉપદેશ ઉપર કવિતાઓ કરી છે તે જોડે કથાવાર્તા કરે છે. ભાવનગર સંસ્થાનના જોઇન્ટ સર ન્યાયાધીશ રા. વામનરામ કપીલરામનાં પત્નીએ જો કે તેઓ કાઠિયાવાડી નથી પણ કાઠિયાવાડમાં રહીને થોડાં પુસ્તકો છપાવ્યાં છે. અને રાજકોટની સાહિત્ય પરિષદ્‌માં એક નિબંધ પણ લખી મોકલ્યો હતો. ભાવનગરના માજી નાગર દીવાનના બંધુ લલ્લુભાઈ શામળદાસ મેહેતા, જેઓ બ્રિટિશ રાજ્યમાં ઓનરેબલ થયા છે તેમનાં પુત્રી સુમતિ બેહેનને સાહિત્યનો શોખ હતો. રામાનુજાચાર્ય, દક્ષિણની મુસાફરી વગેરે ગ્રંથો તેમણે છપાવ્યા છે. ગોંડળના નામદાર મહારાણી નંદકુંવરબાએ દુનિઆની મુસાફરી કરી ગોમંડળ પરિક્રમણ નામે મોટું પુસ્તક છપાવ્યું છે. તથા રાજકોટ સાહિત્ય પરિષદ્‌માં આવકાર દેનારી કમિટિનું પ્રમુખપદ લઈ ભાષાશૃંગારનું સુંદર વ્યાખ્યાન છપાવ્યું હતું. વિજયાલક્ષ્મી હર્ષદરાય ત્રિવેદીએ સારૂં ગદ્યપદ્ય લખીને, બોલીને ટુંકા જીવનને સારૂં દીપાવ્યું હતું.

નાટકના કાઠિયાવાડી સાહિત્યમાં માત્ર વાંચવાનાંજ નહીં પણ રંગભૂમિ ઉપર ભજવીને પ્રેક્ષકોની વાહવાહ મેળવનારા મોરબીવાળા વાઘજી મૂળજી આશારામ ઓઝા, વાંકાનેરવાળા નથુરામ સુંદરજી શુકલ, અને અમરેલીવાળા મૂળશંકર હરિનંદ વગેરે નાટકાચાર્યોની ખ્યાતિ જગજાહેર થઈ છે. ત્રિયારાજ, ત્રિવિક્રમ, ચાંપરાજહાડો, રાજસિંહ, રાણકદેવી, ભર્તૃહરિ, નરસિંહ મેહેતો વગેરે અસંખ્ય નાટકો બહાર

પડેલાં છે. મોરબી, વાંકાનેર વગેરેની નાટક મંડળીઓએ દેશદેશાવરમાં ફરીને સારી કમાઈ કરી છે ને હજી કરે છે. કવિ નથુરામના ભક્તિ વિષયક નાટકો મુંબઈમાં ભજવાય છે. ભાવનગરના મહારાજા સાહેબ વાળું એક સારૂં નાટક રંગભૂમિ ઉપર વખણાય છે. મરહુમ વાઘજી અને તેના ભાઈ નાટ્યકળામાં ઘણા પંકાઈ ગયા છે.

એટલુંજ નહિ પરંતુ ગુર્જર નાટકાચાર્ય શ્રીયુત વાઘજીભાઈની પદવી સર્વોત્તમ નિર્વિવાદ ઠરી ચુકેલી છે. વિબુધ વિજયના સંસારી ખેલમાં ચાલુ જમાનાનું જે ચિત્ર તેમણે આલેખ્યું છે તે પ્રેક્ષકને ઉપયોગી અને આકર્ષણીય ગણાઈ ગયું છે.

કાઠિયાવાડ ખાતે ઇસ્લામી સાહિત્ય સાધારણ ફેલાયું છે. તેમની વસ્તીના પ્રમાણમાં થોડું છે. મુસલમાન ખોજા, મેમણ વગેરે ગૃહસ્થો વધારે સાહસિક હોઈ પરદેશમાં જઈ વેપારમાં સારૂં નામ કાઢે છે. પણ ગ્રંથકાર, પત્રકાર કે વ્યાખ્યાનકાર તરીકે બહુ થોડાજ જણાયા છે. ધોરાજી તરફના હાજી સુલેમાન લોધીયા, જેણે દુનિઆની મુસાફરીનું એક મોટું પુસ્તક બહાર પાડયું છે તે એક ફત્તેહમંદ વેપારી હોઈ બીજા લેખો પણ બહાર પાડયા છે. વરતેજના કવિ વરતેજી સારા કવિ છે. ભાવનગરના ખોજા સદ્‌ગૃહસ્થ શરીફ સાલેમહમદે વેદાંત વિષય ઉપર ગ્રંથો લખ્યા છે. અને તેમના નાના પુત્ર જે હજી કાઠિયાવાડમાં છે તેમણે વિશ્વભેદ નામે સારૂં પુસ્તક લખ્યું છે. સ્વામિનારાયણ પંથના ગામ ગઢડાના નિવાસી ખોજા લવજી ઝીણા માસ્તર એક સુપ્રસિદ્ધ વક્તા છે. તેમણે ગ્રંથો છપાવ્યા નથી પણ વ્યાખ્યાનો અસરકારક કરે છે. ખોજા પ્રકાશ વગેરે સાધારણ અડવાડીકો નીકળે છે, પણ તે વિષયમાં તેમનો વધારે પ્રયત્ન જાણવામાં આવ્યો નથી.

વૈદકનું ગુજરાતી સાહિત્ય કાઠિયાવાડીઓને હાથે ઘણું ખીલ્યું

છે. તેમાં અંગ્રેજી તથા દેશી એમ બે વિભાગ પડે છે. જુનાગઢના મરહુમ ડાક્ટર ત્રિભોવનદાસ મોતીચંદ શાહ તથા દેશી ડાક્ટર અમીદાસ મનજી, હાલારી વીરજી ઝીણા રાવળ તથા ભાવનગર વાળા ડાક્ટર બરજોરજી બેહેરામજી વગેરે સારી ડીગ્રીઓ અને સારી કીર્તિ પામ્યા છે. આ વૃદ્ધ અને જુના ડાક્ટરો ઉપરાંત જુવાન ડાક્ટરો તો હવે ઘણા વધ્યા છે. વીરજીના વંધ્યત્વ નિવારણ, આર્યઔષધ વગેરે ગ્રંથો થયા છે. ડાક્ટર બરજોરજીએ વૈદકનો સારો ગ્રંથ બહાર પાડ્યો છે. પણ વણીક ત્રિભોવનદાસ વાળો શારીર અને વૈદકનો મોટો ગ્રંથ ઘણો જ સુપ્રસિદ્ધ છે. અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ માને શિખામણ (જેમાં આ લેખકનાં પદ્યો છે) આરોગ્યતા અને સ્વચ્છતા વગેરે નિબંધો ડાક્ટર ત્રિભોવનદાસ પાસે રચાવીને પ્રસિદ્ધ કર્યા છે. દેશી વૈદ્યોમાં જામનગરના ઝંડુભટ્ટજી, બાવાભાઈ, મણિશંકર વિઠ્ઠલજી, મણિશંકર ગોવિંદજી, ઘોળવાળા જટાશંકર લીલાધર અને પોરબંદર તરફના મરહુમ પરભુરામ જીવણરામે ચરક, સુશ્રુત, વાગ્ભટ, શારંગધર સંહિતાદિ ઘણા દેશી વૈદકના ભાષાંતરો બહાર પાડયાં છે. જટાશંકરે સારી સંતતિ, ધાત્રીશિક્ષા, ઘરવૈદું વગેરે ગ્રંથો પ્રગટ કર્યા છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાન સાહિત્યમાં પંચદશી આદિ વેદાંતના પુષ્કળ ગ્રંથો, મહાભારત, રામાયણ, શ્રીમદ્ ભગવદ્ગીતા અને પુરાણ તથા સ્મૃતિઓનાં ભાષાંતરો, ઉપનિષદ્, દર્શનો વગેરેના ભાષાંતરો પોરબંદર જામનગર ભાવનગર તરફના મુંબઇમાં રહેતા શાસ્ત્રીઓએ બહાર પાડેલ છે. આચાર્ય નથુરામ શર્માએ વેદાંત ઉપર ઘણું લખ્યું છે. પંડિત ગટુલાલજી, શાસ્ત્રી પ્રાણજીવન હરિહર, શાસ્ત્રી રણછોડજી ઉદ્ધવજી, કાળીદાસ ગોવિંદજી, હાથીભાઇ હરિશંકર અને જણકૃષ્ણ વ્યાસ વગેરેએ ઘણું ધર્મ સાહિત્ય બહાર પાડ્યું છે. દશકુમાર ચરિત, પંચતંત્ર, હે-

સ્ટીંગની સોટી વગેરે તેમના ગ્રંથો વખણાય છે. થિયોસોફીને લગતું સાહિત્ય ભાવનગરી નાગરોએ ઠીક ફેલાવ્યું છે. અને મહુવા તાબે કોંજળીના એક વિપ્ર હરજીવન કાળીદાસ મદ્રાસ તરફ અધારમાં રહી આવીને થિયોસોફિકલ તત્વજ્ઞાન ઉપર ઘણાં સરસ વ્યાખ્યાનો કરે છે. દક્ષિણિ હરદાસ કથાને પગલે અમરેલી રાજકોટના હરદાસ કથાકારો વધ્યા છે. અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવ એ શક્તિમાં ઘણા વખણાય છે, અને ભાવનગરવાળા વાસુદેવજી એક જુસ્સાવાળા સત્યવાદી હરદાસ કથાકાર છે. તેમને ચહાનારા તેમની ધર્માસ્થાને બહુ વખાણે છે.

પ્રકરણ ૯ મું.

સાહિત્યનું પરિણામ.

ઉપરના આઠ પ્રકરણોમાં આપણે લંબાણથી વિવેચન કીધું છે તે પ્રમાણે કઠિયાવાડી સાહિત્ય પ્રેમી જનોએ માસિક ચોપાનીયાંથી, દૈનિક અઠવાડિક પત્રોથી, પુસ્તકોથી તથા છૂટક ગદ્યપદ્ય લખાણોથી જે દેશસેવા બજાવી છે, અથવા સરસ્વતી દેવીની ઉપાસના કરી છે તેના પરિણામમાં સંસાર, ધર્મ, રાજ્ય નીતિ, વેપાર વગેરે અનેક ઉપયોગી વિષયોમાં અસર થઇને શા શા પરિવર્તનો થયાં તેની મીમાંસા કરીને આ લેખ પુરો કરીશું. જનસમાજના અગ્રેસર કે બુદ્ધિશાળ

મનુષ્યોનાં સૂક્ષ્મ દેહમાં વિચારોનાં જે જે આંદોલનો થયાં હોય તે વક્તા હોય તો વાણીદ્વારા અને લેખક હોય તો લેખદ્વારા બહાર પડે છે. વિચારોની છાપ કે બળ આચારો ઉપર પડે છે. અર્થાત્ વિચાર સૃષ્ટિમાં ફેરફાર થાય તો ક્રમે ક્રમે આચરણો બદલાવા લાગે છે.

આ જગતની ઉત્પત્તિમાં પ્રથમ શબ્દ એ મહાકારણ મનાય છે. કેટલાક ચિન્તકો એમ માને છે કે મનોવ્યાપારથી અને વાઙમય પ્રવૃત્તિથી નાનાં પ્રકાર હાનિલાભનાં પરિવર્તનો થાય છે. વાઙમય વ્યાપાર કેવળ નિષ્ફળ જતો નથી. અને મનુષ્ય મગજમાં પ્રથમ વિચારોની અનેક ગડમથલ થાય, પછી તે ફેલાવા લાગે છે અને છેવટ રૂઢીઓ તે પ્રમાણે બંધાય છે. પ્રબળ અને દઢ વિચારના નેતાઓ જનસમુહને તેવી રૂઢીઓમાં રંગે છે. પૂર્વે મુસલમાનો અનેક સ્ત્રીઓ પરણતા હતા ત્યારે તેમના હજરત પેગંબર સાહેબે ચાર સ્ત્રીઓના નેકા વાજબી ઠરાવ્યા તો આજ સુધી બહુ સ્ત્રી કરવાનો રીવાજ તે લોકોમાં છે. કારણવશાત્ આર્ય અને હિંદુ લોકો વધારે સ્ત્રી પરણતા હતા તેથી તેમના શાસ્ત્રો અને વિદ્વાનોએ તેવા વિચારો દઢ કરવાથી હજી સુધી હિંદુઓ તે પ્રમાણે પરણે છે. અર્વાચીન કાળમાં ક્રિશ્ચનોએ એક સ્ત્રી પરણવાની નીતિ ઉત્તમ ઠરાવી છે તો તેમનો તેવો રીવાજ જગતની બીજી પ્રજાઓને મનમાં અસર કરવા લાગ્યો છે. વિદ્વાનોમાં તે ઝગડો ચાલુ થયો છે. પાશ્ચાત્ય પ્રજાની વિદ્યા તથા તનમન બળનો વિજય જોતાં આખા જગત્માં એક પત્નીવ્રત પાળવાની રૂઢી બંધાઈ જશે એવું ભવિષ્ય લાગે છે. ગાયકવાડ સરકાર અને સિંધિયા સરકાર તથા રા. દયારામ ગીડુમલના જાહેર બનાવોમાં મોનોગમી પોલીગમી (એક સ્ત્રી બહુ સ્ત્રી) માટે બહુ ચર્ચા થઇ ગઇ છે. તેમાં જમાનાનું વલણ એક સ્ત્રી કરવા તરફ દેખાયું છે.

ખરી વાત છે કે ઉપર જે ગ્રંથો કે ગદ્યપદ્ય સાહિત્યનાં સામાન્ય વર્ણન લખ્યાં છે તેમાં કેટલાકને મતે ઘણો અને કેટલાકને મતે કેટલોક કચરો પણ હશે. શિષ્ટ અને ઉત્તમ વાઙ્મય વ્યાપાર જોડે અશિષ્ટ અને હલકો વાઙ્મય વ્યાપાર પણ થયો હશે. કેટલાકે નમાલાં ટાહ્યલાં લખવામાં મિથ્યા કાળક્ષેપ કર્યો હશે. કેટલાકે મૂર્ખાઇભરેલી કવિતા કે વાર્તા કે નિબંધ નાટકો લખ્યાં હશે. પરંતુ જ્યાં લસ્કરે લડાઇ કરવા કુચ શરૂ કરી અને "યાહોમ કરીને પડો ફતેહ છે આગે" એ કવિ નર્મદાશંકરના કવિતાસૂત્રને સૌ અનુસરવા લાગ્યા, ઘેરેઘેર કવિ અને ગામેગામ પંડિતો પેદા થયાનું માનવા લાગ્યા, ત્યાં સારા માઠા કે નબળા સબળા જાગે તેમાં નવાઇ નથી. વેપારમાં, ખેતીમાં, નોકરીમાં દરેક ઉદ્યોગમાં કીર્તિ લેવાનો તથા નામ કાઢવાનો મોહ કોને નથી? તો પછી કવિ કે પંડિત થવાનો મોહ જાગે એ સ્વાભાવિક છે.

દરેક કાળમાં દરેક પ્રજામાં આવા મોહના મહાસાગરમાં સઘળાઓ ઘસડાય છે. કોઇ ધર્માદા કામનું ફંડ કરી કેવળ પુણ્યદાન કરવાનું હોય તેમાંએ આગેવાન થવાની, જશ ખાટી જવાની મારામારી સારાં અને મોટાં મનુષ્યો પણ કરે છે. તો પછી બિચારા આ સ્વદેશને સુધારવા નીકળી પડેલા નિર્દોષ યુવકો તે માર્ગે મોહાયા છે તેમાં ઘણું આશ્ચર્ય નથી. તેમ છતાં આ તમામ સાહિત્ય શોખીનોનો એકજ હેતુ દેશસેવા કે માતૃપૂજા કરવાનો અથવા સરસ્વતી પૂજનનોજ લાગે છે. કેમકે હજી આ નિર્ધન દેશમાં પુસ્તકો છપાવીને વેચવાથી પુરતું દ્રવ્ય તો મળતું નથી. તે ધંધાથી સારી રીતે ગુજરાન પણ ચાલતું હોય એમ લાગતું નથી. તે એકજ ધંધા ઉપર જીવનારા હજી બહુ થોડા છે. તેથી માત્ર મોહ કે શોખને ખાતર ઘણાખરા લેખકો એ સેવા ઉઠાવે છે. નિર્વાહ વાસ્તે નોકરી કે વકીલાત કે બીજો વ્યાપાર

કરનારા ઘણા વિદ્વાનો શોખને વાસ્તેજ આ કામ કરે છે. જ્યારે જનમંડળમાં આ સાહિત્યના ધંધાની આવી સ્થિતિ છે ત્યારે વિવેચકો કે ટીકાકારોએ ઘણી વિશાળ અને ઔદાર્યવૃત્તિથી જોવાનું છે. રા. નવલરામભાઇના મનમાં પણ આ લક્ષ હતું.

મોહ સમુદ્રમાં જે જે હોડીઓ હંકારાઈ હતી તેમાંથી કેટલીક ખરાબે લાધી જતી હતી તો કેટલીક કાંઠે પણ પહોંચી ગઇ હતી. ટીકાકારોનો વાઙ્મય પ્રહાર પણ છેક ખાલી ગયો નથી. તોપણ સાહિત્યના દરિઆમાં દષ્ટાઓને ઘણી હોડીયોના ઘણા શઢો જોવામાં આવતા હતા. શઢ પ્રથમ ધોળા લાગે છે અને નજીક ગયા પછી અંદરનો દેખાવ હોય એવો જોવામાં આવે છે. સાક્ષર નવલરામભાઇએ છેક પાસે જઇ અંદર ઉતરી માંહે ફરીફરીને આવી ઘણી હોડીઓ તપાશી લીધી હતી. હોડીઓની ક્ષુદ્રતાથી તથા કેટલીક ટપોટપ ડૂબી પણ જતી તે જોઇને તેઓ ખેદ પામ્યા હતા. તેમની વિવેચન શૈલીનો મર્મ જેઓ સમજ્યા છે તેમને એવાં ઘણાં વિવેચનોમાં એ વાત પ્રત્યક્ષ છે.

હલકા પ્રયત્નો તરફ વિવેચક નવલરામને ખેદ થયા છતાં ગ્રંથકારો તરફ તેમની ઉદારતા અને પ્રેમભાવ કાંઇ ઓછો હતો નહિ. ખરેખરા કવિ વગર તેઓ કવિ પદવી આપતા નહિ. જેવો દેશકાળ તેવી સાહિત્ય પ્રવૃત્તિ થાય છે. જેવી સાહિત્ય પ્રવૃત્તિ તેવો દેશકાળ પાછો બદલાઇ જાય છે. અંગ્રેજી રાજ્યને લઇ આ દેશનો દેશકાળ બદલાઇ ગયો હતો તેથી તેવા પ્રકારનું સાહિત્ય ઉત્પન્ન થયું હતું. એ સાહિત્યની સાડ વર્ષની ઐતિહાસિક વર્ગણી પ્રથમ આ લેખકને સુજી હતી. તે પછી સાઠીનું સાહિત્ય એવો વિસ્તૃત ગ્રંથ બહાર પાડવામાં આવ્યો છે. તેમાં અને આ વિવેચનમાં મોટો ભેદ એ છે કે તેમાં ગ્રંથકારોની

વ્યક્તિ પરત્વે અને દરેક ગ્રંથ પરત્વે વિવેચના કરી છે. તેનું ફળ એ થયું કે ઘણા ગ્રંથકારોની ખોડખામી વ્યક્તિ પરત્વે જાહેર થતાં વિદ્વાન વર્ગમાં ખળભળાટ થયો. તેટલા માટેજ ઘી ગુજરાતીમાં સાઠીના સાહિત્ય વિરૂદ્ધ એટલું બધું લખવામાં આવ્યું કે એ ગ્રંથ વગોવાઇ જવા જેટલી સબળ ટીકા થઇ. એ ટીકા પક્ષપાત વગરની છે કે કેમ એ પરીક્ષા અત્રે થઇ શકે તેમ નથી. પણ આપણે આ ગ્રંથ વિવેચનમાં એવી બલાથી દૂર રહેવાનું ચાતુર્ય વાપર્યું છે. ગ્રંથ કે ગ્રંથકાર લેખ કે લેખક પરત્વે આપણે પરીક્ષા કરીજ નથી. આપણે તો એ બધાને માત્ર ગણાવી ગયા છીએ. અને કાંઇ પણ મતભેદ પડી શકે એવી વિવેચના હવેનાં આ બે પ્રકરણોમાં કરવાની છે. તે એ અમુક ગ્રંથ પરત્વે નહિ પણ અમુક વિચાર કે અમુક પરિણામ કેવું આવ્યું તે સંબંધે પરીક્ષા કરવાની છે. આ પરીક્ષામાં અસંમતિવાદ ઉઠવાનો સંભવ છતાં તે ચિંતા કરવાથી વિષય અધુરો રહે છે, એટલે તે મતભેદની ઉપેક્ષા કરી આગળ વધવાનું છે.

આ સાઠ વર્ષમાં સાહિત્ય ખીલ્યું અને વધ્યું તેના શ્રવણ, મનન તથા નિદિધ્યાસનથી હિંદી સંસાર અને હિંદી ધર્મ ઉપર તેની પહેલી અસર થઈ. જુના લોકો કરતાં નવા યુવકોમાં એ અસર વધારે દૃઢ થઈ. ધર્મ સુધારાની તથા સંસાર સુધારાની હીલચાલ બંગાળ, પંજાબ, મુંબઈ ગુજરાત બધે સ્થળે થઈ. બ્રહ્મસમાજ, આર્યસમાજ તથા થિયોસોફી એ ત્રણ ધર્મો મહાત્મા રાજા રામમોહનરાય અને દેવેંદ્રનાથ, કેશવચંદ્રસેન તથા સ્વામી દયાનંદ સરસ્વતી અને મેડેમ બ્લેવેટસ્કી, એની બીસાંટ વગેરેથી ઉદ્‌ભવી આવ્યા. આજે લાખો શિક્ષિત મનુષ્યો એ ત્રણ નવા ધર્મ વિચારમાં છે. બાળલગ્ન નિષેધ, વિધવા લગ્ન, પરદેશગમન, જ્ઞાતિભેદ દૂર કરવા વગેરે સાંસારિક સુધારાને આ સાહિત્યે

પુષ્ટ કર્યાં છે. અર્થાત એ બધા સુધારાના વિચારોની ઉત્પત્તિ આ સાઠ વર્ષના સાહિત્ય ભેળીજ થઈ છે. હાલ હિંદમાં મી.સુરેન્દ્રનાથ બેનરજી, ફીરોજશાહ મેહેરવાનજી મેહેતા, ગોપાલ કૃષ્ણ ગોખલે વગેરે અનેક વિદ્વાનોએ રાજકીય સુધારાની હીલચાલ ઉભી કરી ધી નેશનલ કોંગ્રેસ ઘણા વર્ષથી સ્થાપી છે. ઘણા ખરા નેતાઓ એ સુધારામાં તન મન ધનથી મચ્યા રહ્યા છે; તેથી ધર્મ અને સંસાર સુધારાની તેજસ્વી પ્રવૃત્તિ મંદ પડેલી કહેવાય છે. જો કે ખરી વસ્તુસ્થિતિ એવી નથી.

કાઠિયાવાડમાં દેશી રાજાઓની એકહથ્થી સત્તા ચાલે છે. ધારાસભા જેવું કે લોકપ્રતિનિધિ મંડળ જેવું કોઈ તત્ત્વ દાખલ થયું નથી. રાજાઓ, દીવાનો અને કારભારી મંડળ પોતાથી રાજકારોબાર ચલાવે છે. પોતાની પ્રજા શિવાયના ગમે તેને મોટી મોટી જગાઓ આપે છે. અને પ્રજામાં પણ ગમે તેને નીમે છે. આને લઈ પ્રજાત્વ ભાવના કે કોંગ્રેસના જેવી કોઇ સંસ્થા કાઠિયાવાડમાં નથી. તેથી રાજકીય સુધારાનું સાહિત્ય લખાયું નથી તેમ ખીલ્યું નથી. પોતાના દરેક મોટા મોટા ગામમાંથી પ્રજાનો એકેક પ્રતિનિધિ ચુંટાવી લઈ રાજ્યધાનીમાં કારોબારી મંડળમાં તેઓને દાખલ કરી દરેક દેશીરાજા અંગ્રેજી રાજ્ય પ્રમાણે જો રાજ્ય ચલાવે તો પ્રજાત્વ ભાવના ઝળકી ઉઠે કે પુષ્ટ થાય. આવું થાય એટલે શા પ્રમાણે રાજ્ય કરવું, કયા વિષયો ચર્ચવા વગેરે સાહિત્યની ખીલવણી કવિઓ અને પંડિતો કરે. તથાપિ જ્યાં સુધી પ્રજા સંપે નહિ, પોતામાંથી એવા સાહસિક નરો ઉભા કરી ચળવળ કરે નહિ, ત્યાં સુધી એની મેળે એવું થઈ જાય એવો સંભવ નથી. એ રાજકીય સુધારાને અભાવે ધર્મ અને સંસાર સુધારાની દિવ્ય ભાવના કાઠિયાવાડમાં આ સાહિત્યથી ઉત્પન્ન થઈ છે.

આરંભ અને મધ્ય કાળમાં આ બંને સુધારાએ ભારે કોલાહલ

મચાવ્યો હતો. કોઈ કોઈવાર કારણવશાત્ પ્રજા એ વિષયોમાં ઠોકર ખાઇને જરા પાછી હઠી છે. પણ એ સુધારો પ્રકારાંતરે આગળને આગળ દ્રઢતાથી વધતો જ જાય છે. મુંબઇના તથા સુરત અમદાવાદ વગેરે ગુજરાત તરફના સંસાર સુધારકો શેઠ કરશનદાસ મુળજી, શેઠ માધવદાસ રૂઘનાથદાસ, શેઠ કરશનદાસ માધવદાસ, શેઠ લક્ષ્મીદાસ ખીમજી, શેઠ મથુરાદાસ લવજી, કવિ નર્મદાશંકર લાલશંકર, શેઠ કેખુશરો નવરોજજી કાબરાજી, શેઠ દાદાભાઈ નવરોજજી, શેઠ નવરોજજી ફરદુનજી, શેઠ સોરાબજી શાપુરજી બંગાળી, મી. મલબારી, કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ, રા. બ. ભોળાનાથ સારાભાઇ, રા. સા. મહીપતરામ રૂપરામ, તથા રા. બ. લાલશંકર ઉમીયાશંકર વગેરે સાક્ષરો કાઠિયાવાડની પ્રજા ઉપર અસર કરનારા હતા. સાક્ષર નવલરામ લક્ષ્મીરામ અને રા. બ. કાંટાવાળા વગેરે વિદ્વાનોના સુધારાના લેખોને અને પરાક્રમોને કાઠિયાવાડીઓ અનુસરતા હતા.

જાતિભેદ તથા બાળલગ્નનું ખંડન, વિધવા વિવાહનું મંડન, પરદેશગમન કર્ત્તવ્ય, નાતવરા તથા અનેક જુના કુચાલો દુર કરવાના વિષયો સંસાર સુધારાના ગણાય છે. જુના વહેમી રીત રીવાજ તથા ધર્મઘેલછાના દુરાચારોથી દેશને હાનિ છે એવું સાહિત્ય પ્રસાર પામી વાંચનાર યુવક વર્ગને તે ભાવનામાં લપેટતું હતું. અંગ્રેજી ગુજરાતી વાચનમાળા તથા ખગોળ ભૂગોળ અને સાયન્સનો અભ્યાસ તેવા વેહેમો તથા કુધારાને તોડવામાં સહાયભૂત થયાં હતાં. જો કે જુના વિચારની હિંદી પ્રજા પ્રારબ્ધવાદી અને નિવૃતિમય આળસુ જીવન ગાળનારી હોવાથી તે જગતની બીજી સુધરેલી પ્રજાની જોડે તરત સુધારો વધારો કરી આગળ વધી શકે એવી નથી. હજી પણ ઘણા હાનિકારક રીતરીવાજ હતા તેવાને તેવાજ ચાલુ છે. કેટલાક ધર્મસંપ્રદાયોના ધર્મગુરૂઓનાં ભોપાળાં સુધારાએ તથા પુષ્ટિમાર્ગ જેવા ગ્રંથોએ બહાર આણી પ્રજાનાં

નેત્રો ખોલ્યાં, તોય દર્શનોની તથા ઉત્સવોની અને યાત્રાઓની તેમજ ભેટ દેવાની ધામધૂમો ચાલ્યા કરે છે. તેમ છતાં સુધારાએ વિચારસાગરમાં નવો પ્રવાહ ઉમેરી મનુષ્યોનાં સૂક્ષ્મદેહો ઉપર એવી ભારે અને સચોટ અસર કરી છે કે તે કોઇ રીતે નિષ્ફળ ગઇ નથી ને જવાની નથી.

કાઠિયાવાડી ઉચ્ચ કોમના નાગર, બ્રાહ્મણો, વણીકો, લુહાણા ભાટીયા વગેરે યુરોપ, અમેરિકા, આફ્રીકા જાપાન વગેરે તરફ જઇ આવ્યા છે. ઘણાઓ બારીસ્ટર, એમ ડી, એલ આર સી પી, વગેરે ડીગ્રીઓ લઇ આવ્યા છે ને તેથી સારે દરજ્જે ચડયા છે. મોઢ વણીક છગનલાલ હરિદાસ વોહોરા અને ભાવનગરી શરાફ છોટાલાલ ઇશ્વરદાસ પારેખ ઘણી વખંત યુરોપમાં જઇને રહી આવ્યા છે. જાદુના પ્રોફેસર નથ્થુભાઇ મંછાચંદ તથા મરહુમ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. ને યુરોપ અમેરિકામાં જઇ આવ્યા બદલ તેમના જૈનસંઘે પ્રાયશ્ચિત કરાવ્યાં નથી, બલકે માનપાનથી વધાવી લીધા છે. એ બંને ગૃહસ્થોનું જન્મ સ્થળ આ લેખકનું મહુવા ગામ છે. રાજકોટ, અમરેલી, અને મોરબી તરફના વાણીઆ બ્રાહ્મણો વિલાયત જઇ આવ્યા છે તેમાં કેટલાક પ્રાયશ્ચિત કરી નાતમાં પાછા આવ્યા છે. મરહુમ ડાકટર ત્રિભોવનદાસ મોતીચંદ શાહના દીકરા તથા ભાવનગરના માજીદીવાન મી. પ્રભાશંકર દલપતરામ પટણી સી. આઇ. ઇ. અને તેમના પુત્ર વિલાયત જઇ આવ્યા છે. કાઠિયાવાડની પ્રશ્નોરા જ્ઞાતિ ઘણી ધર્મચુસ્ત હોવાથી ઓનરેબલ મી. પટણી વગેરેને જો કે જ્ઞાતિ બહાર હજી રાખ્યા છે તોપણ તેમનાં સંતાનો જ્ઞાતિમાં વરે પરણે છે, અને છેટેથી જ્ઞાતિ જમી પણ જાય છે. એમ પરદેશગમન કરનારને થોડી ઘણી હાડમારી ભોગવવાની હજી ચાલુ રહી છે. તો પણ શૂરવીર યુવકોએ એ હાડમારીને તુચ્છ ગણી પરદેશગમનનું બારૂં ઘણી મુદતથી ખોલી નાખ્યું છે.

અર્થાત્ કાઠિયાવાડે એ સુધારો સ્વીકાર્યો છે; એટલે તેમાં દિવસે દિવસે વધારે સરળતા થશે.

જાતિભેદ કિંવા વર્ણાવર્ણી ટાળી નાખવાના વિચારો ડોળાયા કરે છે, પણ હજી બહુ પગભર થયા નથી. તથાપિ જે જે જ્ઞાતિઓ વચ્ચે રોટી કે ભાણા વ્યવહાર ચાલુ હોય, જેઓ પરસ્પર ખાવા પીવાથી જુના મત પ્રમાણે પણ વટલતાં ન હોય તેવી નાની નાની અનેક પેટા નાતને એકત્ર કરી દેવાની ચર્ચા જોશભેર ચાલે છે. ગુજરાતમાં જેમ મી. કાંટાવાળા તેમ કાઠિયાવાડ રાંજકોટમાં મી. ગોસળીયા તેના દષ્ટાંત રૂપ થયા છે. કોંગ્રેસે હિંદમાં રાજકીય હિત માટે એક નેશન બનાવવાની જે હીલચાલ કરી છે તથા પંજાબ તરફ આર્ય સમાજ ઘણા અન્યધર્મીઓને આર્ય કરે છે વગેરે વિચારોથી પણ આ જાતિ ભેદના દુરાગ્રહને ગોદો લાગ્યો છે. કેટલાક વેદધર્મી હિંદુઓમે તથા જૈનોને દારૂ તથા માંસાહાર વર્જ્ય હોવાથી પસંદ નથી. આવી પસંદગી નાશ પામી નથી ને નાશ પામવા કારણ નથી. તથાપિ હિંદના દરેક વિભાગમાં કોંગ્રેસ અને જાત જાતમાં કોન્ફરન્સો મળે છે, તથા પરિષદો ભરાય છે. તેમાં આવેલા જૂદી જૂદી જ્ઞાતિવાળા બંધુઓ ખાનપાનનો ભેદ શિથિલ કરતા જાય છે. હાલમાં મુંબઇમાં આર્યન બ્રધરહુડનું છેલ્લું જાહેર પ્રીતિભોજન થયું તેની વધારે હોહા થઇ આખા ગુજરાતમાં વધારે ખળભળાટ થયો હતો. તથાપિ મુંબઇની કોંગ્રેસ વખતે જાહેર હોટેલોમાં અને રાજકોટ વડોદરાની સાહિત્ય પરિષદ્ વખતે ગાર્ડનપાર્ટીઓમાં આ લેખકે એવો ભેદ ઘટતો જ જાય છે એમ નજરે જોયેલું છે. એટલે આ સુધારો કેટલે દરજ્જે થવો જોઇએ તેનો મતભેદ છતાં પ્રકારાંતરે આ સુધારો ઘણો થયો છે.

વિધવા વિવાહનો સુધારો કેટલાંક રક્ષક લેખ લખનારા માસિક

અને અઠવાડીક પત્રોના સાહિત્યે અલખામણો કરી સર્વ માન્ય થવા દીધો નથી. તો પણ સાધારણ જનસમુહને તે પસંદ હતો અને પસંદ પડતો જાય છે. તરતની પરણેલી બાળાઓ કે પરણીને સાસરે નહિ ગયેલી દીકરીઓ રાંડે છે ત્યારે સાધારણ જનસમુહને તથા તે બાળાના સગાંઓને ઘણું લાગી આવે છે. મોટી ઉમરે રાંડેલા પુરૂષો જો ફરી પરણે છે તો જેમ જનસમુહ તેની નિંદા કરે છે તેમ મોટી ઉમરની કે પુત્રવતી વિધવાઓ ફરી ફરી ઘર માંડે તે ઘણાને પસંદ નથી એટલું ખરૂં છે. તેથી હિંદુઓની હલકી ગ્નાતિઓમાં એવાં ઘર ઘરણાં કે નાતરાં થાય છે તેમાં અને આવાં લાગણી ભર્યાં પુનર્લગ્નમાં ભેદ છે એમ સમજુ પ્રજા માને છે.

આ ઉપરથી છેક બાળ વિધવા હોય તેનાં જ પુનર્લગ્ન વિધેય છે એમ કહેવાનું નથી. પણ વિવેક ભરી કોઈ હદ તો તેમાં બાંધવી જ પડશે. પુનર્લગ્ન ઉપર શાસ્ત્રાર્થના વાદવિવાદ બંગાળામાં, દક્ષિણમાં મુંબઇમાં ઘણા ચાલ્યા છે. નષ્ટેમૃતે વાળો લઘુપરાશરીનો શ્લોક અર્થમાં સુધારક મંડળ લાભમાં લે છે તેવો અર્થ નથી એમ શાસ્ત્રીઓ કહેછે. તથાપિ સાયણાચાર્યના વખતમાં પણ એજ અર્થ થયો છે. અને બીજી પુષ્કળ સ્મૃતિઓમાં તે સંબંધી ચર્ચા થઈ છે. તેથી બાળ વિધવાના પ્રશ્નની મુશ્કેલી ઋષી મુનીઓના વખતમાં પણ હતી. ત્યારે આજ કળીકાળમાં એ મુસ્કેલી વધે અને તેનો કોઈ શિષ્ટ સરલ માર્ગ જમાનાને કરવો પડે તેમાં નવાઈ નથી. તેમાં ઉચ્ચ ગ્નાતિઓ કે જુની પ્રજા ગમે તેટલો દુરાગ્રહ કરશે તોય જમાનો પોતાનો રસ્તો કરશે જ. અલબત બ્રહ્મચર્યની, એક પતિની તથા એક પત્નીની ભાવનાઓ ઉત્તમ છે. પરંતુ એકલી ભાવનાથી જ ચાલે તેમ નથી. ઉત્તમતા ઉપર સમસ્ત વ્યવહાર નભી શકતો નથી. મધ્યમ રસ્તા પણ કાઢવા પડે છે.

શેઠ કરશનદાસ મુળજી, શેઠ માધવદાસ રૂગનાથદાસ વગેરે સુધારકોના પ્રયત્નથી કેટલાંક કાઠિયાવાડી પુનર્લગ્નો થયાં છે. હાલાર તરફના મોઢ વાણીયા વકીલ દામોદર દેવચંદે શુદ્ધ સુધારક ભાવનાથી પુનર્લગ્ન કર્યાં હતાં તેનું જીવનચરિત્ર છપાયું છે. નગર તરફના વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજીએ પુનર્લગ્ન કર્યું તેનો વર્તમાનપત્રોમાં ઘણો ઉહાપોહ થયો હતો. આ શિવાયનાં કાઠિયાવાડી પુનર્લગ્નોની હકીકત શેઠ માધવદાસે પોતાના જીવનચરિત્રમાં વિસ્તારથી બહાર પાડી છે. તે ઉપરાંત રાજકોટના વલ્લભદાસ પિતાંબર અડાલજાએ પુનર્લગ્ન કીધાં તે બાઈ ગુજરી જતાં ત્રણ પુત્રીઓ મુકેલી. કુંડલાવાળા મરહુમ વનમાળી લાધાએ પુનર્લગ્ન સાથે પ્રહ્મોલગ્ન કર્યું હતું. આવા પુનર્લગ્નો બહુ થોડાં થયાં છે. તેથી એ ભાવના કાઠિયાવાડમાં ખીલી વધીને પાછી ઘટી જઈ પુનઃ વિચારમાં પડી રહેલી છે. લોકમત કેવળ બદલાઈ જવાથી કાંઈ એવી શિથિલતા થઈ નથી; પણ એવાં જોડાં જન્મભર નાતબહાર રહી હેરાન થાય છે તેમાંથી બચવાનો કોઈ કાયદો સરકારે કર્યો નથી તેથી તેનો બહુ પ્રચાર થતો નથી.

વિવાહ અવરણીના ને દાડાના નાતવરા ઘટતા જાય છે. મોટી જાનો જોડવાનું તથા વેહેવાઈને ઘેર લાંબા દિવસો પડી રહેવાનું બંધ થયું છે. દાડા ઉપર આસપાસનાં ગામોમાંથી સંખ્યાબંધ મહેમાનો આવતા તે હવે બંધ પડયું છે. જો કે કોઈ ધર્મગુરૂ કે મહંત કે વૃદ્ધ ગૃહસ્થ મરણ પામે તો હજીએ દાડો ખાવા ઘણાં માણસો જાય છે ખરા. તો પણ તેવા બનાવો ક્વચિત બની સામાન્યતઃ ઘટાડો થતો જાય છે. ફટાણાં ગાવાનું બહુ રહ્યું નથી. દાગીનો લુગડાં દેવા લેવાની નાત રીતો કમી થતી જાય છે. આવા સુધારા કરવા નાતેનાતનાં કોન્ફરન્સો મળે છે. લુહાણા ભાટીયાના કોન્ફરન્સો મુંબઈ કરાંચી રાજ-

કોટમાં મળ્યાં તેમાં ઘણા સુધારા દાખલ કર્યા છે. અમરેલી, ચિત્તળ, મહુવા વગેરે સ્થળે કપોળ કોન્ફરન્સો મળ્યાં હતાં તેના રીપોર્ટો છપાયા છે તે તપાસતાં હાનિકારક જુના રીવાજો કાઢી નાખવાનું વલણ દેખાય છે. વળી તેમાં રાહવાટનો સરકારી કાયદો લાગુ કર્યો છે. મહુવા તરફ કંડોળીયા બ્રાહ્મણોની જ્ઞાતિમાં આશરે ૧૫૦ વરસથી રોટીબેટીનો વેહેવાર બંધ હતો તે નગરશેઠ ત્રંબકભાઈ ઝીણાના ઉત્તર કારજમાંથી ચાલુ થયો છે.

જૈન લોકોનું મોટું કોન્ફરન્સ કાઠિયાવાડમાં ભાવનગરમાં મળ્યું હતું. તેને અંગે પ્રદર્શન ઉઘાડી સ્ત્રી સમાજ પણ ભરવામાં આવ્યો હતો. જૈન જેવી હિંદી જુની પ્રજા સ્ત્રીઓને પડદા દૂર કરાવી સભામાં લાવે અને તેમની પાસે ભાષણો કરાવે એ શું જમાનાની ફત્તેહ નથી? એ શું પશ્ચિમનું અનુકરણ નથી? શ્રીમાળી બ્રાહ્મણોએ ઘણી મુદત ઉપર રાજકોટ તરફ કુલીન અકુલીન વગેરે કુધારા દૂર કરવા એક કમિટિ સ્થાપી હતી. શ્રીમાળી શુભેચ્છક નામે માસિક પણ ચાલુ કર્યું હતું. ધ્રોળ તરફ અવદીચ બ્રાહ્મણોએ સમાજ મેળવી કેટલાક જ્ઞાતિ સુધારા કર્યા તેમાં આ લેખકનો અભિપ્રાય માગવામાં આવતાં ભિક્ષાવૃત્તિ તજી દેવા વિષે લખવામાં આવ્યું હતું. એક શ્રીમાન કંડોળીયા બ્રાહ્મણી વિધવાએ ખર્ચ આપી તેમની જ્ઞાતિ એકઠી કરી હતી. દશાશ્રીમાળી વણીક બન્ધુઓએ ઘોઘામાં તથા અમરેલીમાં કોન્ફરન્સો બોલાવી ઘણા સુધારા જાહેર કીધા છે. ઘોઘાના સ્વજ્ઞાતિ કોન્ફરન્સમાં આ લેખકનો લેખ વાંચવામાં આવ્યો અને તેનો રીપોર્ટ બહાર પાડયો તેમાં તે લેખને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. પ્રીન્સ હરભમજીએ ગરાશીઆ સમાજ તથા બોર્ડીંગ ગૃહો સ્થાપીને ક્ષત્રીય જ્ઞાતિમાં મોટા સુધારાની ચર્ચા જાગ્રત કરી છે. કાઠી લોકોએ જેતપુરમાં કોન્ફરન્સની બેઠકો કરીને ઘણો ઉહાપોહ કર્યો છે.

આ પ્રમાણે વાણીયા, બ્રાહ્મણ, ક્ષત્રીય, કાડી વગેરે નાતેનાત એકઠી થઈને સુધારાની જે ભાવના આધુનિક સાહિત્યથી ઉદ્‌ભવ પામી છે તેને વેહેવારૂ કરી દેવા મથન કરી રહેલી છે. ચર્ચાએલા કેટલાક સુધારા કાગળ ઉપર રહે છે તો પણ કેટલાકનો અમલ થઈ ચૂક્યો છે. દરેક નાતવાળા કન્યાવિક્રય, વરવિક્રયને નિંદે છે. મુંબઈના ધનવાન વેપારીઓ બુઢ્ઢા થઈ કાઠિયાવાડ વગેરે સ્થળેથી નાણું ખરચી નાની કન્યાઓ પરણે છે તે તરફ મુંબઈના કપોળોનું હાલ ધ્યાન ખેંચાયું છે. તે લોકોએ સભાઓ ભરીને તે માટે ઘણી જાગૃતિ ફેલાવી છે. દીકરી અને દીકરાઓ પ્રાથમિક દેશી કેળવણી લે છે. અને ઉંચી કેળવણી લેવા સ્કોલરશીપો સ્થાપે છે તથા વિદ્યાર્થિઆશ્રમો ખોલી લાખો રૂપૈયા ખરચે છે. અમરેલી, ગોંડળ, રાજકોટ, જુનાગઢ જામનગરમાં કેળવણી અર્થે વિવિધ સંસ્થાઓ સ્થપાઈ છે. ભાવનગરમાં જૈનશાળા, શ્રાવિકાશાળા, ઉદ્યોગશાળા વગેરે અનેક ખાતાં ઉઘડયાં છે. ધર્મશાળાઓ ચણાવી, અવેડા કે વાવ કૂવા વગેરેનાં નવાણો ગળાવી ચાલુ રાખવાં, સદાવ્રત્તો ઉઘાડવાં વગેરે જુની સખાવતો જોડે વિદ્યાદાન અને ઔષધદાનનાં મહાપુણ્યો હવે સમજાવા લાગ્યાં છે.

ભાવનગરમાં દવે જાનીનો બ્રાહ્મણ જ્ઞાતિમાં લાંબા કાળથી વિગ્રહ ચાલતો હતો તે મટી ગયો છે. કિંગ કોલેજની કેળવણીથી રાજાઓ સુધર્યા. ગોંડળ ભાવનગર વગેરે ઘણે ઠેકાણેથી ઓઝલ પડદા તૂટી ગયા. કેટલાક રાજાઓ પોતાની રાણીઓને ખુલ્લે મોંએ મોટારકાર કે ઘોડાગાડીઓમાં કે રેલવે ટ્રેનોમાં સાથે ફેરવે છે. રાજકોટની સાહિત્ય પરિષદ્‌માં ગોંડળના મહારાણી તથા કુંવરીઓ ખુલ્લી સભામાં હાજર રહ્યાં હતાં. ઠાકોર સાહેબ પણ જોડે હતા. ભાવનગરના મહારાણા સાહેબે

અને રાજકુમારી મનહર કુંવરબાએ જાહેરમાં ભાષણો કિધાં છે અને ચાંદો પણ લીધા છે. અનેક પ્રદર્શનોમાં ચિત્રકામ કે ભરતકામની કુશળતા બતાવનારાં નમૂનાઓ જાતે તૈયાર કરેલા મોકલી દઈ માનઅકરામોને ચાંદો લીધા છે.

આ રીતે પાશ્ચાત્ય પ્રજાનાં રાજ્ય, કેળવણી તથા સાયન્સના જ્ઞાનને લઈ જેમ હિંદના બધા ભાગોમાં તેમ કાઠિયાવાડમાં પણ સુધારો પગભર થયો છે. સર્વત્ર વ્યાપી ગયો છે.

આ લખનારે બત્રીશ વર્ષ ઉપર સુધારાની ભાવનાને અનુસરી સુબોધચિન્તામણિ નામે કવિતાગ્રંથ છપાવ્યો હતો. તેની બે આવૃત્તિઓ થઈ છે. પ્રથમાવૃત્તિ વખતે નવીનતા લાગવાથી તેની ઘણી હોહા થઈ હતી. તે એટલે સુધી કે વિવેચક સાક્ષર નવલરામભાઈએ તેમાંના કેટલાક ઉપદેશને દરિયાપારનો સુધારો શાળાપત્રના વિવેચનમાં કહ્યો હતો. તોપણ એકત્રીશ વરસ વીતતાં નાતેનાતનાં મંડળો એકઠાં થયાં અને તેમાંના ઘણા સુધારાને વેહેવારૂ કરી નાખ્યો છે એ આપણે ઉપર જોઇ ગયા છીએ. કાળબળનો આ કેવો મહીમા છે? જે વાત અગમ્ય લાગતી હતી તે ચાલુ થઇ ગઇ છે.

પ્રકરણ ૧૦ મું

સુધારો અને શુભેચ્છાઓ.

આપણા કવિઓ, સાક્ષરો, લેખકો તથા ગ્રન્થકારોએ પશ્ચિમના કામબળને વશ થઇ જે સાહિત્ય ફેલાવ્યું તેનાથી સુધારાની ભાવના નવી પ્રજામાં ઉદ્‌ભવ પામીને વધવા લાગી. પારસીઓએ પશ્ચિમની ઘણી રીત ગ્રહણ કરી. અને વેપારમાં, પ્રવાસમાં, દ્રવ્યમાં, સરકારી નોકરીઓમાં એ લોકો આગળ વધી ગયા. આગળતો વધ્યા પણ કેટલીક સાંસારિક રૂઢીઓમાં નકલી સુધારો એટલો બધો ફાવ્યો કે ફેશનોની ફીશીયારીઓ, અનાસ્થા તથા વરવિક્રયના કુધારા પેશી ગયા. તે પ્રમાણે હિંદુ જુવાનોમાં અનાસ્થા, અવિનય, ઉચ્છૃંખળતા વગેરે દાખલ થયાં. બધા દેશોમાં આ પ્રમાણે જ થાય છે. સારામાં સારી નવી રૂઢીઓને સ્થાપન કરતાં મોહ મમતથી નઠારી રૂઢીઓ પણ દાખલ થાય છે. તેમાં બકરૂં કાઢતાં ઉંટ પેસે એ કહેવત જેટલું અતેરૂં તો થતું નથી, પરંતુ કેટલીક ભૂલ, કેટલોક પ્રમાદ, કેટલાક દોષ થાય છે ખરા.

ગુજરાત ખાતે સાક્ષર મનઃસુખરામ પ્રથમથી રક્ષક મતના હોઈ સુધારાના આ પ્રબળ પ્રવાહને રોકવા કાંઈ કાંઈ લખ્યા કરતા હતા. કરશનદાસ અને તત્સંબંધી વિચાર નામે તેમના વિવેચક ગ્રંથમાં એવી કેટલીક ચેતવણી દેખાય છે. કવિ નર્મદાશંકરે મોટી ઉમરે મુંબઈમાં જ્યારે વિચાર વલણમાં ફેરવાઈ ગયા ત્યારે ધી ગુજરાતી વર્ત્તમાનપત્રમાં ઈ. સ. ૧૮૮૦ થી તેનવું નીકળતાં જ તે પ્રકારનું લખવા લાગ્યા.

આ કવિએ ભવિષ્ય કથેલું કે સારો રક્ષક લેખો લખનારો એક સાક્ષર મારી પાછળ થશે. તે મરહુમ સાક્ષર મણિલાલ નભુભાઈ થયા એમ કહેવાય છે. મણિલાલ નડીયાદ, મુંબઈ, ભાવનગર વગેરે સ્થળે રહી પ્રિયવંદા અને પાછળથી સુદર્શન નામે માસિક કાઢતા હતા. તેઓ શામળદાસ કોલેજમાં પ્રોફેસર તરીકે કેટલાક કાળ રહ્યા હતા. ભાવનગરનું નાગરમંડળ વેદાંતી હોઈ રા. મણિલાલના રક્ષક મતને સંમત થાય તેમ હતું. સાક્ષર મણિલાલે સિદ્ધાંત સાર વગેરે ગ્રંથોથી તથા પ્રિયવંદા સુદર્શન માસિકોથી ભારત વર્ષની પ્રાચીનતા તરફ પ્રેમ થાય અને પશ્ચિમની નવીનતા તરફ મોહ ન થાય એવું ઘણું સાહિત્ય ફેલાવ્યું. થિયોસોફીને મળતા થઈ મૅસ્મેરીઝમને પ્રાણ વિનિમય નામ આપી ભૂતપ્રેત પિતૃ યોનિને તથા જુની યોગવિદ્યા વિગેરેને ઉત્તેજવા લાગ્યા હતા. તેથી તેમના કેટલાક કાઠિયાવાડી શિષ્યોએ તેમનું અનુકરણ કર્યું છે.

મરહુમ સાક્ષર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ભાવનગરના માજી દીવાન શામળદાસભાઇ પાસે કેટલોક કાળ રહ્યા હતા. તેમણે સ્નેહમુદ્રા નામે કાવ્ય છપાવી રસિક વર્ગમાં સારી પ્રીતિ મેળવી હતી. સ્નેહમુદ્રામાં વિધવા વિલાપનું વલણ હૃદયભેદક હતું. સરસ્વતીચંદ્રની નવલકથા લાંબે ગાળે ચાર ભાગે તે પછી તેમણે બહાર પાડી છે. કેટલાક વાચકો માનતા હતા કે કુમુદસુંદરીનું છેવટે સરસ્વતીચંદ્ર જોડે પુનર્લગ્ન થશે. તેમ ન થયું તેથી અને બીજા અનેક ઈસારા જેવા લેખોથી તેઓ રક્ષકવાદ તરફ ઢળ્યા હતા. રક્ષકવાદ એટલે કેટલાક જુના રીત રીવાજોમાં કાંઈ ને કાંઈ ખુબી જોવી અને કહેવી, તથા તે દૂર ન થઈ જાય તેની કાળજી રાખવી. કવિ નર્મદાશંકરે ભોઆર્ય એ ઉછળતી શૈલીથી જે રક્ષક લેખો લખ્યા તેમાં " સુધારો પડી ભાગ્યો, સુધારો ટેંટેં કરે છે, સુધારાનો પાયો જ ખોટો મૃગતૃષ્ણા જલવત્ છે વગેરે આક્ષેપો કર્યા હતા.

કવિના આ છેલ્લા વિચારો અને લેખોનો સંગ્રહ કરી "ધર્મ-વિચાર" નામે ગ્રંથ બહાર પાડવામાં આવ્યો હતો. તેને સાક્ષર મણિલાલ નભુભાઇ તથા ધી ગુજરાતી વગેરેના શિષ્યો ભારે માન આપે છે. આથી કાઠિયાવાડમાં પણ સુધારાનાં વળતાં પાણી દેખાતાં હતાં. કેટલીક નવલ કથાઓમાં એ વાદને અનુમોદન મળ્યાં અને વિબુધ વિજય નાટકો વગેરેમાં કેટલીક સુધારાની હાંસી દેખાડવામાં આવતી હતી. રા. સા. મહીપતરામ રૂપરામ સી. આઈ. ઈ. ગુજરી ગયા તેમના મરણની કવિતા આ લેખકે બુદ્ધિપ્રકાશમાં આપી હતી તેમાં આવા પ્રસંગનું રોળાવૃત્તમાં નીચે પ્રમાણે આલેખન થયું છે:—

નર્મદ મનસુખ મણી–ગટૂલાલા ગુજરાતી,
ગોવર્ધન વળી ગુપ્ત–લડે થઇ રક્ષક સાથી;
તેથી સુધારો થયો–જરા જખમી મુંબઇમાં,
રક્ષક મત બળવાન, ઘુમ્યો નડિયાદ સુરતમાં.
રાજનગરના નાક, તેજ હિંમતથી ખાવ્યો,
ત્યાં ન પેસવા દીધ, પ્રયત્ને મારી હઠાડયો.

આજ પણ રાજનગર તે અમદાવાદમાં સુધારાની ભાવના જોર ઉપર છે. સોસાઇટી અને સમાજ તેના પુરાવા છે. તેવી સંસ્થાઓના નેતાઓ ઘણે ભાગે સુધારકો જ છે. જો કે સાક્ષર મણિલાલ અને નર્મદાશંકરના લેખોની તથા થિયોસોફીની રક્ષક અસર હજી કાઠિયાવાડમાં છે. તો પણ પશ્ચિમની વિદ્યાકળા જોડે સુધારાની મૂળ ભાવના જેમની તેમ ફેલાતી જાય છે. કાંત સંજ્ઞાના સમર્થ લેખક રા. મણિશંકર રત્નજી ભટ્ટે સિદ્ધાંતસારનું એવું બળવાન અદ્વિતીય વિવેચન લખ્યું છે કે તે દ્વારા તેમણે એ રક્ષક લેખની અસરો ભુંશી નાખી છે. કન્યા વિક્રય કેવળ નાશ પામ્યો નથી પણ તિરસ્કારને પાત્ર થયો છે. આ-

ળલગ્નો બંધ પડયાં છે. વૃદ્ધ લગ્નોની ભારે હોહા થાય છે. તરતની રાંડેલીઓ ફરી પરણી ગઇ છે. પછી પ્રથમની લગ્નક્રિયા અપૂર્ણ ગણી તેને દયાથી કુમારિકા ગણવામાં આવીછે. આવા થોડા બનાવ કાઠિયાવાડમાં તળાજા વગેરે સ્થળે તાજા બન્યા છે.

ચીન, જાપાન, આફ્રિકા, વિલાયતને પ્રવાસે લોકો જાય છે. જાતિભેદ તથા સંપ્રદાયના વેહેમોને લોકો ધિક્કારે છે. એમ સુધારાનો ડંકો તો વાગ્યો તેવો જ વાગ્યાં કરે છે. "સુધારો અસ્તપ્રાય થઇ જશે." એવા પ્રકારની કવિ નર્મદાશંકર કે સાક્ષર મણિલાલની અટકળ કે ભવિષ્યવાણી ખરી પડી નથી, અને ખરી પડવાનો સંભવ નથી.

ગદ્ય પદ્યમય સાહિત્ય સંગ્રહ વધવા જોડે સુધારો વધવા માંડયો. તેની અસર સંસાર ઉપર થઇ તેમ ધર્મસંપ્રદાયો ઉપર પણ થઇ. પુરાણાદિ જુનાં ધર્મશાસ્ત્રો ઉપર, વ્રત્ત, તીર્થ, ઉપવાસ, ધર્મગુરૂઓ, બ્રાહ્મણો, બાવાઓ ઉપર નવી પ્રજામાં અનાસ્થા ઉદ્‌ભવી છે એ સુધારાની ભાવનાનો ખેલ છે. આ ભાવના જોડે કેટલાક શોધકો પણ નીકળી આવ્યા. જાદુના ખેલો હાથ ચાલાકીના હોઇ વેહેમો છે એમ સિદ્ધ કરનાર તથા શતાવધાન અને અષ્ટાવધાન કરનારા કાઠિવાડમાં થયા છે. જુના શિલાલેખો ઉકેલનારા પંડિત ભગવાનલાલ ઇંદ્રજી તથા અમરેલી વાળા મરહુમ ગિરિજાશંકર શામળજી કાઠિયાવાડી હતા.

જાદુકપટના હાથ ચાલાકીના ખેલો કરવામાં મહમદ છેલ કાઠિયાવાડમાં પંકાઇ ગયો છે. જાદુકપટ પ્રકાશ નામે પુસ્તકના અમદાવાદ તરફના લેખક મી. વ્યાસે તેને લગતા વેહેમોનું જેમ સમાધાન કર્યું છે, તેમ કાઠિયાવાડી જાદુવિદ્યાના પ્રોફેસર નથુભાઇ મંછાચંદે જાદુના અદ્‌ભૂત ખેલો કરી બતાવી પ્રેક્ષકોને આંજીને પછી તેના ખુલાસા સમજાવ્યા છે. આ પ્રોફેસર આ લેખકના મહુવા જ ગામનો વતની હોઇ

યુરોપ અમેરિકા જઇ આવી ત્યાંના તથા ભારતવર્ષના મોટા મોટા હુદ્દેદારોના સર્ટિફીકેટો મેળવી ભારે કીર્તિ પામ્યો છે. તેની ફીદાગીરીમાં થોડા રોળાવૃત્તો સહિત તેનું જીવનવૃત્તાંત આ લેખકે લખેલું મહાજનમંડળ નામે પુસ્તકમાં છપાયું છે.

અષ્ટાવધાન તથા શતાવધાન કરનારા કાઠિયાવાડમાં શાસ્ત્રીશંકરલાલ માહેશ્વર, પંડિત ગટૂલાલજી, વવાણીયા તરફના જૈનધર્મી મરહુમ રાયચંદ રવજી વખણાઇ ગયા છે. ગોંડળ તરફનો એક અંધ પરજીયો-સોની શિવદાસ પણ તે કળામાં હુશીયાર ગણાય છે. સાહિત્યના મેદાનમાં આ બધાઓ કવિઓ અને ગ્રંથકારો થયા છે. ધર્મજ્ઞાતાઓમાં પંડિત દયાનંદ સરસ્વતી સ્વામી કાઠિયાવાડમાં ટંકારા તરફ બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મીને મોટા થયા હતા. તેમનું સત્યાર્થપ્રકાશ, ઋગ્વેદ ભાષ્ય ભૂમિકા વગેરે ધર્મતત્વ જ્ઞાન સાહિત્ય હિંદી ભાષામાં એટલું બધું વશાળ અને પ્રસિદ્ધ છે કે તે ગણાવી જવાની જરૂરનથી. હિંદની અનેક આર્યસમાજો તથા આર્યપ્રકાશાદિથી તે જાણી શકાય એમ છે. તેઓ ચોતરફ હિંદમાં જીવનપર્યંત ધર્મવાદનો દિગ્વિજય કરવા ફર્યા હતા. અને સભાઓ ભરી શાસ્ત્રાર્થ કરતા હતા. તેમણે આર્યસમાજો સ્થાપી ધર્મસુધારાનો ઝુંડો ઉડતો કર્યો છે. તેમના વખતમાં તેમની સામે વાદમાં બીડું ઝડફવાની કે સામે ટકી રહેવાની કોઇની તાકાદ કે મગદૂર જાણવામાં આવી નથી. જુનાગઢ તરફના રામાનુજી ધર્માચાર્ય પંડિત કમળનયનજી મુંબઇમાં દયાનંદની સભામાં શાસ્ત્રાર્થ કરવા ગયા હતા ખરા, પણ કાંઇ નિમિત્ત કાઢી પાછા ફર્યા હતા. પંડિત ગટૂલાલજી પણ તેમના સમક્ષ વાદમાં ઉતર્યા નહોતા. સાક્ષર નવલરામ ભાઇએ સ્વામીજીના ભાષણોના ઘોષ માટે આલંકારિક ભાષામાં “એક ઘંટનાદ વાણી” એમ લખ્યું છે. જ્યારે પંડિતજી સ્વર્ગવાસી થયા ત્યારે ગુજરાત શાળાપત્ર માસિકમાં એક દોહરો લખ્યો હતો કે—

સ્વામીજી સ્વર્ગે ગયા, પંડીતા પરધર્મ,
કેશવ છે માંદો બહુ, શ્રીહરી રાખે શર્મ.

મહમદ છેલ, શેઠ નથુભાઇ મંછાચંદ વગેરેની ખ્યાતિ દેશપરદેશ થઇ છે, તેમ જામનગરના મહારાજા સાહેબ રણજીતસિંહજી ક્રિકેટના બેલમાં અદ્વિતીય ગણાંઇ ગયા છે. તેઓ વિલાયત સુધી વખણાય છે. લીમડી તાબે રંગપુરનો એક ગરાશીયો તેમજ ભાવનગરનો એલ કે શાહ તથા મરહુમ સરતાનસિંહજી ગોળી બહાર તથા મચ્છવેધ-વિદ્યામાં વખણાયા છે. આ કળાનું આ લોકો તરફથી કોઇ સાહિત્ય બહાર પડ્યું છે કે નહિ તે જાણવામાં નથી.

કાઠિયાવાડી સ્વામી દયાનંદ સરસ્વતી તથા પંડિત ગટ્ટુલાલજીને મુકાબલે તો નહિ, પણ કંઇકિ અંશે મહાત્મા નથુરામશર્માએ વેદાંત અને યોગશાસ્ત્ર ઉપર કેટલાક ગ્રંથ લખા કાયમના વક્તવ્ય તથા ઉચી રહેણી કરણીથી મોટી શિષ્ય મંડળી ઉભી કરી છે. બીલખા તરફ તેમનો આનંદ આશ્રમ ઘણો વખણાય છે. તેઓ સુરત મુંબઇ ગુજરાત વગેરે ગમે તે સ્થળે જાય છે ત્યાં મહારાજની જેમ પધરામણીઓ થાય છે. અવદીચ બ્રાહ્મણોના કોન્ફરન્સમાં તેમને પ્રમુખ નીમ્યા હતા. તેઓ સોરઠ તરફ પૂર્વાશ્રમમાં એક સાધારણ મેહેતાજી હતા. પંડિત દયાનંદ સરસ્વતી, પંડિત ગટ્ટુલાલજી તથા આફ્રીકન હિંદીઓના ઉદ્ધારક વીર મોહનલાલ કરમચંદ ગાંધી જેવા મહાન રત્નોને પેદા કરીને કાઠિયાવાડે જગતમાં પોતાની નામના કરી છે. ભારત માર્તંડ ગટ્ટુલાલજી તો આંખે અન્ધ હતા, છતાં તેની મગજ શક્તિ અગાધ ડહાપણવાળી હતી.

એક બાજુ થિયોસોફી, શ્રેયઃસાધક અધિકારી વર્ગના માસિકો અને લેખો તથા પંડિત ગટ્ટુલાલજી, નથુરામશર્માના જુના રક્ષકમતના લેખો જેમ કાઠિયાવાડમાં ફેલાય છે, તેમ પંડિત દયાનંદની આર્યસમાજ

ધર્મના નવીન મતના લેખો તથા સુધારાની ભાવનાના લેખો પણ અસરકારક નીવડ્યા છે. સાહિત્ય જોડે અંગ્રેજી કેળવણીએ સુધારાની ભાવના દૃઢ કરવામાં ઘણું બજાવ્યું છે. જો કે કાઠિયાવાડમાં હજી પ્રાર્થનાસમાજો કે આર્યસમાજોના નવા ધર્મોનો બહુ પગપેસારો થયો નથી. ભાવનગર રાજકોટમાં આર્યસમાજો થઇ છે અને કયાંઇ કયાંઇ થિયોસોફી પણ દાખલ થઇ છે. તોપણુ પાશ્ચિમાત્ય કેળવણી જોડે સુધારાની ભાવના હૃદયગત હોવાથી જુનામાં સર્વત્ર અનાસ્થા તો થઇ છે. ભાવનગર ખાતે થિયોસોફી લૉજ સ્થપાયો છે અને તે મતનું જીજ્ઞાસુ માસિક નીકળે છે. માસ્તર જમસેદજી નવરોજજી ઉનવાળા તથા મરહુમ હરિસિંહજી લૉર્ડ વરલવાળા થિયોસોફીમાં અગ્રેસર હતા. હવે કેટલાક બીજાઓ છે.

હોપ સિરિઝની ગુજરાતી પ્રાથમિક વાંચનમાળાના અભ્યાસથી તથા ખગોળ ભૂગોળ ભૂસ્તરાદિ જ્ઞાનથી પુરાણોના રાહુ કેતુની તથા દુધમધના દરિયાની તથા સૂર્ય મંડળથી ચંદ્ર મંડળ ઉંચું છે એવી એવી વાતો તરફ અભાવ થઇ ગયો છે. ભૂત પ્રેત, ભુવા જોશી, મંત્ર તંત્ર વગેરે એવી વિદ્યાને નવા ભણતરમાં વહેમો ઠરાવેલ છે. પણ થિયોસોફીજ્ઞાન વધવા જોડે તેવા વેહેમો તથા મેસમેરીઝમ વગેરે યોગની અસરોને કેટલાક ભણેલા ગણેલાઓ ખરી માનવા લાગ્યા છે. ઓલીયા ફકીરો તથા સાધુ સન્યાશીઓના દૈવી ચમત્કારો ઉપરથી ભાવ ખસ્યો હતો તે પાછો કેટલાક નવામાં પણ થવા લાગ્યો છે. જુના વહેમી અને અનીતિવાળા ધર્મોની જગોએ નવા સુધરેલા મતો સર્વત્ર ફેલાય નહિ ત્યાં સુધી આવો પરિવર્ત્તન થયા કરવાનો સંભવ છે. આમાં ઉંડા ઉતર્યા શિવાય કેટલાકો ઠગાય છે; અને કેટલાકો કોઈ સ્વાર્થ ખાતર જાણી બુઝીને તેમ કરે છે. હજી ચોમાસામાં પુરાણી

બાવાઓની કથા વાર્તાઓ અને પારાયણો ચાલુ છે. જુના લોકો બ્રાહ્મણોને જમાડયા કરે છે. યાત્રા કરવા જાય છે અને સદાવ્રતો સ્થાપી ભિક્ષુકોને પોષે છે. ટેરો આવી ન જાય માટે હવેલીના દર્શનોની દોડાદોડ એવીને એવીજ જોવામાં આવેછે. કાઠિયાવાડ ગુજરાતમાં વૈષ્ણવ પંથો ઉપરાંત સ્વામીનારાયણનો વૈષ્ણવી પંથ પણ પણ ચાલે છે. તેઓએ જમાનો જોઇ કંઇક સુધરેલી યોજનાઓ કરી હતી. વેદ ધર્મ ઉપરાંત જૈન ધર્મના વરઘોડા અને દિક્ષાની ધામધૂમો ચાલતી છે. એમ જોતાં જુનાં લાકડાં સમૂળ તો ગયાં નથી. પણ નવી પ્રજા, નવા ભણનારા કે નવા વિદ્વાનોને જુનાં વહેમી રીત રીવાજોમાં આસ્થા રહી નથી. દાખલા તરીકે ગ્રહણ વગેરે શૌચ પાળવામાં શિથિલતા જોવામાં આવે છે. નવાઓ લાઇબ્રેરીઓ સ્થાપે છે, ત્યાં વાંચે છે, વક્તાઓ ભાષણો કરે છે, લેખકો લખે છે. કેટલાકો પ્રાર્થના સમાજ, આર્ય સમાજ, થિયોસોફી વગેરે નવા મતમાં ભળ્યા છે. આટલે સુધી નવા સાહિત્યની અસર થઇ છે.

કાઠિયાવાડી ગુજરાતી ભાષાના નવલ સાહિત્યવૃદ્ધિના ઇતિહાસમાં શાં શાં પરિવર્તનો થયાં તેનું સવિસ્તર પણ સંક્ષિપ્ત અવલોકન કર્યું. દરેક ગ્રંથકાર, દરેક કવિ કે દરેક લેખક કે દરેક વિષય પરત્વે અવલોકન કરતાં ઘણો વિસ્તાર થઇ જાય. વળી સાધારણ લેખક કે સાધારણ લેખની અસર અસાધારણ થતી નથી. ત્યારે ઇતિહાસપટ ઉપર તેનો ઝાંખો વણાટ થાય તો તેમાં કાંઇ ખોટું નથી. તેમ છતાં સારા કવિ પંડિતો કે સારા લેખો કે ગ્રંથોની જીવન ચરિત્રો સાથેની લાંબી ભક્તમાળ લખવાનો હજી અવકાશ રહે છે. એવા અકેકા જ્ઞાનવીર કે ધર્મ વીરના ચરિત્રનો ખાસો અકેકો ગ્રંથ થાય. સ્વામી દયાનંદ સરસ્વતી જેવા કોઇ માટે એવો પ્રયાસ થયો પણ છે. વળી જીવનચરિત્રો

અને ઇતિહાસનાં દૃષ્ટિબિંદુઓ અમુક કક્ષામાં એક છતાં અન્ય કક્ષાઓમાં ભિન્ન ભિન્ન હોય છે. ઇતિહાસકારો ઐતિહાસિક દૃષ્ટિએ સમગ્ર અવલોકન કરે છે. લગભગ એવું અવલોકન આમાં થઇ ગયું છે. કેટલાક લેખકોની ગણના સામાન્ય છતાં આ અવલોકનમાં તેમની એ કદર કરી છે તેમાં વાંચકને આશ્ચર્ય પામવાનું નથી. એવાના માત્ર નામ અને કૃત્યો ગણાઇ જવા ઉપરાંત વધારે ઉંચી બેઠક તેમને આપી નથી. લેખકોની આખી જ્ઞાતિ ગણાવી ગયા તેમાં વસતીપત્રક વાળા જેવું કામ તો થયું નથી. કેમકે દેશકાળ અને સમાગમ તથા સ્મરણના દૂરત્વને લઈ હજીએ કોઇ કોઈ સાહિત્ય ભક્ત કે લેખક રહી ગયા હશે. ઘણાઓને પૂછી તપાસ કરાવી બની શકતી નોંધ આમાં કરી છે. આ લેખકને લાગે છે કે ભવિષ્યકાળ માટે આવો સંગ્રહ ઉપયોગી નીવડશે.

ગ્રંથો, માસિકો કે વર્તમાનપત્રદ્વારા કવિતા કે ગદ્યના ઉપર ગણાવેલા આધુનિક લેખકોમાંથી ઘણા ખરા કાળને આધીન થઇ ઘોર નિદ્રામાં સૂતા છે. કેટલાકો હજી હૈયાત છે. તથાપિ એ સ્વર્ગવાસ પામેલા આપણા બન્ધુઓનાં આ મહત્કાર્યોમાંથી સુગંધી પુષ્પો ચુંટી લઈ તેમાંથી લાભ લેવાનું ભવિષ્યની પ્રજાનું કર્ત્તવ્ય છે. એ .દૃષ્ટિએ ઉદાર ભાવનાથી વિવેચન ચલાવી સ્વર્ગવાસી મહાત્માઓને તેમનાં સત્કાર્યોદ્વારા જીવતા રાખવાનો આ પ્રયાસ વાંચકવર્ગને પસંદ પડશે છે. આ લેખ અને આ લેખક પણ :કાળને આધીન છે. તથાપિ સર્વ કાળવશ છતાં જેઓ લાંબુ જીવે છે તેઓ ચીરંજીવી ગણાય છે. ચિરંજીવી રહેવાના આશિર્વાદો અપાય છે. નિત્ય જીવીની કલ્પના એ જલ્પના જ છે. પણ ચિરંજીવીની આશા સફળ આશા ગણાય છે.

ટુંકામાં નવા સાહિત્યમાંથી સુધારાની ભાવના ઉપજી છે. ધર્મમાં સંસારમાં સાધારણ સુધારો થયો છે. હજી આચારમાં નહિ ફાવતાં વિચાર સૃષ્ટિમાં સુધારો વધારે ફાવ્યો છે. એટલે ભવિષ્યમાં તદ્દત આચારો કે રૂઢિઓ થઈ જશે. રાજ્યકીય સુધારાની ચળવળ કારણ વશાત્ થઇ નથી. અને દેશી નૃપતિઓ ગમે તેવા તોય પોતાના એવી પ્રજા ભાવના હોવાથી ગમે તેવા રાજતંત્રો સામે પ્રજાએ માથું ઉચક્યું નથી. તોપણ બ્રિટિશ હકુમતના હિંદમાં કોંગ્રેસની જાહેર હીલચાલ તરફ સૌનાં ચિત્ત દોરાય છે. નામદાર બ્રિટિશ સરકારે પોતાની દેશી પ્રજાને મોટા મોટા હોદ્દા અને ઘણા હકો આપ્યા છે. ધારાસભાના બંધારણમાં ફેરફાર કરી દેશી સભ્યોનો વધારો કર્યો છે. ઓનરેબલ મી. પ્રભાશંકર પટણી જેવાને ઉંચામાં ઉંચી વિશ્વાસની જગો દઈ નામદાર મુંબઇ સરકારે દેશી રાજ્યની પ્રજાને જેવું તેવું માન આપ્યું નથી. આ પ્રમાણે સરકાર દેશી પ્રજાની જ્યારે કદર કરે છે ત્યારે દેશી દરબારો પોત પોતાની લાયક પ્રજાઓને ઉંચા હકોની કે ધારા સભાઓની ભવિષ્યમાં બક્ષીશ કરશે એવી શુભેચ્છાઓ રાખવી કાંઇ ખોટી નથી. જ્યારે રાજા, પ્રજા અને દેશ પ્રગતિમાન હોય છે ત્યારે આવી બધી આશાઓ ઉભી થાય છે.

હાલના સાહિત્ય અને હાલની કેળવણીથી નૈતિક અવનતિ થયાનું કહેવામાં આવે છે. પોત પોતાના ચાલુ કે જુના ધર્મો તરફ અનાસ્થા થાય ત્યારે વડીલો તરફ જોઇએ તેવી પ્રેમભક્તિ રહેતી નથી. માતા સમાન ગુરૂ નથી અને પિતાથી કોઈ ઉંચું નથી એવી આર્યભાવના રામાયણના સત્પાત્રોમાં સારી રીતે જોવામાં આવે છે. ભગવાન્ રામચંદ્ર, ભગવતી સીતા, ભરત, લક્ષ્મણ, વગેરેની સુશીલતાની અવધિ હિંદુ પ્રજામાં અસરકારક ગણાતી હતી. નવી કેળવણીમાં

અનીતિ જેવું કશું હતું નહિ, બની શક્યા પ્રમાણે નીતિનો ઉપદેશ થતો રહ્યો છે. તેમ છતાં નૈતિક ઉન્નતિ કરવાની અવશ્યકતા કહેવામાં આવે છે.

હિંદી પ્રજાની માનસિક ઉન્નતિ થઇ છે. બુદ્ધિ શક્તિનો વિકાસ થયો છે તે પ્રમાણે શારીરિક અને આર્થિક ઉન્નતિ થઈ નથી. ઘણા વિદ્વાનો અલ્પ જીવન ભોગવી મરણ શરણ થાય છે ત્યારે ચોતરફ હોહા થાય છે. દીર્ઘકાયા અને દીર્ઘ જીવન બહુ જોવામાં આવતાં નથી. હાલ અમદાવાદમાં આ માટે ગુજરાતી કેળવણી મંડળી ઉભી થઇ છે તેમાં રાવબહાદુર અંબાલાલ સાકરલાલ દેશાઇનું ભાષણ ધ્યાન ખેંચી રહ્યું છે. ખોરાક લેવામાં ઘી દૂધ મોંઘાં થવાથી કમી લેવાય તેથી, બાળલગ્નોથી, અને ફિકર ચિંતા વધવાથી આયુષ્ય અને આરોગ્ય અને શરીરબળ ઘટયાં કહેવાય છે. આથી કસરત તથા વૈદ્યક જ્ઞાન તરફ વધારે લક્ષ અપાવા માંડયું છે. સારો ખોરાક લઇ, આશા ભરેલાં અંતઃકરણો શુદ્ધ રાખી બ્રહ્મચર્યાદિ જાળવશે એટલે ભવિષ્યની પ્રજાની આયુષ્યવૃદ્ધિ સહેજે થશે.

લક્ષ્મી, વ્યાપાર, દેશી કારીગરી અર્થાત્ હુન્નર કળાનો આર્થિક પ્રશ્ન, તથા ખેતીવાડીના સુધારાના વિષયો વિદ્વજ્જનોમાં વધારે ચર્ચાય છે. ભણી ગણીને બધા પંડિતો થાય તથા નોકરીઓજ ખોળે તેથી દેશોન્નતિ થાય નહિ. બધાને નોકરી મળે પણ નહિ. વાસ્તે એવું એક ધાર્યું વળણ લે એવી કેળવણી દિવસે દિવસે ભારરૂપ થઈ પડે. જ્યાં સુધી ગણ્યા ગાંઠયા ભણનારા હતા ત્યાં સુધી એવી કેળવણી અને એવું સાહિત્ય કામનું હતું. પણ આખો દેશ એકજ માર્ગે વળી જાય તો તે માર્ગ સાંકડો થઈ પડી નકામો થઇ જાય. ઘણા વકીલો અને ઘણા ડાક્ટરો કે ઘણા ઇજનેરો પછી શી રીતે કમાય? ભાવનગરમાં

આર્થિક કમિટિ સ્થપાઇ સ્વદેશી હુન્નરકળા ખીલવવાની હીલચાલ થઇ છે. પણ આ નવી શુભેચ્છાઓને લગતું સાહિત્ય હજી ઘણું થોડું છે; તે હવે પછી વધશે.

જુના હાથના ઉદ્યોગોને બદલે પ્રેસો, મીલો, જીનીંગો, રેલવે, સ્ટીમરો, વીજળીક ટેલીગ્રાફી વગેરે દાખલ થયાં છે. તેથી એવી વિવિધ કળાઓનું સાહિત્ય ખીલવું જોઇએ. હુન્નર કારીગરી, વેપાર અને ખેતી વધીને નવી પ્રજાને ત્યાંથી સારી રોજી, સારૂં દ્રવ્ય મળે એવા ઉપયોગી સાહિત્યની હવે ચોતરફથી માગણી થવા લાગી છે. એટલે તે પુરી પાડવા સર્વ વિદ્વજ્જનો પ્રત્યે નમ્ર પ્રાર્થના છે.

જગદીશ્વર એવી પ્રાર્થના સફળ કરો. તથાસ્તુ.

ધી બૉમ્બે પ્રૉવિનશ્યલ બેંક લિમિટેડ.

મુંબઇ તા. ૨૨—૧૨—૧૩

મુરબ્બી સ્નેહી શ્રીયુત વલ્લભદાસભાઈ—

મુકામ **બોટાદ.**

આપનો નિબંધ અથથી ઇતિ સુધી વાંચી ગયો છઉં. વાંચીને બહુજ આનંદ થયો છે. આપની સોનેરી શબ્દ રચના ઉપરાંત બહોળા વાંચનની યાદદાસ્ત અને દેશદાઝની સ્ફુરણાઓ સાથે જ્ઞાનના પ્રવાહથી નિબંધનો ઉત્તમ પ્રકારની સંકળનાથી સ્તુતિપાત્ર રીતે તૈયાર કરેલો છે. અંદરના લેખો અને વીરરત્નોનાં કાર્યોની નોંધ મોતીની માળાઓમાંથી બિલિયાનની માફક ચમકારા કરતી માલૂમ પડે છે. મહુવાના તમારા સંબંધી મરહુમ પારેખ ભગવાનદાસ દુર્લભદાસને નાની વયમાં તેમની સાહિત્ય પ્રવૃત્તિ અને સ્વદેશ પ્રીતિને લઇ આ સાહિત્ય ભક્તોની ભક્ત માલિકાના મણકામાં ગુંથી લેવા સ્મરણમાં લાવશો એવી મારી ખાસ વિનંતિ છે.

ગુજરાતી ભાષામાં આ સૌરાષ્ટ્ર ચિન્તામણિ ગ્રંથ સૌરાષ્ટ્રના ગૌરવ સમાન ગણાશે એમ મારી ખાત્રી છે. આપ દીર્ઘાયુષ્ય ભોગવી નિર્દોષ સ્વદેશ પ્રેમી સાહિત્યની અહર્નિશ આમરણાંત સેવા કરો એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

તારદેવ આરથર રોડ
તા. સદર.

સ્નેહાધીન—

બાલુભાઇ કહાનદાસ મણીયાર
ભાવનગરવાળા.